
નિસર્ગપૂજા

ચિત્રકાર · રસિકલાલ પરીખ



આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું માસિક

કુમાર

તંત્રી · રવિશંકર રાવળ

કારતક ૧૯૯૦


અંક ૧૧૯ મો



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશના ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
સુરતના એજન્ટ: વનરાજ બ્રધર્સ: લીમડા ચોક: સુરત
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



અગ્નિયોગ

ચિત્રકાર · નિકોલસ રોરિશ

નિર્મોહ નિઃસંગ જીવનનો પરમ આદર્શ, જ્વલંત જ્વાળા સમો અમિત પ્રકાશમાન
રહે એવું ધ્યાનમગ્ન આ યોગીસ્વરૂપ શ્રી રોરિશની અપૂર્વ આધ્યાત્મિક કલ્પના છે.

કુમાર
આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક · કારતક · ઓગણીસ સો નેવું

વડ

· સ્રગ્ધરા ·

ઊંચી કો ટેકરીના શિખર પર શિખા શા ઊગી, સૃષ્ટિક્યારે
સૌથી ઊંચા ગણાવું ગમ્યું નહિ વડને, ગામને ગોંદરે કે
તીરે ઊગે તળાવે પસરી નિજ ઘટાઘેર ગંભીર, નમ્ર.
રોપી વજ્રે ઘડેલું અડગ થડ ધરામાં, ખૂંચી મૂળ ઊંડાં
વાધે ઊંચો જરી, કે અધિક થવું ઊંચા એ ન આદર્શ એને.
પોષ્યો જે ભૂમિમાતે નિજ હૃદય તણાં દૂધ મીઠાં પિવાડી
એને જૈ ભેટવાને ઢળી વડી વડવૈ, ફેલવાં ને ન ભૂલે
ડાળો, ટેટા, સુપર્ણો હસમુખ ગગને જે કૃપાવારિ વર્ષે.

પાયો ઊંડે જમાવી વધીવધી લળતા ને વડેરા જણાવા
રાખે હૈયે સ્પૃહા ના, અમર પુરુષ એવા અહીં કોક, જેનો
સૌજન્યે ધીર આત્મા ન લવ પણ કદી ઈશઐહ્શાન ભૂલે,
તો યે અસ્તિત્વ આખું જહીં થકી ઉપન્યા તે પ્રતિ જૈ ઝુકી રહે.
છાંયો ઢાળી, નિહાળી અવરજવર સૌ જીવની, રાચી રહેતા,
ઝંઝા ઝૂઝે, ન ધ્રૂજે ખખડધજ વડો એ કદી પુણ્યપર્ણો.

ઉમાશંકર જોષી

ગામના ગોંદરે કે તળાવને તીરે 'ઘટાઘેર ગંભીર' વડનું દર્શન કવિને નમ્રતાના પ્રતીક રૂપે થાય છે. એમને વિચાર આવે છે કે જો આ વડ કોઈ ઊંચી ટેકરીના શિખર પર ઊગ્યો હોત તો એ ટેકરીની કલગી જેવો ઊંચો અને ઉન્નત શોભી રહેત. પણ વડને એવી ઊંચાઈ મેળવવા કરતાં નમ્ર બનવાનું વધારે પસંદ પડ્યું. એટલે એ તો સપાટ (સામાન્ય) જમીન પર ઊગીને ઊંચો વધ્યો. એમ તો એ ઘણો યે ઊંચો વધી શક્યો હોત. પણ એનો આદર્શ તો જુદો જ હતો. એટલે જે ધરામાતાએ એને પોતાનાં અમૃતથી ઉછેર્યો એને ભેટવાને નીચા વળી એણે પોતાની વડવાઈઓ ફેલાવી. પણ માતૃપ્રેમના એ ઉત્સાહમાં જલ સીંચીસીંચી પોતાને પોષનાર આકાશને એ કેમ ભૂલે? એટલે એણે તો આકાશ તરફ પણ એનાં સુંદર પાંદડાં, ડાળીઓ ને ટેટા ફેલાવ્યાં. આમ જગત ને આદર્શ બંનેનો સમન્વય કરીને એની ગંભીર, વિશાળ ઘટા સુંદર છાંય ઢાળી અનેક જીવોના અવરજવરની સાક્ષી બની રહી.

અષ્ટકમાં આમ વક્તવ્યની પીઠિકા રચીને ષટ્કમાં વિચારવ્હેનને પલટો આપતાં કહે છે કે જગતના અમર મહાજનો પણ આ વડ જેવા જ નમ્ર અને ઉન્નત છે. આત્મવિકાસની ઉન્નતિ સાધવામાં, આ પુનિત પુરુષો જગત ક્ષુદ્ર છે એમ કહી એની ઉપેક્ષા કરવાનો દ્રોહ કરતા નથી, પણ સમાજમાં જ રહીને પોતાની પુણ્યપ્રવૃત્તિઓને એના ઉદ્ધાર અર્થે વેરી રહે છે, અને છતાં ઈશ્વરને પણ પળ વાર વિસરતા નથી. આમ પોતાના નિશ્ચયની અડગતામાં જીવન-વંટોળોમાં આ ધન્ય પુરુષો સુસ્થિર રહી શકે છે.

આ સૉનેટનું રૂપક ગંભીર અને સંકુલ હોવા છતાં વાણીની સરળતાને લીધે અર્થ-પ્રવાહ સુગમ્ય અને સંયોજિત બની શક્યો છે એ એનો ગુણ છે. —રા.શુ.



સામયિક ચિંતન

આત્મપ્રેરણા

તેનું બીજું નામ હૈયાઉકલત. એક વિદ્યાર્થી આગળ વધી જાય છે અને બીજો ખાડામાં ને ખાડામાં રહે છે તેનું કારણ શું? અશક્તિ તેનું કારણ નથી જ, પણ પોતાની મેળે ઉદ્યમે ચડવાની બુદ્ધિનો જ તેનામાં અભાવ હોય છે. જગતની કિંમતી વસ્તુઓ અને જ્ઞાન એવા પ્રયાસને જ આભારી છે. મનુષ્યજાતિનું વિવિધ પ્રકારનું કૌશલ્ય અને હિકમતો કોઇ ને કોઈ એકાદ માણસની સૂજને લીધે જ પ્રાપ્ત થયાં છે. નવાનવા મુલકો અને નવીનવી સામગ્રી કોઇકનું મગજ આગળ દોડીને શોધી શક્યું હતું

કોઇ આવીને કહે તે પહેલાં કામ કરી બતાવવાની શક્તિમાં હૈયાઉકલત રહેલી છે. પ્રથમ વિચારમાત્રથી હૈયાઉકલત ગણાય નહિ. વિચારો તો ઘણાયને આવે છે, પણ તે પર કામે લાગી જનારા થોડા. એના પાઠ કોઈ ચોપડીમાં લખ્યા નથી હોતા. એ તો દરેક જણે પોતાનામાં કેળવવી જોઇએ. આત્મપ્રેરણા દૃઢ ચારિત્ર્યનું મહત્ત્વનું તત્ત્વ છે.

ૐ

લૉર્ડ બેડન પૉવેલ સાઉથ આફ્રિકામાં પોતાનું ચોકીદાર સૈન્ય રચતા હતા તેમાં જોડાવાને તેમની પાસે આવેલાં માણસોમાં પ્રથમ પહેલાં માણસાઈ કેળવવાની જરૂરિયાત ઊભી થઇ. તે બધા મોટે ભાગે હાલનાં શહેરોમાંથી ખેંચાઇ આવ્યા હતા, અને દરેકને શહેરી આદતો એવી પડેલી કે રાત પડે એટલે ખૂબ હૂંફાળાં બિછાનાં જોઇએ અને બીજી દરેક બાબતમાં શહેરી સુધારાની સગવડો વગર ચાલે નહિ. બટન દાબીને દીવો કરાય ને મોટા મકાન પર લિફ્ટથી-જ જવાય એવા અપંગ તેઓ બની ગયા હતા. એમનામાં સમયસૂચકતા, ત્રેવડ કરી લેવાની બુદ્ધિ કે જરા ખમીખાવાની તાકાત નહોતી. આવા માણસોનું ચારિત્ર્ય ઘડવાને જ તેમને 'સ્કાઉટ' કર્તવ્ય ક્રમ યોજવો પડયો હતો.

આપણે સ્કાઉટ હોઇએ કે ન હોઇએ પણ ગમે તે પ્રસંગે માર્ગ કરી લેવાનો ગુણ કેળવવા યત્ન કરવો જોઇએ. હૈયાઉકલત કેળવવી હોય તો શું કામ કરવું અને કેવી રીતે કરવું તેનો અનુભવ લેવો જોઇએ. તે માટે કૌવત, આરોગ્ય અને ઉત્સાહ જોઇએ જ. આત્મપ્રેરણાવાળો જુવાન બુદ્ધિમંત કરતાં પણ વધારે ઝડપથી આગળ વધી શકે.

જે વિદ્યાર્થી બેઠોબેઠો જોયા કરે અને કોઇ આવીને બતાવે ત્યારે એ બતાવે એટલું જ કરીને બેસી રહે અને જરાય નવી દિશા તરફ જુએ નહિ તે પોતાના અભ્યાસમાં કે પછીના જીવનમાં આગળ વધી શકવાનો નથી. ધંધામાં, રાજકીય ક્ષેત્રોમાં અને અન્ય ખાતાંઓમાં જ્યાં જુઓ ત્યાં આવા કૈંક માણસો ભર્યા છે કે જેમને બતાવ્યા વિના કશું જ કરતાં આવડતું નથી. તેમનામાંથી કૌવત, આકાંક્ષા અને આત્મપ્રેરણા વાળો મોખરે નીકળે છે. કોઇના પગલેપગલે તમે તમારૂં જીવનબિંદુ સર નહિ કરી શકો. તમે તમારી જ કેડી પાડો અને ચાલો. તે સાથે બીજાના અનુભવો જોઇને જીવન સફલ કરવાના ગુણો પણ મેળવી શકશો.

તમારે કંઇકે કરવું હોય તો તમારા ઘરમાંથી જ શરૂ કરી શકો એમ છો. ઘરમાં નજર કરશો તો કેટલું યે કરવાનું પડયું હોય છે, તે પર નજર દોડાવી કંઇક કરી બતાવો. ભલેને તમને કોઈ કશું કરવાનું કહે કે નહિ, અથવા એવી આશા પણ રાખે નહિ. તોપણ ચાલાક વિદ્યાર્થી ધારે તો ઘરનું કેટલું ય ભાગ્યું-તૂટયું સમું કરી શકે, બજારમાં જઇ કરાવી લાવે. નિશાળમાં પણ શિક્ષક કહે એટલું જ વાંચી બેસી ન રહેતાં તમારા વિષયને લગતાં અનેક બીજાં પુસ્તકો, ચિત્રો, નકશા, વર્તમાનપત્રો જોઇ-વાંચી શકો છો. આનું નામ હૈયાઉકલત. તમારી ધાર્મિક ક્રિયાઓ, રિવાજો, ઘરના સંબંધો, બધામાં ધ્યાન આપી નિરીક્ષણ કરી તમે કંઇક સેવા, કંઇક કામ, કંઇક સુધારો બતાવી શકશો. દરેક માણસે મોડાવહેલા ઘર અને સમાજના કાર્યભારમાં ભાગીદાર બનવાનું જ છે અને તેને અંગે તમારી શક્તિઓને કસોટીમાં મૂકવાની

·પૃથ્વી·

કુમાર! સુકુમાર તું સરલ ભાવભીનો સખે!
કલાભરિત સર્વ એ, લલિત અંગ તારૂં બધું;
મુખે મઘમઘી રહ્યું, મધુર તેજ કૌમાર્યનું
અભેદ નિરખે દૃગો, બહુ ઉદાર તું તો સખે!!

ઉપજાતિ·

વિજ્ઞાન તું વિશ્વતણું કરાવે,
કુમાર! તારી પ્રતિભા અનેરી;
આનન્દનું નિર્ઝર તું વહાવે,
નવીન પ્રેરે મૃદુ પ્રેરણાઓ,

·માલિની

અમલ સુજનતાથી નીતરે તું કુમાર!
નિડર ભય-વિહોણું, ભવ્ય વ્યક્તિત્વ તારૂં;
સરસ સરસ ભાષા બોલતો સર્વ સાથે,
હૃદય હૃદય જોડી, સાધતો વિશ્વ-મૈત્રી.

·અનુષ્ટુપ·

અખંડ રહે જો તારૂં કૌમાર રસથી ભર્યું;
અભિનન્દું નવા વર્ષે, ઉરના અભિનન્દને.

'પરાગ'

ઘણી તકો તમારા રોજના જીવનમાં પુષ્કળ મળવી જોઇએ. કોઇ પણ માણસ ધારે તો અનેક પ્રસંગે પોતાની ઉપયોગિતા સિદ્ધ કરી શકે અને પોતાની દિલોજાની, ઉકલત અને ચારિત્ર્યની છાપ બેસાડી શકે.

આજકાલની દુનિયામાં નવાનવા ફેરફારો ને સાધનો એટલી ઝડપે બને છે કે બદલાતી પરિસ્થિતિમાંથી અને નવીનવી તકોમાંથી ચકોર અને ચપળ યુવક ઘણો લાભ ઉઠાવી શકે. પ્રસંગથી માણસ નભે છે એમ ન માનતાં માણસ પ્રસંગ જમાવી શકે છે એમ વિચારવું ઉચિત છે. પ્રસંગ જોઇ કામ કરી લે તે ખરો બહાદુર. અણધારી આફતો વખતે હૈયાઉકલતવાળો જ ધીરજ રાખી ગમે તે રીતે માર્ગ શોધી પાર નીકળે છે.

આગેવાની લેનાર નરમાત્રમાં આવી આત્મપ્રેરણા હોય છે. તેના વિના આગળ જવાય જ નહિ. તમારાથી ભૂલો થાય તો ગ્લાનિ પામતા નહિ. ભૂલ તો દરેક જણ કરે, પણ તેમાંથી ધડો મેળવી ફરી વાર તેવી ભૂલ ન થાય એવી સાવચેતી મેળવવી. અતિશય ઘમંડી કે વિશ્વાસુ ન બની જતા. તૈયારી ન કરી હોય અથવા પૂરૂં જ્ઞાન મેળવ્યું ન હોય તેવાને એ છાજે. તમારૂં કદમ બરોબર છે એટલી ખાત્રી કરીને આગળ વધજો.

ઇશ્વરી પ્રકાશ અને શક્તિ દરેક જણમાં વસેલાં છે જ. (બૉયઝ લાઇફ)

નેપથ્યમાંથી

અરે, મારી ભોળી શિશુક કવિતાને હજી નથી
મળ્યું તેનું સાચું ધ્રુવપદ, ભમે આજ અટુલી
સુગ્રંથ્યાં વિશ્વોમાં બસૂર સ્વરથી, કાવ્યઘડુલી
મહા સત્યાબ્ધિમાં સ્થિર તરણ અર્થે રહી મથી.

પોતાની 'કાવ્યમંગલા'ના પરિચય-શ્લોક તરીકે ઉપરની પંક્તિઓ મૂકીને એ પદ્યસંગ્રહ વિષેનું પોતાનું મંતવ્ય શ્રી સુન્દરમે યથાર્થપણે રજુ કર્યું છે. એમનાં કાવ્યોનો પરિચય તો 'કુમાર'ના વાચકોને બહુ આપવો પડે તેમ નથી; કેમકે, માત્ર લંબાઇ બાદ કરીએ તો, વિવિધતા અને સંખ્યા બંનેની દૃષ્ટિએ એમની પ્રકટ થએલી કૃતિઓનો મોટો ભાગ 'કુમાર'માં પ્રકાશન પામ્યો છે. અને એમનો પોતાનો પરિચય પણ હવે જનતાને ત્રણ સ્વરૂપે થઇ ગયો છે: નવા યુગના કાવ્યપ્રવાહમાં વિશિષ્ટ શૈલીનું પ્રબળ વહેણ વહેવડાવનાર 'સુન્દરમ્' તરીકે; ભોળા ભગતના ચાબખાની ઢબે પણ અનોખી, સ્વતંત્ર અને અસરકારક આખાબોલી કડવાશથી 'કડવી વાણી અને ગરીબોનાં ગીતો' ('પ્રસ્થાન' કાર્યાલય પ્રકાશિત)ના ગાનાર 'કોયા ભગત' તરીકે; અને એ બે જેનાં તખલ્લુસ છે તે મૂળ સત્યસ્વરૂપ ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર તરીકે.

ઉપરના એ શ્લોકમાં એમણે પોતાની ભોળી બાળક કવિતાને આ મહાન સત્યસાગરમાં સ્થિરપણે તરવાનો પ્રયત્ન કરતી નાની ઘડુલી રૂપે કલ્પી છે, તેમજ આ સુગ્રથિત વિશ્વના દિવ્ય સંગીત જોડે મેળ લેવા મથતી તથા બસૂરા (બાળક માટે) સૂર કાઢતી ભમતી પણ કહી છે; અને આ અનંત વિશ્વના અવિરત સંગીતની આગળ કાલાઘેલા એવા પોતાની કાવ્યવીણાના સૂરની અલ્પતા અનુભવતાં એ જણાવે છે કે એ વિરાટ વિશ્વચક્રને અનંત ગતિમાં સનાતન રાખનાર ઋતધામનના સાર્વભૌમ નિયમમાં હજી મારી કવિતાને એનું સાચું ધ્રુવપદ–નિશ્ચિત સ્થાન નથી મળ્યું.' એમ જણાવતાં નમ્રતા દાખવીને એમણે પોતાની કવિતાને બાળી-ભોળી કહી છે. એ બંને વિશેષણોમાં એમનાં કાવ્યોના ગુણ એમણે જાણ્યેઅજાણ્યે કહી દીધા છે. એમાં બાલસહજ સરળતા ને સ્વાભાવિકતા છે; અને ભોળા શિશુગણ અથવા ગ્રામજનમાં હોય એ પ્રકારની તળપદી વાણીનું જોમ અને primitive vigour છે. એમના શબ્દોનું ઔચિત્ય, વાણીની પ્રવાહિતતા અને સરળતાની ચોટ એ ત્રણેએ એમનાં કાવ્યો માટે ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન નક્કી કર્યું છે.

ૐ

છેલ્લા ત્રણ માસની 'નેપથ્ય' વિનાની 'કુમાર'ની રંગભૂમિ પર કેટલાંક સારાં કાવ્યો આવી ગયાં. તેમાં 'આષાઢ'ના અંકમાં ૨૯૩મે પાને લપાએલું એક નાનકડું કાવ્ય (સાવિત્રી) પણ ધ્યાન ખેંચ્યા વિનાનું રહી ગયું છે. શ્રી હરિશ્ચન્દ્ર ભટ્ટનાં કેટલાંક અનુવાદિત કાવ્યો 'પ્રસ્થાન'માં પ્રકાશ પામ્યાં છે; પણ 'કાવ્ય' અને 'અનુવાદ' એ બેનો મેળ મનમાં બેસતો આવતો નથી; તે કારણે એમને જે ખાનગી કહેવાનું હતું તે આ સ્વતંત્ર કૃતિ જોયા પછી જાહેરપણે કહેવાનું મન થાય છે કે આટલી શક્તિ હોવા છતાં તેઓ સ્વતંત્ર સર્જનથી કેમ ખંચાતા હશે? એ કાવ્યમાં આત્માને સાવિત્રીની ઉપમા આપીને 'પ્રચંડ કાલને રીઝાવવા મથતો' કલ્પ્યો છે. પહેલી ચાર લીટીમાં ઉપમાનું વર્ણન કર્યું છે. અને જેટલી સુંદર એ ઉપમાની પસંદગી છે તેટલી જ સુંદર રીતે છેલ્લી ચાર લીટીમાં એ ફલિત કરતાં કહે છે:

અંધાર ને દૂર ઊંડાણ મહીં ભમીને
શોધી રહે પગલી કાલની એમ આત્મા.

એવું જ નાનકડા ચમકદાર નંગ જેવું એક બીજું દસ લીટીનું કાવ્ય આસોના અંકમાં આવી ગયું: 'દર્શન'. એમાં પહેલાના જેટલું ગૌરવભર્યું રૂપક કે વિશદ આલોચન નથી, પણ એક નવતર કલ્પનાને છટાભરી બાનીમાં બહલાવી છે. તેજનાં દ્વાર પાછળ સૂર્યે જાણે વિશ્વસત્યો પૂરી દીધાં છે તે ઉઘાડાં પાડવા માટે રાત્રિ પૃથ્વી ઉપર ઊતરે છે.

અંધારની કામણ-કાંચળી કરી
આષાઢની સીસમ-વાંસળી ધરી
બે ગૂઢ આંખે ચિર સાધનાભરી

એવી જે ઇલ્મદેવી વિભાવરી ઊતરે છે એનું એ વર્ણન ભાઇ

પ્રેમશંકરનું લાક્ષણિક છે એમ એમના અગાઉના કાવ્ય (અચલ એક શરીરધારી)થી પરિચિત તરત કહી શકે.

卐

આધુનિક ખગોળશાસ્ત્રે આ વિશ્વની અનંતતાનો જે સ્પષ્ટ અને ચોક્કસ ખ્યાલ આપ્યો છે એનું 'બુદ્ધિને તૃપ્ત કરે, રસિકતાને આનંદ પમાડે અને ઔચિત્યને ધન્યતા અનુભવાવે એવું' અદ્‌ભુત રસિક વર્ણન કરીને વૈદિક તત્ત્વજ્ઞાન સમજાવવામા 'અઘમર્ષણ' લેખમાં કાકાસાહેબ કાલેલકરે તેનો ઉપયોગ કર્યો છે (આસો અંકમાં), તે જ રીતે એ ખગોળજ્ઞાનને કાવ્યોમાં પણ ઘટાવીને એનો બહુ યથાર્થ ઉપયોગ હમણાંહમણાં ઘણાએ કર્યો છે. 'કુમાર'માં આવી ગએલાં 'માગું આશિષ' અને 'શિશુ ડગ થકાં' કાવ્યોમાં શ્રી રામપ્રસાદ શુકલે પોતાનું વક્તવ્ય ફલિતાર્થ કરવામાં તેનો થોડો ટેકો જ લીધો છે, પણ ભાદરવાના 'કુમાર'માં પ્રકટ થએલા 'ઝાંખી' કાવ્યમાં તો તેનું વિસ્તારથી આલોચન કર્યું છે. એક બાજુ વિશ્વની એ અનંતતાના, તેમ બીજી બાજુ ભૌતિકશાસ્ત્રે ખુલ્લા મૂકેલા સૂક્ષ્મ પ્રદેશની અનંતતાના જ્ઞાનનો ઉપયોગ કરીને એ બે અનંત વિશ્વો વચ્ચેના માનવીના સ્થાનની યથોચિત 'ઝાંખી' કરાવી છે. એ વિશદ, સરળ કાવ્યનું ઘડતર પણ ધ્યાનમાં લેવા જેવું છે એના ત્રણ ખંડમાંનો પહેલા ચાર શ્લોકનો ખંડ 'દિક્‌કાલ'ની અનંત શ્રેણીનું વર્ણન કરે છે; બીજો ત્રણ શ્લોકનો ખંડ 'અણુની વિરાટતા' વર્ણવે છે અને ત્રીજા બે શ્લોકના ખંડમાં એમાંથી જ્ઞાન સાર્યું છે. જેટલી સંકુલતા અને લાઘવથી પહેલા બે ખંડમાં એ બે વિશ્વોનું આલોચન એમણે કર્યું છે એટલી જ વિશદતાથી એનો સારબોધ એમણે મનોગત કરાવ્યો છે; અને તેમ કરવામાં આત્મલક્ષી રહીને કાવ્યને અસરકારક બનાવ્યું છે.

卐

આસો અંકમાંના એ અઘમર્ષણ (એટલે પાપ ધોઈ કાઢવું તે) લેખની વચ્ચોવચ્ચ જ શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીનું 'પાપી' કાવ્ય ગોઠવ્યું છે તે ઈરાદાપૂર્વકની સૂચક ગોઠવણ છે એ તો સમજાય એવું છે. બંનેના અંતઃસાર વિભિન્ન હોવા છતાં વિષયો જેમ સરખા છે તેમ ભૂમિકાભાગ પણ મળતો આવે છે. કાકાસાહેબના લેખની રચના ખગોળવર્ણનના માળખા ઉપર છે; શ્રી કૃષ્ણલાલે પોતાના કાવ્યનું આમુખ બાંધવામાં પણ ખગોળનો જ ટેકો લીધો છે. કોટિકોટિ નિહારિકાથી વાતની શરૂઆત માંડીને, લોકગમ્ય વાણીમાં કરેલા પાંચ કડીના રેખાઉતાર વર્ણનને અંતે ગાંભા નામના નાનકડા ગામની કથા એ આરંભે છે. અને એ કથાનક પણ એમની લાક્ષણિક કૃતિ છે. 'કુમાર'ના વાચકોને સ્મરણ હશે કે છેલ્લાં ચાર વર્ષથી પ્રત્યેક આસો અંકમાં દીવાળી વખતે એમનું આ શૈલીનું એકએક કાવ્ય 'કુમાર'માં આવ્યા કર્યું છે. સૌ પહેલું ૧૯૮૫માં 'પૂજારી'; પછીને વર્ષે 'દેવ'; અને તે પછી ૧૯૮૭ના આસોમાં 'મંદિર'. એમ એ ત્રણ કાવ્યોની ત્રણ ફણાઓ કલ્પીને એમણે 'ધર્મત્રિશૂળ' રચ્યું છે. એવી જ લાક્ષણિક ઢબનું એમનું આ વેળાનું કાવ્ય-કથાનક 'પાપી' પણ એક વિશિષ્ટ શૈલીનો સુંદર નમૂનો છે. કાઠિયાવાડના કોઇ નાના ગામમાં દંતકથાના વહેણ પર વહ્યા આવતા કથાવસ્તુનું વાતાવરણ સુઘટિત રીતે જાળવતી સરળ, જોરદાર તળપદી બાનીમાં તે ઉતાર્યું છે.

卐

પુસ્તકો તો આપણે ઘણાં વાંચીએ છીએ. કેટલાંક માહિતીઓ પૂરતાં હોય છે, કેટલાંક મનરંજન માટે; કોઇકોઇનો સાર સારવી લઇ બીજું આપણે ભૂલી જઇએ છીએ; કેટલાંક સંસ્કારપોષણ માટે હોય છે; તો ક્વચિત્ કોઇ એવું હોય છે કે જે જીવનના ઘડતર ઉપર પોતાની કાયમી અસરનો આંક મૂકતું જાય છે. થોડાં વરસ પર એક એવું પુસ્તક હાથ આવેલું જેની આવી સર્વતોમુખી અસર જીવન પર રહી ગઇ છે. એનું નામ America, Give me a Chance! હોલૅંડનો એક ગરીબ છોકરો કિસ્મતનો મોકલ્યો અમેરિકાને આરે ઉતરીને આવી માનસિક ટેલ નાખે છે; અને આત્મપ્રેરણા (જેને આ જ અંકમાં બીજે સ્થળે હૈયાઉકલત કહી છે), ખંત, જિગીષા, અજેય આત્મબળ ને અદમ્ય ઉત્સાહ, તથા વિલક્ષણ પ્રતિભાને બળે જીવનના ચાર દાયકા વીતાવતાં વીતાવતાંમાં તો, એ દેશ પાસેથી માત્ર એક જ તકની ટેલ નાખનાર એ માનવી, અગ્રગણ્ય અમેરિકનોની હરોળમાં જઇ બેસે છે. એનું નામ એડવર્ડ બૉક. આ અંકમાં એનું ટૂંક ચરિત્ર આપ્યું છે.

卐

ચૈત્ર અંકમાં નેપથ્યમાંથી દર્શાવેલા અનુવાદ વિષેના વિચારો તથા શબ્દચર્ચામાં ઘણાએ રસ લીધો છે. એ વિષયમાં આવેલા પત્રોમાંના એકમાંથી કેટલોક ભાગ અહીં ઉતારવા જેવો છે:

'પરભાષામાંથી અનુવાદ થએલાં લખાણોમાં શબ્દો યોજવામાં ચીવટ નથી રખાતી એ ફરિયાદ કરી એ તો બરાબર છે. પરંતુ તંત્રીઓએ વધારે સખ્ત શા માટે ન થવું જોઇએ? ગુજરાતી અનુવાદની સાથે મૂળ લખાણ મંગાવી સરખાવી જોયા પછી જ છાપવું જોઇએ. પ્રાઉસ્ટનું અંગ્રેજીમાં ભાષાંતર કરનાર સ્કૉટ મોન્ક્રીફ માટે કહેવાય છે કે મૂળ ફ્રેંચ અને એના અનુવાદની કાપલીઓથી એનું ખીસું ભરેલું જ રહેતું, અને મિત્રો સાથે પોતાની મુશ્કેલીની ચર્ચા કરવા એ સદા તત્પર રહેતો. અરેબિયન નાઈટ્સ અને બોકૅશીઓની ડીકૅમૅરોનનું ભાષાંતર કરનાર જૉન પાઇન તથા મૉન્ટેઈનનું ભાષાંતર કરનાર ફ્લોરીઓ સાથે એની સરખામણી થાય છે. ગુજરાતી ભાષાંતર કરનારને બીજાની સૂચના લેવામાં શરમ લાગતી હશે?'

ગ્રાહક રહેવા-ન રહેવા વિષેનો આપનો નિર્ણય જણાવવા માટેના કાર્ડવાળી આ અંક સાથે જોડેલી પત્રિકા તરફ આપનું ધ્યાન ખેંચીએ છીએ.

એવી કોઇ અજીત અડચણ નથી જે મહત્ત્વાકાંક્ષાના માર્ગમાં કદી આડે આવી શકે

એમ કહેનાર તથા જીવી બતાવનાર અમેરિકન

એડવર્ડ બૉક



૧૮૭૦ના સપ્ટેમ્બરની ૨૦મી તારીખે ન્યૂ યૉર્કના બારામાં 'ક્વીન' નામની સ્ટીમરમાંથી એક બૉક નામનું ડચ કુટુંબ ઊતર્યું. મિ. બૉકની આર્થિક સ્થિતિ પહેલાં તો સારી હતી, પરંતુ ખાત્રી વિનાની ધીરધાર કરવાને લીધે તે ઘણી ખરાબ હાલતમાં આવી ગયો હતો. આથી પોતાની પત્ની અને બે બાળકો સહિત તે હૉલૅંડ છોડીને યુનાઇટેડ સ્ટેટ્સમાં આવ્યો હતો.

ન્યૂ યૉર્ક આવ્યા પછી થોડા જ દિવસમાં જ્યારે નાના છોકરા એડવર્ડ અને તેના મોટાભાઈ વિલિયમને બ્રૂકલિનની નિશાળે મોકલવામાં આવ્યા ત્યારે એડવર્ડ પૂરો સાત વર્ષનો પણ નહોતો. બંનેમાંથી એકે ભાઇને અંગ્રેજીનો આંકડો સરખો પણ આવડતો ન હોવાથી શરૂઆતમાં તેમને ખૂબ મુશ્કેલી નડી.

બીજા છોકરાઓ શું કહેતા તે આ છોકરા સમજી શકતા નહિ, તેમજ પોતે પણ તેમને કંઇપણ સમજાવી શકતા નહિ. આવી તેમની કફોડી સ્થિતિમાં તેઓ એકબીજાની હૂંફ પણ લઇ શકતા નહિ, કેમકે તે બંનેને તેમની વય પ્રમાણે જુદાજુદા વર્ગોમાં બેસાડ્યા હતા. આથી શાળાના સમય દરમ્યાન તેમને જુદા પડવું પડતું.

શાળાનો સમય પૂરો થયા પછી પણ કેટલાક તોફાની છોકરાઓ એકઠા થઇને અંગ્રેજી ભાષા ન સમજનારા આ નાના પરદેશી ભાઇઓને ચીડવતા. એડવર્ડનું ચીડામણું નામ 'ડચી' પાડયું હતું અને એને બીજા છોકરાઓ ઘણી રીતે હેરાન કરતા.

આ અન્યાય અને મશ્કરીનો જુલમ ખૂબ સહન કર્યા પછી અંતે એક વખત એડવર્ડ ગુસ્સાથી ખૂબ ઉશ્કેરાઇ ગયો ને એ ટુકડીના નાયક ઉપર તૂટી પડ્યો. એ ઝપાઝપીમાં સૌ છોકરાઓની અજાયબી વચ્ચે તેણે એ નાયકને એક સખત મુક્કો લમણામાં મારીને એવો તો ધૂળ ચાટતો કરી દીધો કે તે દિવસથી કોઇએ તેને છેડવાનું છોડી દીધું અને તેના સહાધ્યાયીઓને તેના માટે માન ઉત્પન્ન થયું.

આ પછી તેણે થોડા જ વખતમાં પૂરૂં ભાષાજ્ઞાન

અંગ્રેજીનો ઉચ્ચાર સરખો ન જાણનારો સાત વર્ષનો એક ગભરૂ ડચ છોકરો અમેરિકાને આરે પગ મૂકે છે;

તેરમે વર્ષે તે પોતાના ગરીબ કુટુંબના પોષણ માટે તનતોડ નોકરી ખેડે છે;

સોળમે વર્ષે અમેરિકાના પ્રમુખ જોડે તે ખાણું લે છે ને કવિ લૉંગફેલો સાથે નાટક જોવા જાય છે;

ઓગણીસમે વર્ષે તે એક પત્રનો તંત્રી થાય છે, એમર્સન અને આર.એલ. સ્ટિવન્સન જેવા ફીલસૂફ અને લેખક તેની સલાહ લે છે; કિપ્લિંગ જેવા સાહિત્યકારો પોતાની ઉત્તમોત્તમ કૃતિઓ તેને જોવા મોકલે છે;

અને પોતાની કારકીર્દિને અંતે દુનિયાભરના પત્રકારિત્વમાં ટોચે પહોંચે એવી વીસ લાખની ગ્રાહકીએ પોતાના માસિકને તે પહોંચાડે છે.

એ વેળા એ દુનિયાભરના તંત્રીઓમાં પહેલી હરોળમાં બેસનારો ને અગ્રણી અમેરિકન નાગરિક બને છે, અને પ્રેસિડેન્ટ વિલ્સન યુરોપી મહાયુદ્ધ પછીની શાંતિ પરિષદમાં જતાં પહેલાં એની જોડે મસલત કરે છે.

સંપાદન કરી લીધું, જોકે તે હજુ ઉચ્ચારો ડચ જ કરતો હતો. વળી તેણે આ નવતર દેશના રીતરિવાજોમાં પણ પ્રવીણતા મેળવી લીધી અને તેથી તેનો આત્મ-વિશ્વાસ વધ્યો.

પણ એડવર્ડના બાપને એ બધું મુશ્કેલ થઇ પડયું, કારણકે તેની ઉમર લગભગ ૪૦ થી ૫૦ વર્ષની થઇ ગઇ હતી અને તેને બધું જ નવું અને અજાણ્યું હતું. આથી તેને ઝાઝું કામ મળ્યું નહિ અને આ દુઃખની અસરથી તેની પત્નીની તંદુરસ્તીને ધક્કો પહોંચ્યો.

એડવર્ડે અને તેના મોટાભાઇએ પોતાની માને સહન કરવું પડતું કષ્ટ જોઇ લીધું અને તેમણે બંનેએ નિશ્ચય કર્યો કે ગમે તે ભોગે માને આ કામમાંથી રાહત આપવી. તેથી સવારમાં નિશાળે જતાં પહેલાં તેમણે બંનેએ ચૂલો સળગાવવાનું, સવારનો નાસ્તો તૈયાર કરવાનું તથા વાસણ સાફ કરવાનું કામ માથે લઇ લીધું. નિશાળેથી આવ્યા પછી પણ તેમણે રમવાને બદલે વાળીઝૂડીને ઘર સાફ કરવાનું ને વાળુ પછી વાસણ માંજવાનું શરૂ કર્યું.

એક સવારે એમને જણાયું કે ચૂલામાં બાળવાનાં લાકડાં કે કોલસા ઘરમાં નહોતાં. તેથી તેમણે દરરોજ સાંજે કોલસાવાળાની દુકાન પાસે વેરાએલા કોલસા વીણી લાવવાનું નક્કી કર્યું અને શેરીમાં પડેલા લાકડાના કકડાનો મોટો ભારો પણ તેમને મળવા લાગ્યો.

આમ વીણવા જવા માટે તેમની માએ ના પાડી, પણ એડવર્ડે કહ્યું: 'કંઇ નહિ મા! આ તો અમેરિકા છે, જ્યાં કોઇપણ માણસ ગમે તેવું હલકું પણ પ્રામાણિક કામ કરી શકે છે. જ્યાંસુધી આપણે ચોરીને લાવતા નથી ત્યાંસુધી શા માટે આપણે તેમ ન લાવવું?'

આ ઘરમાં પૈસાની બહુ જ તંગી હતી એટલે એડવર્ડે પોતે કોઇપણ રસ્તે પૈસા કમાઇ શકે એને માટે પ્રયત્ન કરવા માંડયા. એક દિવસ તે એક ભઠિયારાની દુકાનની બારી તરફ આતુરતાથી જોઇ રહ્યો હતો એવામાં ભઠિયારાએ તાજી જ બનાવેલી વસ્તુઓનો એક ખુમચો બારીમાં મૂકયો અને બહાર આવીને તે જોવા લાગ્યો.

'સુંદર લાગે છે, નહિ?' ભઠિયારાએ આ નાના ડચ છોકરા ઉપર નજર ઠેરવીને પૂછયું.

'બેશક, સુંદર તો લાગે છે;' એડવર્ડે કહ્યું: 'પણ જો તમારી બારી બરાબર સાફ હોય તો વધુ સુંદર લાગે.'

'ખરી વાત;' ભઠિયારાએ કહ્યું: 'તું એ કામ કરીશ?'

આમ એડવર્ડને તેનું પહેલવહેલું કામ મળ્યું. તેને એ બારી દર મંગળ અને શુક્રવારે સાફ કરવી પડતી અને એ બદલ તેને અઠવાડિયાના ૫૦ સેન્ટ મળતા.

એક દિવસ ભઠિયારો કંઇક કામમાં હતો તેથી એડવર્ડે એક ગ્રાહકને માલ બતાવ્યો. કોઇ દુકાનદારને છાજે એવી રીતે ગ્રાહક જોડે તેને વાત કરતો જોઈ ભઠિયારાએ એડવર્ડને રોજ તેના નિશાળના વખત પછી અને શનિવારે આખું બપોર દુકાને બેસવા કહ્યું અને આ બદલ તેનો પગાર અઠવાડિયાનો દોઢ ડૉલર ઠરાવ્યો. એડવર્ડે હોંશથી આ માગણી સ્વીકારી અને આ ખુશ-ખબર પોતાનાં માબાપને કહેવા ઘેર દોડયો. વધુમાં દર શનિવારે સવારમાં તેણે એક અઠવાડિક પત્રના ગ્રાહકોને તે પત્રની નકલ પહોંચાડવાનું માથે લીધું. તેનો પણ તેને એક ડૉલર અઠવાડિયાનો મળતો. આમ તેણે પોતાની અઠવાડિક આવક અઢી ડૉલર (સાડાસાત રૂપિયા) સુધીની કરી.

એક દિવસ સાંજે એડવર્ડને બ્રૂકલિનમાં એક મિજલસમાં જવાનું આમંત્રણ મળ્યું હતું. ત્યાં તેને એક તુક્કો ઉદ્ભવ્યો કે જે સ્ત્રીએ આ મિજલસ બોલાવી હતી તેને આ મિજલસનો હેવાલ છાપામાં છપાએલો જોવો ગમે એ સંભવિત છે. આથી તેણે એકદમ તેનો સંપૂર્ણ હેવાલ લખી નાખ્યો અને વળી તેમાં તેણે હાજર રહેલા દરેક છોકરા છોકરીનાં નામ પણ લખી નાખ્યાં અને 'બ્રૂકલિન ઇગલ' નામના છાપામાં તે મોકલી આપ્યો.

હેવાલનો આ નવો તુક્કો જોઇને તેનો તંત્રી એટલો તો ખુશ થઇ ગયો કે તેણે એડવર્ડને આ હેવાલ માટે એક કંડિકાના ત્રણ ડૉલર આપ્યા, અને ત્યારથી એડવર્ડે આવી મિજલસોની બારીકાઇથી નજર રાખવા માંડી. આમ તેણે વધારાના પૈસા મેળવવાનો નવો માર્ગ શોધી કાઢયો.

જે લોકો આવી મિજલસમાં હાજર હોય તેઓ પણ તેમનાં નામ છાપામાં આવેલાં જોઇ ખુશ થતા. અને અલબત્ત, આથી આ પત્રનો ફેલાવો પણ વધી ગયો. એડવર્ડને હજુ પૂરાં તેર વર્ષ પણ થયાં નહોતાં; તોપણ તે નિશાળમાં નિયમિત જતો, બાકીના વખત-માં ભઠિયારાની દુકાને કામ કરતો, શનિવારે સવારે અઠવાડિક પત્ર વહેંચવા જતો અને તે ઉપરાંત પત્રના

ખબરપત્રી તરીકે પણ કામ કરતો.

એક સાંજના એડવર્ડને ખબર પડી કે વેસ્ટર્ન યુનિયન ટેલિગ્રાફ કંપનીની ઑફિસમાં કામ કરવાને એક છોકરાની જગ્યા ખાલી છે અને તેનો પગાર અઠવાડિયાના સવા છ ડૉલર છે. એડવર્ડે તરત આ જગ્યા મેળવી અને આમ, ૧૩ વર્ષની કાચી ઉમરે તેણે દુનિયાદારીમાં ઝુકાવવા નિશાળને છેલ્લી સલામ કરી. એની મા તેની આટલી નાની ઉમરે નિશાળ છોડાવવાથી ખૂબ દુ:ખી થઇ, પણ કુટુંબની વિષમ સ્થિતિ હોવાને લીધે નિરૂપાયે તે તેમાં સંમત થઇ.

એડવર્ડે શરૂઆતથી જ કરકસરથી રહેવા માંડયું. પાંચ સેન્ટ પણ મેળવવાની તક તેણે કદી ગુમાવી નથી, અને તે પાંચ સેન્ટ મેળવ્યા પછી પણ તે પૈસાને ઉડાઉ રીતે વાપર્યા નથી. જે કોઇ જગ્યાએ તે ચાલીને જઇ શકતો ત્યાં તે મોટરના પૈસા કદી ખરચતો નહિ. આમ બચાવેલા પૈસામાંથી તે પોતાનું જ્ઞાન વધારવા પુસ્તકો લાવી શકતો અને પોતાને નાનપણથી નિશાળનો ત્યાગ કરવાનો જે અગત્યનો ગેરલાભ થયો હતો તેનો બદલો મેળવી લેતો.

લગભગ આ જ વખતમાં તેણે મોટામોટા માણસોના હસ્તાક્ષરો એકઠા કરવા માંડયા. તેણે પ્રેસિડેન્ટ ગારફીલ્ડ, લૉર્ડ ટેનિસન, વ્હીટીઅર, જનરલ શેરમૅન, વગેરે ઘણા નામાંકિત પુરુષોને પત્રો લખી તેમના હસ્તાક્ષરો મેળવ્યા. ઘણી વખત તો ઉત્તરમાં તેને નાના પણ માયાળુ પત્રો પણ મળતા.

અચાનક એક દિવસ એક પત્રના ખબરપત્રીએ આ પત્રો જોયા અને થોડા જ વખતમાં 'ન્યૂ યૉર્ક ટ્રિબ્યુન' નામના પત્રમાં આ નાના ડચ છોકરાએ, કરેલા હસ્તાક્ષરો અને પત્રોના પ્રશંસનીય સંગ્રહનો સંપૂર્ણ માહિતી સાથેનો લેખ છપાયો.

કેટલાંક અગ્રગણ્ય માસિકો અને પત્રોના તંત્રીઓએ એડવર્ડને તેનાથી બની શકે એટલા પ્રખ્યાત માણસોના વ્યક્તિગત સમાગમમાં આવવાનું સૂચન કર્યું અને તેના અનુભવોની એક ટૂંકી નોંધ લખવા કહ્યું. આમ પ્રોત્સાહન મેળવીને એડવર્ડે પ્રેસિડેન્ટ ગારફીલ્ડ, જનરલ ગ્રાન્ટ, જનરલ શેરમૅન, પ્રેસિડેન્ટ હાઇસ, શ્રીમતી ઍબ્રાહમ લિંકન, ઑલિવર વેન્ડેલ હોમ્સ, કવિ લૉંગફેલો, ફિલિપ બ્રુક, એમર્સન ને બીજા ઘણા વિખ્યાત નરોની મુલાકાત લીધી. આ દરેક મુલાકાત વેળા આ યુવાન નવું જાણવાની તત્પરતા અને નમ્ર વર્તણૂકને લીધે ધારી અસર ઉપજાવી શકયો અને દરેક જગ્યાએ સરખા પ્રેમથી તેનું સ્વાગત થયું.

એડવર્ડના અઢારમા વર્ષે તેના પિતા મૃત્યુ પામ્યા અને તેમની પાછળ બચત તરીકે તેણે ઉતરાવેલા વીમાની જૂજ રકમમાંથી માંડમાંડ તેમની દફનક્રિયાનો ખર્ચ નીકળ્યો. આથી આ બે ભાઇઓની સામે, તેમની નજીવી આવકમાંથી કુટુંબનું ભરણપોષણ કરવાનો વિકટ પ્રશ્ન ખડો થયો. તોપણ છોકરાઓ હિંમતથી માતાને સુખસગવડમાં રાખવાનો યત્ન કરવા લાગ્યા.

આ વખતે એડવર્ડ બ્રૂકલિનના પ્લીમાઉથ ચર્ચ કે જ્યાં મહાન હેન્રી વૉર્ડબીચર મુખ્ય અધિષ્ઠાતા હતા તેનો સભાસદ હતો. આ ચર્ચના જુવાન વર્ગે એક માસિક બહાર પાડવાનું નક્કી કર્યું અને એડવર્ડને તેનો તંત્રી થવા કહ્યું. આ કામ તેણે ઘણી જ ફતેહમંદીથી પાર પાડયું અને થોડા જ વખતમાં તેણે લોકોનું ધ્યાન આ માસિક તરફ આકર્ષ્યું.

શરૂઆતમાં તો 'બ્રૂકલિન મૅગેઝીન' નામના આ નાના પ્રકાશનનો ફેલાવો ખૂબ ઓછો હતો અને એડવર્ડ તથા બીજો એક છોકરો મળીને જાતે જ એ માસિકને ટપાલમાં રવાના કરતા. પણ જેમજેમ ફેલાવો વધતો ગયો તેમતેમ આ થોકડીઓને લઇ જવાનો ભાર પણ વધતો ગયો; અને પહેલાં જે માત્ર એક રેંકડીમાં લઇ જવાતો તેને પાછળથી તો બે ઘોડાના ખટારામાં લઇ જતાં પણ તેના ત્રણ ફેરા કરવા પડતા.

આ બધા સમય દરમ્યાન દિવસે તો એડવર્ડ યુનિયન ટેલિગ્રાફ કંપનીમાં કામ કરતો જ. અને આ પત્રના તંત્રીનું તેમજ વ્યવસ્થાનું કામ રાત્રે કરતો. પણ બોજો બહુ વધી જતાં ૧૮૮૨માં ૧૯ વર્ષની ઉમરે તેણે નોકરીને તિલાંજલિ આપી અને પોતાનો બધો સમય આ માસિકની વ્યવસ્થા કરવામાં ગાળતો. હવેથી આ માસિક 'ધી અમેરિકન મૅગેઝીન' નામથી ઓળખાતું અને એક અગત્યના પ્રકાશન તરીકે જનતાનાં સ્થાન પામતું.

૧૮૮૪માં એડવર્ડને હજુ ૨૧મું વર્ષ તો બેઠું પણ નહોતું તેવામાં જ એક 'ચાર્લ્સ સ્ક્રિબ્નર ઍન્ડ સન્સ' નામની પ્રસિદ્ધ પ્રકાશન સંસ્થાએ તેને પોતાની કંપનીમાં નોકરીએ રાખવાની માગણી કરી. અઠવાડિયાના

અઢાર ડૉલર પગાર નક્કી થયો. એ વખતમાં તો આટલા નાના જુવાન માટે એ ઘણો વધારે પગાર ગણાતો. તેણે પણ પોતાની સાહસિક વૃત્તિ અને કામ કરવાની શક્તિથી બધાને આશ્ચર્ય પમાડચા.

તેના શરીરમાં એકકે હરામ હાડકું નહોતું. કામ કરવા માટે તે હમેશાં તત્પર જ રહેતો, અને તેથી જ તે હમેશાં સફળ થતો.

તેણે જોયું કે જો કોઇ જુવાન માણસ કામ કરવાનો ઉત્સાહ રાખે અને તે તનતોડીને મહેનત કરે તો વિજય-નાં દ્વાર તેને માટે અચૂક ખુલ્લાં છે. તેમાં કદી ભરતી થતી જ નથી. તેણે એ પણ જોયું કે કેટલા યે જુવાનો એવા હતા જેઓ સહેજ પણ પુરુષાર્થ કરતા નહોતા. તેઓ આખો વખત ફક્ત ઘાડયાળ સામું જોયા કરતા અને બીતા કે રખેને તેમના પગાર કરતાં તેઓ એક મિનિટ પણ વધારે કામ કરી નાખે.

બપોરના નાસ્તા વખતે એડવર્ડ પોતાની આજુ-બાજુના બીજા માણસોની વાતો ધ્યાનપૂર્વક સાંભળતો અને બારીક નિરીક્ષણ એવું કરતો કે ભાગ્યે જ કોઇ યુવાને કદી પણ પગાર અને બીજા બહારના ફાયદા જોવા સિવાયના એવા વિચારો ધરાવ્યા હશે.

એડવર્ડનો કામ વિષેનો અભિપ્રાય જુદો જ હતો. તે દિવસની મિનિટેમિનિટ માટે તનતોડીને કામ કરતો અને પોતાની પાસેથી રખાતી આશાના પ્રમાણમાં કંઇક વધારે પણ કરતો. જ્યારે બીજાઓ આનંદ કરતા ત્યારે પોતાને આનંદ કરવાનો સમય આવવાનો હજી બાકી છે એમ ખાત્રીથી માનીને સખત કામ કર્યે રાખતો.

જીવનમાં તેને ઘણી મુશ્કેલીઓ નડી, પણ તે બધી ઉપર તેણે સ્મિત કરી વિજય મેળવ્યો. તેને ટીખળ કરવાં ઘણાં જ ગમતાં. પોતાના મિત્રો જેટલાં જ ટીખળ તે કરી શકતો, પરંતુ તેને લાગ્યું કે માણસોનો વખત આવી નજીવી બાબતોમાં બગાડવો જોઇએ નહિ.

અંતે ૧૮૮૯માં જ્યારે હજુ તો તે ૨૬ વર્ષનો ઉછરતો જુવાન હતો એ સમયે તેને તેના ભાવિ જીવન સાફલ્યના સાધનરૂપ લેઇડીઝ હોમ જર્નલ' નામના માસિકનું અધિપતિપદ સ્વીકારવાનું આમંત્રણ મળ્યું અને તે ફિલાડેલ્ફીઆ ગયો.

જ્યારે તેણે આ પત્રની વ્યવસ્થા કરવાનું માથે લીધું ત્યારે તેનો ફેલાવો ચાર લાખ ને ચાળીસ હજાર નકલનો હતો અને તે ખૂબ પ્રખ્યાત હતું. પરંતુ બૉકના સમર્થ તંત્રીપદ નીચે તે અમેરિકામાં તો નહિ બલ્કે આખી દુનિયામાં એ વખતનું સૌથી મોભાદાર માસિક બન્યું. એડવર્ડ બૉકે તેના અધિપતિ તરીકે લાગટ ત્રીસ વર્ષ સુધી કામ કર્યું, અને તેના વહીવટ નીચે, અને મોટે ભાગે તો તેની વિચક્ષણ બુદ્ધિ તથા સખત મહેનતથી આ પત્રનો ફેલાવો ઉત્તરોત્તર વધતો જ ગયો. તે એટલે સુધી કે જ્યારે તેણે ૧૯૧૯માં એનું તંત્રીપદ છોડયું ત્યારે તેનો ફેલાવો વીસ લાખ કરતાં પણ વધારે નકલનો હતો.

એક ખુશનુમા સાંજે બૉક અને અમેરિકાના તે વખતના પ્રમુખ રૂઝવેલ્ટ વાતો કરતા બેઠા હતા એવામાં પ્રમુખે કહ્યું: 'મિ. બૉક, લોકો ઉપરનો તમારો કાબુ જોઇને મને ખરેખર તમારી ઇર્ષ્યા આવે છે.' આ ઉપરથી જ જોઇ શકાશે કે એક નાના ડચ બાળકે એવડા આખા દેશ ઉપર તેમજ સારા જગતમાં કેવી સદ્ધર પ્રતિષ્ઠા મેળવી હતી.

એ પત્રના તંત્રીસ્થાનેથી બૉકે કેટલાંક એવાં મહા-ભારત કામો કર્યાં કે જેથી એ યુનાઇટેડ સ્ટેટ્સનો અગ્રણી અને ઉપયોગી નાગરિક બન્યો. તેણે પોતાના પત્રના નવા ગ્રાહકો મેળવી આપનાર માટે ઇનામો કાઢયાં બાળપણમાં પોતાને વિદ્યાભ્યાસ કરવામાં તથા આગળ વધવા માટે સાધનોની તંગી પડેલી તે સંભારીને જેઓ વધારેમાં વધારે ગ્રાહકો મેળવી આપવામાં સફળ નીવડે તેમને શિષ્યવૃત્તિ (સ્કૉલરશિપ) આપવાની એક સાદી યોજના તેણે ઘડી કાઢી. આ યોજના એટલી તો ફતેહમંદ થઇ કે લગભગ પ્રત્યેક વિખ્યાત વિદ્યાપીઠે તેનો લાભ લીધો અને ૧૯૧૯ની આખર સુધીમાં તો ૧૪૫૩ શિષ્યવૃત્તિઓ અપાઈ. આ યોજનાથી ઘણાએ સહે-લાઇથી શિક્ષણ મેળવ્યું અને તેમાંના કેટલાક તો પાછળથી દેશના વેપાર અને ઉદ્યોગમાં અગત્યનું સ્થાન ધરાવતા નરો થયા.

એડવર્ડ બૉકને તેના જન્મસ્થાન હોલૅંડમાં અમે-રિકાના એલચી તરીકે જવાનું બે વખત કહેવામાં આવ્યું હતું અને જે જન્મભૂમિ બાલ્યાવસ્થાથી જ ગરીબાઇને લીધે તેને તજવી પડી હતી ત્યાં જ એક ઊંચા દરજ્જા ઉપર તે નીમાયો પણ હોત પણ તેણે

[અનુસંધાન આગળ પાન ૪૩૨મે]



'હું ધારું તો આને એક હા પર ઊચકી શકું.' ઇદનમલે હાથમાંની સુટકેસ ઉછાળતાં કહ્યું.

આખી નિશાળ આજે ઊંઘમાંથી જાગ્રત થઇ હોય તેમ ગાજી ઊઠી હતી. પરીક્ષા પછીની એક મહિનાની રજા આજે પૂરી થતી હતી. અને બહારગામ ગએલા વિદ્યાર્થીઓનાં ટોળાં તેમના સામાન સાથે આવતાં દેખાતાં હતાં. નિશાળના મુખ્ય સિપાઇ વિઠુની આજે કમબખ્તી હતી. સવારના સાત વાગ્યાથી વિદ્યાર્થીઓના સામાનની લેવડદેવડ કરતાં, દસ વાગ્યા સુધીમાં તો તે તદ્દન થાકી ગયો હતો. તેના હાથ નીચેના નવા રાખેલા માણસોને જુદાજુદા વિદ્યાર્થીઓની જગ્યા બતાવતાં તેને છેક કંટાળો આવ્યો હતો. દસ વાગ્યા હોવાથી. જે કોઇ આવનારા હશે તે અરધાએક કલાકમાં તો આવી જશે, એમ આશા રાખી તે નિશાળના દરવાજા આગળ ઊભો હતો. જે રસ્તેથી મોટરબસ આવતી તે તરફ તેની આંખો આતુરતાથી જોતી હતી. એવામાં તેની આંખો સતેજ થઇ. એક બસ આવતી હતી.

સ્વતંત્ર વિચારના આધુનિક વિદ્યાર્થીઓની હડફેટે ચડેલો જૂની મનોદશાવાળો

નવો સુપરિન્ટેન્ડેન્ટ

તે આવીને દરવાજા આગળ ઊભી. શૉફર પાસે બેઠેલો એક ઊંચો, ગોરો છોકરો પહેલો ઊતર્યો. 'સાહેબજી, વિઠુ! બધા કેમ છે?'

'બધા સારા પેઠે છે! તુમચા સામાન કાય આહે, ઇદનમલ શેઠ?' વિઠુએ તે વિદ્યાર્થીને માનપૂર્વક પૂછ્યું.

'મારો તો બહુ થોડો સામાન છે; આ એક સુટકેસ, બિસ્તરો ને પેલું રૅકેટ. તે નહિ, પેલું પ્રેસમાં રાખેલું છે તે!' ઇદનમલે વિઠુને પોતાનો સામાન બતાવ્યો. વિઠુએ તે ચાલાકીથી ઉતાર્યો ને હાથમાં ઊચકી લીધો.

'રહેવા દે, વિઠુ, હું જ ઊચકીને લઇ જઇશ. જો, બસમાં કોઇક છોકરાં આવ્યાં છે તેને મદદ કર. મારી રૂમ કઇ છે? તે ને તે જ કે બીજી?' વિઠુ નિશાળનો મુખ્ય પટાવાળો હતો એટલું જ નહિ, પણ 'મેજર ડોમો' હતો. ડૉર્મિટરીને લગતી બધી માહિતી તેની જીભને ટેરવે હતી.

'નહિ, તમને નવા રૂમ આપવામાં આવી છે. નવા બંગલા મધે ત્રીજા રૂમ!' વિઠુએ નાના વિદ્યાર્થીઓનો સામાન ઉતારતાં ઇદનમલને માહિતી આપી.

'અચ્છા, હું શોધી લઇશ!' ઇદનમલે કહ્યું અને વિઠુને બાળકોની સંભાળમાં રાખી, તે એક હાથમાં સુટકેસ ને રૅકેટ, અને બીજા હાથમાં બિસ્તરો લઇ નિશાળમાં ચાલ્યો.

તે થોડાંક પગલાં ચાલ્યો હશે, એટલામાં તેને સામે એક વિદ્યાર્થી મળ્યો. તેણે ચુસ્ત પાયજામો અને પહેરણ પહેર્યાં હતાં. સુંદર વાંકડિયા વાળમાં સેંથો પાડી તેના ઘઉંવર્ણા લંબગોળ દેખાવડા મોઢાની સુંદરતામાં તેણે વધારો કર્યો હતો.

'હેલો, બલવંત!' ઇદનમલે બૂમ પાડી.

'કોણ, ઇદનમલ? તું આવ્યો? સારૂં થયું!' બલવંતે જવાબ આપ્યો. તેના શબ્દોમાં મરાઠી ઉચ્ચાર સ્પષ્ટ જણાઇ આવતો હતો.

'કેમ? ચાલ, મારો બિસ્તરો ઊચકી લે, અને

જો તને મારો રૂમ ખબર હોય તો તે બતાવ.' ઇદનમલે બિસ્તરો બલવંતના હાથમાં આપતાં કહ્યું.

'મારો રૂમ તારી પાસે જ છે. આપણે હવે મૅટ્રિકમાં આવ્યા એટલે પ્રિન્સિપાલે આપણી કદર કરીને નવા બંગલામાં આપણને રૂમ આપી છે!'

બંને જણા આગળ ચાલ્યા. થોડેક દૂર જતાં ઇદનમલે પૂછ્યું, 'તું ક્યારે આવ્યો?'

'હું આવ્યો પહેલી બસમાં. મારી ટ્રેન તો વહેલી–છેક સવારના ચાર વાગ્યે આવે છે, એટલે હું આઠ વાગ્યામાં તો અહીં ગોઠવાઇ ગયો. હમણાં જ નાહીને ફરવા નીકળ્યો.' બલવંતે પોતાનો ટૂંકો ઇતિહાસ કહ્યો.

'આ કોણ છે?' રહેવાના બંગલાની છેક નજીક આવતાં એક માણસ પસાર થતાં ઇદનમલે બલવંતને પૂછ્યું. તે માણસ લગભગ પાંચ ફૂટ ઊંચો, પાતળો ને સહેજ કાળો હતો. તેના ગાલમાં ખાડા પડ્યા હતા અને હાડકાં દેખાઈ આવતાં હતાં. તેણે ચારે છેડે ધોતીઉં ને ખમીસ પહેર્યું હતું. પગમાં દક્ષિણી જોડા હતા.

'મને ખબર નથી; પણ દેખાવ પરથી તો કોઇ શિક્ષક હોય એવું લાગે છે, કારણકે તેની ઉમર નહિ નહિ તો યે છવ્વીસ સત્તાવીસની હશે.' બલવંતે અનુમાન બાંધ્યું.

'આવા માણસોની શિક્ષક તરીકે પસંદગી શી રીતે થતી હશે? હું ધારું તો આને એક હાથ પર ઊચકી શકું!' ઇદનમલે એક હાથમાં પકડેલા સુટકેસને ઉછાળતાં કહ્યું.

'શરીર અને જ્ઞાન સાથે રહેતાં નથી.' બલવંતે સૂત્ર ઉચ્ચાર્યું અને હસ્યો.

'તેથી જ આપણે હજી હવે મૅટ્રિકે પહોંચ્યા. નહિ તો ક્યારના ય બી.એ. થઇ ગયા હોત!' ઇદનમલે કહ્યું. 'ને નોકરીની શોધમાં રખડતા હોત!' પછી ઉમેર્યું.

'આ નવા અજ્ઞાત માસ્તરના જેવું શરીર લઇને!' બલવંતે પૂરું કર્યું. બંને જણા હસ્યા. બેફિકર આત્માઓ માટે હાસ્ય ઘણું સુલભ છે.

આખરે તેઓ ઇદનમલને આપવામાં આવેલી ઓરડી આગળ આવી પહોંચ્યા. ઓરડીમાં એક ખૂણામાં ટેબલ, તેના ઉપર ચોપડીઓ મૂકવાની અભરાઈ, પાસે ખુરશી અને એક બીજા ખૂણામાં લોખંડનો પલંગ હતો. બલવંતે પલંગ ઉપર બિસ્તરો નાખ્યો. ઇદનમલે એક ખૂણામાં સુટકેસ નાખ્યું ને ટેબલ ઉપર રૅકેટ મૂક્યું.

'સરસ કોટડીઓ બનાવી છે!' ઇદનમલે પ્રશંસા કરી. જ્યારે નિશાળમાં મહિના ઉપર રજા પડી ત્યારે આ બંગલો બંધાઇને તૈયાર થયો નહોતો. તેમાં છેલ્લી ટાપટીપ થતી હતી. ફર્નિચર પણ રજામાં જ ગોઠવાયું.

'કોટડી પરથી મને એક બીજી વાત યાદ આવી.' ઇદનમલે પલંગ ઉપર બિસ્તરો છોડતાં કહ્યું; 'તને ખબર છે કે કરાંચીમાં કેવી ધમાલ ચાલી રહી છે? બારે પહોર ને બત્રીસે ઘડી "નિમકકા કાયદા તોડ દીઆ" ની જ બૂમો સંભળાય. મારું તો એવું મન થઇ ગયું હતું! જો પપ્પાજીએ શરૂઆતથી જ વચન ન લઇ મૂક્યું હોત તો હું અત્યારે કોણ જાણે કેવી કોટડીમાં હોત!' ઇદનમલ ગંભીર થતાં બોલ્યો.

થોડો વખત બંને જણ આ વિષયની ગંભીરતામાં ડૂબી જઇ ચૂપ રહ્યા. ૧૯૩૦ ની સાલના એપ્રિલની આખર તારીખોના બનાવો યાદ આવતાં હજુ યે ઘણાનાં રોમાંચ ખડાં થાય છે. તે વખતે તો આ બનાવો એટલા અસંભવિત અને અકલ્પ્ય ગણાતા હતા કે તેની વાત નીકળતાં જ સર્વ ગંભીરતા પકડતા. તેના ઉપર લાંબું વિવેચન કરવું, એ ટીખળપણાની અવધિ લેખાતી.

ઇદનમલ કરાંચીના એક શેઠીઆનો છોકરો હતો. તેની ઉમર લગભગ સત્તર વર્ષની હતી, પરંતુ એ સત્તર વર્ષમાં તેણે વ્યાયામ અને રમતગમતોને લીધે પોતાના શરીરને અચ્છું કેળવ્યું હતું. તે લગભગ પાંચ ફૂટ છ ઇંચ ઊંચો અને સુદૃઢ બાંધાનો હતો. નિશાળની ક્રિકેટ અને હૉકી ટીમનો તે કૅપ્ટન હતો. ટેનીસમાં તે શહેરની બધી નિશાળોમાં ચૅમ્પીઅન હતો. ડબલ્સમાં તેની અને બલવંતની જોડી ગયે વર્ષે યુરોપીયન બૉયઝ સ્કૂલની જોડીને હરાવવા સમર્થ થઇ હતી. આ સિવાય તેને બીજા કશામાં રસ નહોતો. તે ભણતો, અભ્યાસ કરતો, વાંચતો, પરંતુ તે પોતાના 'પપ્પાજી'ને સમજાવવા અને આ નિશાળમાં વધારે વખત રહેવા દેવા પૂરતું જ. પરીક્ષા આવે ત્યારે તે રાતોના ઉજાગરા કરી પાસ થઇ શકતો. આ ઉપરાંત કપડાંની બાબતમાં નિશાળનો 'ડૅન્ડી' ગણાતો. ફ્લાનલની ક્રીસ તૂટ્યા વિનાની પાટલૂન, ફ્લાનલનું ખમીસ અને બ્લેઝર પહેરી દૃઢ પગલાં ભરતો તે જ્યારે એનાં ચૅમ્પીઅનશીપનાં ઇનામો લેવા જતો ત્યારે તેના પોષાક અને છટાભરી ચાલ પર બીજા વિદ્યાર્થીઓને અદેખાઇ આવતી.

બલવંત ખડતલ હતો. કપડાં પહેરવામાં તે ઇદનમલ જેટલી ચોકસાઇ રાખતો નહોતો. અલબત્ત, જાહેર સમારંભો વખતે તે કૈં ઓછો આકર્ષક નહોતો લાગતો, પરંતુ તે આકર્ષણ પેદા કરવામાં મુખ્ય ભાગે તેની બેફિકરાઇ હતી. તે મરાઠો હતો અને તે માનતો કે શિવાજીનું લોહી તેની નસમાં વહે છે. 'જીન ઘર, જીન તખ્ત' એ શિવાજીનું સૂત્ર પાળવા તે પ્રયત્ન કરતો હતો. આવી બેફિકરાઇ હોવા છતાં તેનું શરીર સ્નાયુબદ્ધ અને કદાવર હતું. ઇદનમલ તેની સરખામણીમાં નાજુક લાગતો. ભણવામાં બલવંત ઇદનમલની કોટિનો જ હતો. વળી તેને વધારે બેફિકર રહેવાનું કારણ એ હતું કે તેને માબાપ હતાં નહિ. સરકાર તેની મિલ્કત સાચવતી, એટલે અભ્યાસને લગતા પ્રશ્નો પૂછનાર પણ તેના માથા ઉપર કોઇ નહોતું. મૅટ્રિક સુધી ફતેહમંદીથી આવી શકવાનું કારણ એક જ હતું કે તે દરેક શિક્ષકનો માનીતો હતો. પરીક્ષા પાસે આવતાં તે શિક્ષકો પાસે જઇ 'ટિપ્સ' લઇ આવતો અને તે ગોખી મારતો. જો તેમ છતાં યે ઓછા માર્ક આવે તો શિક્ષકો તેના ઉપર મહેરબાની રાખી તેને પાસ માર્ક આપતા.

થોડા વખતમાં ઇદનમલે બિસ્તરાને છોડી, પલંગ પર પથારી પાથરી ને અંદરની બીજી વસ્તુઓ ટેબલ ઉપર ખડકી દીધી હતી. 'ઓહો, અગિયાર વાગ્યા!' ઇદનમલે પોતાના હાથની ઘડિયાળ જોતાં કહ્યું. 'આજે કૈં જમવાનું મળે તેમ છે કે નહિ? અલબત્ત, ક્લાસ તો આજે ચાલવાના જ નથી. પણ તેથી ભૂખે મારવાનું વેર તો કોઇ નહિ જ લે!' ઇદનમલે કહ્યું.

'ચાલ તપાસ કરીએ. સાડા દસે જમાડવાને બદલે અગિયાર વાગતાં સુધી ભૂખે રાખ્યા તે માટે આપણે સખત પગલાં લેવાં જોઇશે.' બલવંતે કહ્યું.

'હા, રસોડા તરફ!' ઇદનમલે ઉમેર્યું અને બંને જણ ઓરડીને આગળો લગાવી બહાર નીકળ્યા.

'હેલ્લો ઇદનમલ! હેલ્લો બલવંત! શી ખબર? ક્યારે આવ્યા? હું તો હમણાં જ ઓરડી ગોઠવી પરવાર્યો! આ રૂમ. નં. ૩ તારી, ઇદનમલ? ને તારી બલવંત? મને તો આ બીજા નંબરની ઓરડી આપી છે, અને પહેલા નંબરમાં આ બંગલાનો સુપરિન્ટેન્ડેન્ટ કોઇ ચિટનિસ કરીને નવો માસ્તર આવ્યો છે તે રહેશે, એટલે મારી તો કમબખ્તી જ છે. મોટેથી વંચાશે પણ નહિ. તમે ક્યાં જાઓ છો?'

'રમેશ, આ વખતે વક્તૃત્વકલાનું પહેલું ઇનામ હમેશની માફક તારૂં જ સમજી લેજે. હજુ પક્ષપરંપરા અને ઉત્તર પરંપરાભર્યું તારૂં વાક્ચાતુર્ય તેં ગુમાવ્યું નથી.' બલવંતે ટકોર કરતાં કહ્યું.

'ચાલ, મશ્કરી રહેવા દે, બલવંત; માહિતી એકઠી કર.' રમેશે કહ્યું: 'આપણે આપણા શત્રુની બધી બાજી જાણી લેવી જોઇએ તે ભૂલવું નહિ. આપણો હાલનો શત્રુ એટલે સુપરિન્ટેન્ડેન્ટ. નવો છે, એટલે એટલા પ્રમાણમાં શત્રુતા વધારે. તને કૈં તેની ખબર પડી?'

'ના. તને કોણે આ વાત કહી?'

'વિઠુએ. તેણે જે વાત કહી તેના ઉપરથી બહુ ભય રાખવા જેવું નથી, કારણકે વિઠુ કહે છે કે ગઇ કાલે સાંજે પ્રિન્સિપાલ અને બધા માસ્તરો સામેના ડુંગરા ઉપર ફરવા ગયા હતા. પાછા ફરતી વખતે આ મિ. દેસાઇ હાંફી ગયા હતા એટલું જ નહિ, પણ લથડિયાં ખાતા હતા. વિઠુ કહે છે કે જો તેની મૂછ કાઢી નાખે અને ચશ્મા ફોડી નાખે તો પંદર વર્ષનો છોકરો જ દેખાય!' રમેશે માહિતી આપી.

'પેલો આપણને મળ્યો હતો, તે તો નહિ?' ઇદનમલે બલવંત સામે જોઇ પૂછ્યું.

'એમ જ હશે. રમેશ, તું ક્યાં જાય છે? અમે તો રસોડા તરફ જઇએ છીએ.'

'હું પણ ત્યાં જ જાઉં છું. હા, બીજી વાત. હમણાં રોહિણીની ચિઠ્ઠી આવી હતી કે જમીને તેને મળવા જવું. ઘણું અગત્યનું કામ છે. તમને બંનેને લાવવાનું તેણે ખાસ લખ્યું હતું.'

'અચ્છા;' ઇદનમલે કહ્યું. 'રોહિણી પહેલાં આપણે હાલ તો અન્નપૂર્ણાનો વિચાર કરવાનો છે!'

ત્રણે જણ બંગલામાંથી બહાર નીકળ્યા અને રસોડા તરફ ચાલ્યા.

[૨]

રોહિણી મુંબાઇના એક સોલિસિટરની એકની એક છોકરી હતી. તેને અહીં મોકલવાનો હેતુ શિક્ષણવિષયક કરતાં શારીરિક વધારે હતો, કારણકે રોહિણી મુંબાઇમાં માંદલી રહેતી. અહીં પર્વતોની હવામાં તેનું શરીર સુધરે અને સાથેસાથે અભ્યાસ પણ થાય. તે ચાર વર્ષ ઉપર નિશાળમાં આવી ત્યારે નિશાળમાં

કોઇ પણ છોકરી નહોતી, અને તેથી તેને નિશાળમાં દાખલ કરતાં પહેલાં પ્રિન્સિપાલે સહેજ આનાકાની પણ કરી હતી. પરંતુ તેના આવ્યા પછી ઘણી યે છોકરીઓ નિશાળમાં આવી ગઇ હતી. હવે તો જોકે રોહિણીની તંદુરસ્તી વિષે કૈં પણ વાંક કાઢી શકાય તેમ નહોતું, છતાં ય તેને આ નિશાળ એવી ગોઠી ગઇ હતી કે તેને મુંબાઇ જવું ગમતું જ નહિ.

રોહિણીને ખૂબસૂરત ન કહી શકાય; દેખાવડી જ કહી શકાય. તે ગોરી નહોતી. ઘઉંવર્ણી, સહેજ ચીબું નાક, સહેજ જાડા હોઠ, છતા ય તેની ટાપટીપ એટલી હતી કે તેને કદરૂપી કહેતાં પહેલાં કહેનારને કોઇ સૌંદર્યદર્શીની ટીકાનો ભોગ થવાને માટે તૈયારી રાખવી પડે. આ ઉપરાંત કદાચ તેના કદરૂપા અવયવોને ઢાંકી દેનારૂં એક સુંદર લક્ષણ હતું. તેના લાંબા, ચળકતા, કાળા, વાંકડવેળા વાળ લગભગ તેના ઘૂંટણ સુધી આવતા. તેનો અંબોડો તો એટલો મોટો થતો કે બજારમાં મળતી વેણીઓ એને નાની પડતી. આ સાથે તેનો મુંબાઇગરો ઠસ્સો, ચબરાકપણું વગેરેએ પણ તેને નિશાળમાં શિક્ષકો ને વિદ્યાર્થીઓમાં માનીતી કરી મૂકી હતી. ડીબેટિંગ સોસાએટીમાં તેની અને રમેશની વચ્ચે વારંવાર તુમુલ યુદ્ધ જામતું; અને જ્યારે કોઇ વખત એવો આવે કે બંને જણ એક જ પક્ષમાં આવે ત્યારે તે દિવસની ચર્ચામાં જરા યે વિવાદ ન રહેતો. તે ચર્ચા નીરસ લાગતી, કારણકે નિશાળમાં રમેશ અને રોહિણીની કક્ષાએ પહોંચનાર કોઈ વિદ્યાર્થી નહોતો.

જ્યારે ઇદનમલ, બલવંત અને રમેશની ત્રિપુટી લગભગ સાડા અગિયારે રોહિણીના રૂમમાં પહોંચી ત્યારે રોહિણી એક આરામ ખુરશી ઉપર પડી હતી. ઓરડીમાં રોહિણીથી નાની ઉમરની એક બીજી છોકરી હતી, તેની પાસે રોહિણી કૈં કામ કરાવતી હતી.

'હેલો!' રોહિણીએ કહ્યું; 'રમેશ, તું આ ટીપાઇ પર બેસ, કારણકે તારો ભાર એ ઝીલી શકશે. બલવંત અને ઇદનમલને આ ટેબલ અને ખુરશી ઉપર બેઠક લેવી પડશે. બેબી, તું બહાર જા.' રોહિણીએ છેલ્લું વાક્ય પેલી છોકરીને ઉદ્દેશીને કહ્યું. 'જરા ઊભી રહે! જો આ મિ. ઇદિનમલ મુલચંદાની, આ બલવંત શીંદે, અને આ રમેશ મહેતા. આ મારી કઝીન જ્યોત્સ્નિકા ચીનાઇ. એને અમે કયાં તો જયુ કે બેબીને નામે ઓળખીએ છીએ; હવે તું જા.' તેણે જયુને બહાર મોકલી.

'કેમ અમને બોલાવ્યા? ખાસ કે અમસ્થા?' રમેશે પૂછ્યું.

'પહેલાં તો નવાજૂની પૂછવા. હું તો આખો મહિનો અહીં ગોંધાઇ રહી હતી. મુંબાઇ યે ન જવાયું અને અહીં શિક્ષકો સાથે ટ્રિપ ઉપર પણ ન જવાયું.'

'નવાજૂની અમે આપીએ કે તમે? હું તો મારા ગામમાં ગયો, ત્યાં મઝા કરી, બે વખત શિકાર પર ગયા. બંને વખત વાઘનો પત્તો ન ખાધો, એટલે થોડાં હરણાં અને પક્ષીઓ મારીને પાછા આવ્યા. જોઇએ તો એકાદ હરણનું ચામડું મંગાવી આપું.' બલવંતે નવાજૂની કહી.

'ને મારી નવાજૂની તો એથી યે ઓછી છે. હું મુંબાઇ ગયો ને મુંબાઇથી કરાંચી. ત્યાં દરરોજના ૧૮ કલાક લેખે સૂતો, અને બાકીના છ કલાક આળસ ખાધી. પછી પાછો મુંબઇ આવ્યો અને ત્યાંથી અહીં આવ્યો.' ઇદનમલે કહ્યું.

'મારૂં પણ તેમજ. ફક્ત ફેર એટલો જ કે હું મુંબઇથી સૂરત ગયો. હવે તમે અહીંની નવાજૂની કહો!' રમેશે કહ્યું.

'અહીંની નવાજૂની પણ કૈં ખાસ નથી. મારા ઘરનાં બધાં અહીં આવ્યાં એટલે હું તો શિક્ષકો જોડે તારણાની ટ્રિપ ઉપર પણ ન જઇ શકી. આખો મહિનો બેડમિન્ટન અને ટેનિસ રમ્યા કર્યું આ વખતે અહીંની લેડીઝ ચૅમ્પીઅનશિપ માટે હું પ્રયાસ કરવાની છું. અને બીજું તો શું? બધા શિક્ષકો અને વિદ્યાર્થીઓ છે તેના તે જ છે. આજે નવા આવે તો જુદી વાત છે. અરે હા, એક ફેરફાર થયો છે. રાવજીભાઈ પટેલે રાજીનામું આપ્યું અને મુંબાઇ જઇ લડતમાં જોડાયા છે, અને તેને બદલે કોઇ ચીટનીસ નામના શિક્ષક ઇતિહાસ શીખવવાને આવ્યા છે. તેની બહેન ઈંદિરા પણ અહીં આવી છે. બહેન તો સારી છે, ભલીભોળી છે; પણ ચીટનીસ માસ્તર તો કૈં વિચિત્ર લાગે છે.'

'વિચિત્ર એટલે?' બલવંતે પૂછ્યું.

'કૈં ખાસ નહિ, પણ તેની ચાલવાની રીત, ચીપીચીપીને બોલવાની રીત, તેનું શરીર, એ બધું ધ્યાનમાં લેતાં મને તો તે વિદ્યાર્થીપ્રિય શિક્ષક થાય એવું લાગતું નથી. તેટલા પૂરતો વિચિત્ર, ઠેકાણા વગરનો.' રોહિણી-



બીજે દિવસે સવારે ઊઠીને પ્રિન્સિપાલ જુએ તો તેમના માનીતા કૂતરાનો રંગ માટીના ઢેફા જેવો લાલચોળ બની ગએલો!

એ સમજાવ્યું.

'મને યે એવું તો લાગ્યું, પણ હશે. આપણને તેની સાથે શું કામ છે? જો તે ક્લાસમાં બરાબર શીખવશે અને હૉસ્ટેલમાં બરાબર હળીમળીને રહેશે તો પછી તે ગમે તેવો વિચિત્ર હશે તો ચાલશે!' રમેશે કહ્યું.

'બરાબર શીખવશે નહિ તો યે ચાલશે!' બલવંતે પોતાનો અભિપ્રાય આપ્યો; 'પણ જો હૉસ્ટેલમાં દમદાટી કરવા જશે તો પછી એનો ભૂકો નીકળી જશે.' બલવંતના આ શબ્દો પોતાનું જોર બીજાને બતાવવા જ ઉચ્ચારાયા નહોતા. તેનો સ્વભાવ જ એવો હતો. કોઇ તેના રસ્તામાં આવ્યો કે બલવંત કશો પણ વિચાર કર્યા વિના તેનો ભૂકો કાઢી નાખતો. ગયે વર્ષે જ પ્રિન્સિપાલે કેટલાક કારણસર બેડમિન્ટન અને ટેનિસના મિકસ્ડ ડબલ્સ રમવાની ના પાડી હતી. જો મિકસ્ડ ડબલ્સમાં નિશાળ ઇન્ટરસ્કૂલ ચૅમ્પીઅનશિપ વખતે ન ઊતરે તો નિશાળને ચૅમ્પીઅનશિપ કપ ન મળે. બલવંતને આ ન રૂચ્યું. તેણે પ્રિન્સિપાલને તેનાં કારણો પણ ન પૂછ્યાં, પણ એક દિવસે સવારે પ્રિન્સિપાલ ઊઠ્યા ને એમના માનીતા કૂતરા તરફ તેમણે જોયું તો તેનો રંગ માટીના ઢેફા જેવો લાલચોળ થઇ ગયો હતો! વળી તેને ગળે એક કાગળ ચોંટાડ્યો હતોઃ 'જો તમારે તમારા કૂતરાને દરરોજ લાલ રંગથી ન નવડાવવો હોય તો નિશાળમાં મિકસ્ડ ડબલ્સ રમવાની રજા આપો. લિ. લાલબાવો.' પ્રિન્સિપાલે મહામહેનતે કૂતરાને ત્રણ કલાક સુધી સાબુથી ચોળીને નવડાવ્યો ત્યારે તેનો રંગ ગયો. અલબત્ત, તેમણે ચિઠ્ઠીની ધમકીને જરા યે દાદ ન આપી. ઊલટા રાત્રે સૂતી વખતે પોતાના ઓરડાને અંદરથી બંધ કર્યો અને અરધી રાત સુધી જાગતા બેઠા.

સવારે તે ઊઠ્યા ત્યારે તેની તે જ સ્થિતિ! કૂતરો લાલચોળ! અને પોતાના સૂવાના ઓરડાનાં બારણાં અંદરથી જેમ બંધ કરેલાં તેવાં જ બંધ! ફક્ત આગલા દિવસના જેવી ચિઠ્ઠી તેને ગળે નહોતી.

પ્રિન્સિપાલે તે દિવસે નિશાળે આવીને દરેક જણને ધમકાવ્યા. પરંતુ કોઇએ પણ જવાબ ન આપ્યો. બલવંતે ઊભા થઇ, પ્રિન્સિપાલને આખી રાત જાગતા રહી, કૂતરાને સંભાળવાની પોતાની તૈયારી બતાવી. બીજા ચાર પાંચ છોકરાઓએ પણ તેમ કર્યું. પ્રિન્સિપાલે તેમનો ઉપકાર માની, તેમની મદદની ના પાડી.

આ પ્રમાણે ચાર પાંચ દિવસ ચાલ્યું. આખરે પ્રિન્સિપાલ કંટાળ્યા. અંતે તેમણે મિકસ્ડ ડબલ્સ રમવા દીધા. નિશાળને ચૅમ્પીઅનશિપ પણ મળી અને તે મેળાવડો પૂરો થયો તેને બીજે દિવસે પ્રિન્સિપાલને એક કાગળ મળ્યોઃ 'મિકસ્ડ ડબલ્સ રમવાની છૂટ આપી તેથી જ નિશાળને ચૅમ્પીઅનશિપ મળી શકી છે તે તમે જાણ્યું હશે. હવેથી તેવી અટકાયત ન કરશો. રાત્રે આવીને કોઇ કૂતરાને લાલ નહોતું કરી જતું, પણ સાંજે જ એક એવી દવાથી તેને નવડાવવામાં આવતો કે જેથી બાર કલાક પછી તે રાતો થઇ જતો. તમારે જો તે દવા જાણવી હોય તો "લાલબાવા"ના દરરોજ એક હજાર જાપ કરશો. લિ. લાલબાવો.'

આવાં તો બલવંતનાં અનેક પરાક્રમો હતાં. તે કોઇની દરકાર કરતો નહિ. ફક્ત એને નિશાળ અને તેની કીર્તિ વહાલી હતી. તેને માટે તેણે કેટલી યે વાર

પોતાના જાનને પણ જોખમમાં નાખ્યો હતો, એટલે જ્યારે બલવંતે મિ. ચીટનીસનો ભૂકો કાઢી નાખવાની વાત કરી, ત્યારે તેનો ગંભીરતાથી વિચાર કર્યા વિના છૂટકો નહોતો.

'બલવંત, ઉશ્કેરાઇ જવાની વાત નથી.' રોહિણીએ શાંતિથી કહ્યું. 'બીચારા ચીટનીસનું શરીર એવું છે કે તેને આંગળી અડકાડીએ, ત્યાં જ ભૂકો થઇ જાય.'

'ખરી વાત છે; હમણાં તો હજુ આપણે જોઇએ કે તે કેવો છે.' ઇદનમલે કહ્યું.

'કોણ છે?' કોઇએ ઓરડીનું બારણું ઠોકયું, એટલે રોહિણીએ પૂછ્યું.

'હું, જયુ.' બહારથી અવાજ આવ્યો.

'કેમ, શું કામ છે?'

'નિશાળની નોટીસ લઇને વિઠુ આવ્યો છે!'

'શાની નોટીસ? એને અંદર આવવા દે!' રોહિણીએ રજા આપી અને થોડી વારમાં વિઠુ સિપાઇ અંદર આવ્યો.

'શું છે?' રોહિણીએ ઉત્સુકતાથી પૂછ્યું.

'પ્રિન્સિપાલે આ કાગળ આપેલા છે. બધા મૅટ્રિકના માણસને આપવાની છે.' વિઠુએ નોટીસ રોહિણીને વાંચવા ધરી. બલવંત, ઇદનમલ અને રમેશ તેની સામે ઉત્સુકતાથી જોઇ રહ્યા.

'બલવંત, તારી વાત ખરી છે!' રોહિણીએ તે નોટીસ વાંચી કહ્યું, 'લે વિઠુ.'

'સાંનલા પણ થા!' વિઠુએ નોટીસ બલવંતને આપી. બલવંતે તે લીધી અને રમેશ ને ઇદનમલે પણ વાંચી.

'લઇ જા, વિઠુ.' બલવંતે તે વાંચીને પાછી આપી.

'મને તો તેની ચાલ ઉપરથી જ લાગતું હતું કે તે આવો નીકળશે.' બલવંતે રોષપૂર્વક કહ્યું, 'હવે તો તેનો ભૂકો જ!'

'હજુ પણ આપણે ઉતાવળ કરીએ છીએ.' રમેશે કહ્યું, 'એણે આજે બે વાગ્યે કલાસમાં આવવા કહ્યું છે તે ઉપરાંત આપણે તેને વિષે કૈં જાણતા નથી!'

'પણ તું જોતો નથી કે તેણે આવતાંની વાર જ આપણા હક્ક ઉપર તરાપ મારવા પ્રયત્ન કર્યો છે? આટલાં વર્ષ આપણને અહીં રહ્યાને થયાં, છતાં કોઈ પણ વખત રજા ઊઘડે તે દિવસે કલાસમાં કોઇએ બોલાવ્યા છે?' બલવંતનો ગુસ્સો વધતો જતો હતો.

'હા, એ વાત સાચી છે; પરંતુ એક તો તે નવોસવો છે, તેને આ નિશાળના રીતરિવાજની ખબર નથી.' રમેશે ચીટનીસનો બચાવ કર્યો.

'પણ પ્રિન્સિપાલને ખબર નહોતી? તેણે આવી નોટીસ ફેરવવા દીધી જ કેમ? મને તો લાગે છે કે તેણે પ્રિન્સિપાલને કૈં ઊંધુંચત્તું સમજાવ્યું હશે!' ઇદનમલે બલવંતના મતને ટેકો આપ્યો.

'ને, ઇદનમલ! કદાચ એમ પણ હોય કે તેને નિશાળમાં શીખવવાનો આ પહેલો જ પ્રસંગ હોય, એટલે ઉત્સાહિત થઇ, પહેલે જ દિવસથી નિયમસર કામ કરવાની તેને હોંશ ન હોય?' રમેશે બીજો બચાવ કર્યો.

'તો આપણે તેને સીધુંસટ જણાવી દઈશું કે આજે તેની હોંશ પૂરી કરવાનો ઈરાદો તેણે મુલતવી રાખવો પડશે.' રોહિણીએ કહ્યું.

'હા, તે કહેવાનો મને વાંધો નથી.' રમેશે કહ્યું.

'ચાલો, આપણે બીજાઓને પણ તેમ કરવા કહી દઇએ!' બલવંતે કહ્યું. 'કલાસમાં હવે મળીશું, રોહિણી!'

રમેશ, બલવંત અને ઇદનમલ, રોહિણીની ઓરડીમાંથી નીકળી હૉસ્ટેલમાં આવ્યા. આખે રસ્તે ત્રણે જણ ચીટનીસના જ વિચારમાં ગુંથાઇ ગએલા હતા, એટલે કૈં વાતચીત નહિ થઇ. તેઓ ત્રણે રમેશના રૂમમાં આવ્યા ને રૂમમાં થોડી વાર પણ બેઠા નહિ હોય ત્યાં તો અંદર એક છોકરો આવ્યો.

'કેમ, નિર્મળ શું છે?' રમેશે પૂછ્યું. નિર્મળ ચોથીમાં ભણતો છોકરો હતો. તેનો બાપ અમદાવાદમાં પ્રખ્યાત વકીલ હતો.

'તમને ખબર નથી? નવા સુપરિન્ટેન્ડેન્ટે નોટીસબોર્ડ પર નોટીસ મૂકી છે તે નથી વાંચી?' નિર્મળ એકે શ્વાસે બોલી ગયો. તેનું હૃદય અનુપમ જુસ્સાથી ઊછળતું હતું. તેની આંખો જાણે ફાટી ગઇ હતી. ભય કે ગુસ્સો એ બે લાગણીઓ જ ચહેરા ઉપર આવી અસર આણી શકે.

'શાની નોટીસ છે?' ત્રણે જણ ઊઠ્યા અને થોડેક દૂર આવેલા નોટીસ બૉર્ડ આગળ ગયા, અને જિજ્ઞાસાથી ત્રણેએ નોટીસ વાંચી.

'ઓ ખુદા!' ઇદનમલથી વાંચતાં જ બોલી જવાયું.

'આ સ્કૂલનું હવે આવી બન્યું છે! કાં તો આ માસ્તર નહિ કે કાં તો આ સ્કૂલ નહિ!' રમેશે કહ્યું.

'સ્કૂલ તો રહેશે, પણ જો મારા શરીરમાં અસલ મરાઠાનું લોહી વહેતું હશે, તો આ ભટજીનો પગ અહીંથી કાઢીશ.' *

'બલવંત, ગમે તેમ ન બોલ! નિર્મળ સાંભળશે!' ઇદનમલે ધીરેથી કહ્યું: 'ચાલ, રમેશની રૂમમાં.'

ત્રણે જણ પાછા આવ્યા: 'મને ખબર નહિ કે તે આટલી હદ સુધી જશે!' ઇદનમલે કહ્યું.

'હું તો જાણતો હતો જ. એનું શરીર કેવું છે? અરે, એનું માથું જ કેટલું વિચિત્ર અને બેડોળ છે? એવા માથામાં તો આવા જ વિચારો ભર્યા હોય ને!' બલવંતનો ચીટનીસના શરીર તરફનો તિરસ્કાર વધતો જતો હતો.

'હવે આપણે કૈં નિર્ણય આણવો જોઇએ! પહેલે દિવસે ક્લાસ લેવો તે તો આની આગળ સાધારણ વાત છે! આ તો રાવજીભાઇ પટેલનું ચોકખું અપમાન જ કહેવાય!' રમેશે પોતાનો મત આપ્યો.

'ખરી વાત છે. એને એમ કહેવાનો શો હક્ક છે કે "મારી આગળના સુપરિન્ટેન્ડેન્ટના સમયમાં જે કૈં ખોટી છૂટ આપવામાં આવતી હતી, તે હવે મળશે નહિ!" ઇદનમલે કહ્યું.

'તેના કરતાં યે આ શબ્દો તો દેશદ્રોહ જ કહેવાય કે "દેશમાં ચાલી રહેલી બંડખોરોની ઉશ્કેરણી તરફ સહાનુભૂતિ બતાવતા વિદ્યાર્થીઓને હું ચેતવણી આપું છું કે તેમણે પોતાના કામકાજમાં સંભાળ રાખવી" રમેશે કહ્યું.

'હવે?' બલવંતે પૂછ્યું.

'ચાલ નિશાળમાં! ત્યાં બીજાઓને આ વાત કરીએ, અને પછી શું કરવું તે નક્કી કરીશું.' ઇદને કહ્યું.

'ચાલો!'

[૩]

જ્યારે બપોરે બે વાગે ઇતિહાસનો ક્લાસ લેવા મિ. ચીટનીસ આવ્યા ત્યારે આખો મૅટ્રિક ક્લાસ જ્વાળામુખીની શાંતિ અનુભવી રહ્યો હતો. કઇ વખતે એ જ્વાળામુખી ફાટશે અને ધગધગતો લાવા મિ. ચીટનીસની શિક્ષક તરીકેની કારકીર્દિ ઉપર અખંડ ડાઘ મૂકી જશે તે કહી શકાતું નહિ.

વખત થતાં મિ. ચીટનીસ ક્લાસમાં પેઠા. બધા વિદ્યાર્થીઓનો થોડોઘણો ઘોંઘાટ શાંત થઈ ગયો. મિ. ચીટનીસે પોતાના વ્યક્તિત્વનો આ પ્રભાવ જોઇને સહેજ સ્મિત કર્યું. તે ખુરશી પર બેઠા. ને હાથ સહેજ મસળ્યા. પછી ખુરશી પરથી ઊભા થયા અને ટેબલના એક ખૂણા ઉપર આવીને બેઠા.

તેમણે ફરીથી એકવાર સ્મિત કર્યું પણ તે વિજયનું નહોતું, સભાક્ષોભથી નછૂટકે કરાએલું સ્મિત હતું. આખરે તેમણે અંગ્રેજીમાં બોલવું શરૂ કર્યું:

'વિદ્યાર્થીઓ, કિશોરવય એટલે જિંદગીનો સુવર્ણયુગ. તે વખતે જેટલું સોનું એકઠું કર્યું હોય તે પાછળની જિંદગીમાં ખપ લાગે; એટલે કિશોરવયનો સમય તે સોનાના સંચય માટે વાપરવો જોઇએ. આજે તેટલા જ માટે મેં તમને બોલાવ્યા છે. પ્રિન્સિપાલે કહ્યું કે પહેલે દિવસે વિદ્યાર્થીઓને રજા આપવામાં આવે છે; પરંતુ હું તેમને સમજાવવામાં શક્તિમાન થયો કે વિદ્યાર્થીઓ કદી યે ભણવા માટે આવવામાં વાંધો ઉઠાવે જ નહિ. આ યુગના વિદ્યાર્થીઓ તો પોતાના અભ્યાસપ્રેમ માટે વિખ્યાત છે, એટલે મેં આજથી જ તમને રાજ્યબંધારણનો વિષય શીખવવાનું નક્કી કર્યું છે.

રાજ્યબંધારણનો વિષય જરા યે કપરો નથી, તદ્દન સહેલો છે. હું પાટિયા પર જે ચિત્ર દોરું તે જો તમે ધ્યાનમાં રાખી લેશો તો તમને તરત તે યાદ રહી જશે' કહી તેમણે ક્લાસ તરફ પૂંઠ કરી પાટિયા ઉપર લખવા માંડ્યું. ક્લાસના વિદ્યાર્થીઓમાંથી ત્રણેકે એક એક તરફ નજર કરી. લગભગ એકીસાથે ક્લાસની ત્રણ બાજુએથી કાગળનાં બનાવેલાં ત્રણ એરોપ્લેન છૂટ્યાં. એક મિ. ચીટનીસના પગ આગળ પડ્યું, બીજું પાટિયા જોડે અથડાઇ એમના હાથ પર પડ્યું ને ત્રીજું તેમની જયકરશાહી ટોપી પર અથડાયું.

આ થતાં જાણે કારી ઘા પડ્યો હોય તેમ મિ. ચીટનીસ પાછા ફર્યા. તેમના આ એકાએક પરિવર્તનની આશા વિદ્યાર્થીઓએ રાખી હોવાથી દરેક જણ પોતાની નોટબુક અને પેન્સિલ તૈયાર રાખી લખવાની વાટ જોઇ રહ્યો હતો.

'આવી શિસ્તહીન વર્તણુક કયા વિદ્યાર્થીએ કરી?'

---

* ચીટનીસ અટક બહુધા દક્ષિણી બ્રાહ્મણોની જ હોય છે, અને મરાઠાઓને તેમની સાથે છેક પેશ્વાના વખતથી અણબનાવ ચાલ્યો આવ્યો છે. આથી 'ભટજી' ઘણા બતાવવા ઉચ્ચારાય છે.

તેમણે મોટો બૂમાટો પાડ્યો.

'આવી–શિસ્ત–હીન–વર્તણૂક–કયા–વિદ્યાર્થીએ–કરી–' ક્લાસના ખૂણામાંથી અવાજ આવ્યો.

'એ કોણ બોલ્યું?' ચીટનીસે પહેલા જેટલા જ અવાજે બૂમ પાડી.

'એ—કોણ—' ખૂણામાંના પેલા વિદ્યાર્થીએ બડબડવા માંડ્યું.

'ઓ!' ચીટનીસના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યો. તેમનો ગુસ્સો એવો ઉદ્‌ગાર કાઢવાની યે હદ ઓળંગી રહ્યો હતો. તે ખૂણામાંના વિદ્યાર્થી પાસે ગયા; તે તો પોતાની નોટબુકમાં માથું ઘાલી લખી રહ્યો હતો. ચીટનીસે તેનો ખભો પકડીને તેને ઊભો કર્યો.

'તું શું લખે છે?' ચીટનીસે પૂછ્યું.

'કેમ સાહેબ, તમે લખાવ્યું તે: આવી શિસ્તહીન વર્તણૂક કોણે કરી; એ કોણ બોલ્યું—'' વિદ્યાર્થીએ જવાબ આપ્યો. તેનું મોઢું નિર્દોષતાની ભભક મારતું હતું. આખો ક્લાસ પણ તેની નિર્દોષતામાં માનતો હોય તેમ શાંતિથી અને જિજ્ઞાસાથી તેની તરફ જોઇ રહ્યો.

ચીટનીસને શું કરવું તે સૂઝ્યું નહિ. 'તારૂં નામ શું?' ચીટનીસે તે વિદ્યાર્થીને પૂછ્યું.

'બલવંત શીંદે.' બલવંતે જવાબ આપ્યો.

'તારો પાંચ રૂપિયા દંડ કરવામાં આવે છે.' ચીટનીસે ગુસ્સાથી તરડાતા અવાજે કહ્યું અને ટેબલ આગળ રજિસ્ટરમાં તે પ્રમાણે લખવા ગયા.

ટેબલ ઉપર ત્રણ એરોપ્લેનના કાગળો છુટા કરીને કોઇએ પાથર્યા હતા. તે ત્રણ એરોપ્લેન નહોતાં પરંતુ કૈં વિચિત્ર ચિત્રોવાળા, એરોપ્લેનના સળવાળા ત્રણ કાગળો હતા. ચીટનીસની નજર તે તરફ ગઇ. ત્રણે કાગળો ઉપર લગભગ સરખાં ચિત્રો જ હતાં. તેમાં ચીટનીસને મળતું એક ઠઠ્ઠાચિત્ર અને પાસે સુંદર અક્ષરે એક નાની કવિતા લખેલી હતી:

મારૂં નામ છે ચીટનીસ,
ને મને ભાવે છે ક્રીસમીસ;
છોકરાને મારૂં નેતર વીસ,
ને તેઓ પાડે ચીસાચીસ.
કોઇનું હું પકડું ખમીસ,
ને મારૂં ઘોલ હું વીસપચીસ;
વચ્ચે જો પડે શ્રી જગદીશ,
તો તેને કરાવું હું ડીસમીસ.
જો કોઇ પર ચઢે મને રીસ,
તો બનીને હું ક્રૂર ખવીસ,
કઢાવીશ તેના પર નોટીસ,
ને જીવતાં સુધી દ્વેષ રાખીશ.

કોઈ આશાભર્યો સેનાપતિ દુર્જય ગઢ જીતવા મોટું સૈન્ય લઇને જાય ને દુશ્મનો સાથે સામનો થતાં સૈનિકો તેના હુકમની અવગણના કરે, ને જેવી મનોદશા તે સેનાપતિ અનુભવે, તેવી મનોદશા પોતાનાં ત્રણ ઠઠ્ઠાચિત્રો અને આ ઢંગધડા વગરની કવિતા વાંચી ચીટનીસની થઇ. તેના મગજનું સમતોલપણું જતું રહ્યું. આંખે અંધારાં આવ્યાં. શરીરે પરસેવો ફરી વળ્યો.

તેણે આ પરિસ્થિતિ પર વિજય મેળવવા છેલ્લો પ્રયત્ન કર્યો. તેણે હાથમાં લીધેલો એક કાગળ ટેબલ પર મૂક્યો, આંખો સ્થિર કરી અને કહ્યું:

'કેટલાક વિદ્યાર્થીઓની આવી અસહ્ય વર્તણૂક જોઈ મને તેમના તરફ દયા ઉપજે છે; આ વાત હું પ્રિન્સિપાલને જણાવીશ, અને તે જ્યાં સુધી કૈં નિર્ણય ન કરે, ને જ્યાં સુધી વિદ્યાર્થીઓ પોતાની વર્તણૂકની માફી ન માગે ત્યાં સુધી હું આ ક્લાસ લઇ શકીશ નહિ!' કહી, પેલા ત્રણ ઠઠ્ઠાચિત્રો લઇ ચીટનીસ પોતાના દક્ષિણી જોડા પટપટાવતા ક્લાસની બહાર ચાલ્યા ગયા.

તેના જોડાનો અવાજ સંભળાતો બંધ થયો કે તરત બલવંત ખૂણામાંથી ઊભો થયો: 'થ્રી ચીઅર્સ ફૉર ધી મૅટ્રિક ક્લાસ, હિપ હિપ હુર્રે!' ચીઅર્સ આપી, આટલી સહેલાઇથી રજા મળવા માટે ખુશ થતા, અને બલવંતની ધૂર્ત નિર્દોષતાની અને હિંમતની વાતો કરતા વિદ્યાર્થીઓ વિખેરાઇ ગયા.

[૪]

'રમેશ, મને ખબર નહિ કે તમે આવા સરસ કવિ ચિત્રકાર હશો!' રોહિણીએ કહ્યું.

તે જ દિવસે સાંજે ચારેક વાગ્યે રમેશની ઓરડીમાં ઇંદનમલ, બલવંત, રમેશ અને રોહિણીની ચોગડી મળી હતી.

'શું સરસ ચિત્ર, અને કેવી સુંદર મનોરમ કવિતા!' ઇંદનમલે કહ્યું. કેમ રમેશ, તું જ્યારે મોટો થશે ત્યારે જો પ્રતિકાવ્ય અને ઠઠ્ઠાચિત્રોની ફૅશન ચાલતી હશે તો તું જગમશહૂર થઇ જવાનો!' બલવંત પણ રમેશનાં વખાણમાં સામેલ થયો.

સનત્‌કુમાર વીણ



ભગવાન બુદ્ધ

જર્મનીના મ્યૂઝિયમમાં ગએલી પ્રાચીન હિંદી કારીગરીની પ્રતિમા



વિખ્યાત ઇટાલિયન શિલ્પી, યંત્રશાસ્ત્રી, સંગીતવેત્તા, યોજક અને મહાન કલાકાર


લીઓનાર્ડો ડ વિન્સી

ની જગવિખ્યાત કૃતિ

મૉના લિસા

એ સ્મિતનો ભેદ

જગતના પેલા અતિ વિખ્યાત અને ચર્ચાસ્પદ ચિત્ર



મૉના લિસા
ની જીવનકથા

જેમ આપણી પૃથ્વીના પેટાળમાં તેમ આપણા ચિત્ર-જગતના ભીતરમાં પણ વારેવારે કેટલાક જબરદસ્ત ધરતીકંપો થતા જ રહે છે! એવો એક છેલ્લામાં છેલ્લો ધરતીકંપનો ધડાકો બ્રિટિશ રાજધાની લંડનમાં થવા પામ્યો છે અને તેની ચોંકાવનારી અસર સારા યે કલાવંત જગત ઉપર ફેલાઇ રહી છે.

એક અંગ્રેજ સંગ્રાહક લૉર્ડ બ્રાઉનલૉએ હમણાં જ જાહેર કર્યું છે કે લીઓનાર્ડો ડ વિંસીએ ચીતરેલું વિશ્વવિખ્યાત 'મૉના લિસા'નું ખરેખરૂં અસલ ચિત્ર તેના પોતાના કબજામાં છે અને પારીસના જાણીતા લૂવ્રના કલાસંગ્રહમાં તો તેની માત્ર નકલ જ ખડી છે.

મૉના લિસાને જાણતી આખી આલમમાં આથી ભારે સનસનાટી ફેલાવા પામી છે. મૉના લિસા વિષે આવા અજાયબીના આંચકાઓનો અનુભવ આપણા ચિત્ર-જગતે આ કાંઇ પહેલી જ વાર લીધો નથી. લિસાનું વિંસી કૃત મૂળ ચિત્ર તો અમારા દેશમાં છે ને અન્ય સ્થળે તે હોવાની વાત સાવ ખોટી છે એવી અફવાઓ અત્યાર આગમચ ચિત્ર-પ્રિય જગતને કર્ણે અનેકવાર અથડાઇ ચૂકી છે; આ વળી એવા જ પ્રકારનો છેલ્લામાં છેલ્લો ધડાકો--ખરેખર તો ધુમા—હોય એ તદ્દન બનવાજોગ છે.

આ નવી જાહેરાતના સત્ય-અસત્યની ચર્ચા હવે જાણકારો અને પરીક્ષકો મહિનાઓ લગી કર્યા કરશે. પણ આપણે તો પ્રસંગાનુસાર જગતના એ સર્વેથી ચર્ચાસ્પદ, મહાન મોહક લોકપ્રિય ચિત્રની જાણવાજોગ જીવનકથા જાણી લઇ તેટલાથી જ સંતોષ ધરીશું.

આજથી ચારસોને ઓગણત્રીશ વર્ષ પહેલાં મહાન ચિત્રકાર, સંગીતવેત્તા, યંત્રશાસ્ત્રી, પ્રતિમાકાર અને યોજક લીઓનાર્ડો ડ વિંસીને એક યુવાન સ્ત્રીની તસ્વીર (Portrait) ચીતરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. બીજા બધાઓથી જુદી પડતી આ યુવતી કોઇ વિશિષ્ટ જ વ્યક્તિ હતી. એ કાંઇ ખાસ અસાધારણ સ્વરૂપવતી નહોતી; પરંતુ એના ગૌર વદનમાં કોઇ આકર્ષક પણ એક અજબ વિપરીત પ્રકારનું સૌંદર્ય તો હતું જ; અને પોતાના સમયમાં સારા યે રોમ અને ફ્લૉરેન્સમાં અલગ કિસમનું મુખ-સૌંદર્ય ધરાવતી એ લલિત લલના સર્વેનું લક્ષ ખેંચતી બધાને મોંએ ચડી રહી હતી.

આ બાનુનું નામ મૅડોના લિસા. નેપલ્સના એક શ્રીમંત વેપારી ઝેનોબી દેલ ગીઓકૉન્ડોની એ પત્ની હતી. જોનારાઓને હેરાન કરી મૂકે એવાં એનાં અકળિત માર્મિક સ્મિત ઉપર તથા સર્વેને ત્વરાપૂર્વક આકર્ષી લેતાં એનાં નેત્રો આદિ મુખમુદ્રા તેની આબેહૂબ છટા અને જાદુ સમેત ઉતારવા માટે કલાકાર લીઓનાર્ડોએ પોતાની તમામ શક્તિ ખરચી નાખી હતી. જ્યારેજ્યારે એ લાવણ્યવંતી લિસા છબી ચીતરાવવા એના સામે બેસતી ત્યારે પ્રત્યેક વેળાએ ત્યાં ખાસ રાખેલું વાદ્ય-સંગીત ચાલી રહેતું. 'ઝીથર' અને 'વીઓલ' જેવાં મીઠાં વાજિંત્રોના મધુર સૂરોની અદ્ભુત અસર લિસાને તેનાં સ્વભાનમાંથી દૂર કરી કેવળ નૈસર્ગિક મુખમુદ્રા અર્પવામાં ઘણાં સહાયકારી થઇ પડતાં. લીઓનાર્ડો આ જાણતો અને તેથી જ ઉપરોક્ત વાદ્યો ત્યાં ખાસ વગાડવામાં આવતાં. આમ મૅડોના લિસાની તસ્વીર ઉતારવા પાછળ લીઓનાર્ડોએ ચાર પૂરાં વર્ષ ખેંચી કાઢ્યાં અને લિસાનાં અગમ્ય નેત્રો તથા અકલિત સ્મિતને અવની-માં અમર કર્યાં.

તૈયાર થયા બાદ, કોઇ મહાપુરુષ પેઠે મહાન ચિત્ર થવાને સર્જાએલું લિસાનું આ પ્રતિમાચિત્ર રોમ તથા ફ્લૉરેન્સનાં ચિત્રાલયોમાં પ્રદર્શિત થયું. ફ્રાન્સિસ પહેલાએ તેને ૪૦૦૦ સોનાના ફ્લૉરીનની (એટલેકે ૧૨,૦૦૦ પાઉંડની) બાદશાહી કિંમતે ખરીદ્યું અને તેને પારીસના 'પૅલેસ રૉયલ'માં લઇ જવામાં આવ્યું. આગળ જતાં લિસાના એ ચિત્રને લૂવ્રના વિખ્યાત સંગ્રહસ્થાનમાં મૂક્યું. જ્યાં ચાર સદીઓ લગી તે ઘણુંઘણું પ્રેક્ષાયું અને બહુબહુ પંકાયું. ઇટાલીઅન ભાષામાં 'મૅડોના' શબ્દનો અર્થ 'My Lady' થાય છે. ફ્રેંચ લોકોએ આ મેડોનાનો ઉચ્ચાર 'મોના' કર્યો અને તે ઉપરથી આ ચિત્રને 'મૉના લિસા'નું નામ મળવા પામ્યું.

લૂવ્રમાં વિરાજમાન થયાને એને લાંબો કાળ ગયો નહિ એટલામાં તો જીવતી લિસાના વિપરિત સ્મિત જેવું જ ચિત્ર માંહેનું એ અજબ સ્મિત લોકોની તરેહ-

વાર ચર્ચાનો વિષય બનવા માંડ્યું. જે કામદારોએ લિસાના ચિત્રને દીવાલે ચડાવેલું તે માંહેના કેટલાક ભેદભરેલી રીતે મૃત્યુ પામ્યા. ત્યાર બાદ જે તરુણ કલાકાર એ મૂળ ચિત્રની પહેલી નકલ બનાવવા રોકાએલો તેણે આપઘાત કર્યો, અને તસ્વીરનું અવલોકન કરતી અનેક તરુણીઓ પોતે કહેવા લાગી કે આ ચિત્રમાં તો નર્યું 'વશીકરણ' છે. એ અમને વશ કરે ખ્યાતિ વખત જતાં, યુગો આગળ જ ગુજર પામેલી આ ઇટાલીઅન સુંદરીના વિંસીએ બનાવેલાં પ્રતિમા-ચિત્રને મળી. અને જોતજોતાંમાં તો દુનિયાના મહાન ચિત્રપરીક્ષકો વચ્ચે, વિદ્વાનો વચ્ચે, માનસશાસ્ત્રના અભ્યાસી ઉસ્તાદો વચ્ચે આ તસ્વીર તેની અજબ અકલિત સ્મિતવાળી મુખમુદ્રાને લીધે ભારે તથા ચાલુ ચર્ચાનો વિષય થઇ પડી.

શિલ્પી

શ્રી દ્વારકાપુરીમાં શહેરની વસ્તીથી ઉત્તર દિશાએ એક માઈલ દૂર શ્રી રૂકિમણીજીનું પુરાતન મંદિર આવેલું છે. તે દેવળનું સ્થાપત્ય ઇ.સ. અગિયારમા સૈકાના અંતનું હોય એમ મનાય છે. ગુજરાતનું મોઢેરાનું સૂર્યમંદિર આ રૂકિમણી મંદિરથી જૂનું નહિ હોય. એ પુરાતત્ત્વના પ્રતિનિધિને દર્શને જવા સારૂ દ્વારકામાં મે માસમાં ચાલેલા કુમારમંડળના વિકાસવર્ગનું પર્યટન યોજવામાં આવ્યું હતું, એમાં ભાઇ સુન્દરજી બેટાઇ સાથે હતા. એ મંદિરથી થોડે દૂર એક બીજા મંદિરના તૂટેલા અવશેષો મૃતદેહનાં હાડકાંના ઢગલા જેવા પડ્યા હતા. તેમાંના એક અવશેષ ઉપર મહામહેનતે વાંચી શકાય એવા અક્ષરો હતા. તે ઉકેલ્યા તો નામ નીકળ્યું: નાગુ વલ્લ. ભાઇ સુન્દરજીને એ સ્થપતિ નાગુવલ્લનું જીવંત સ્વરૂપે દર્શન થયું અને આ કાવ્ય સ્ફૂર્યું.

આ રૂકિમણી મંદિર દ્વારકાની અમૂલ્ય મિલ્કત છે, એ પુરાવિદ્યાના પર્યેષકો સિવાય અન્યની જાણમાં નથી. વડોદરા રાજ્યના એકબે સમજુ અમલદારોના પ્રયાસથી તેનું રક્ષણ થવા રાજ્ય તરફથી કંઈક કંઈક યત્નો થાય છે; પણ તે બધા પુરાતત્ત્વની દૃષ્ટિથી તો મોળા ગણાય.

કાઠિયાવાડમાં પોરબંદર અને જામનગર રાજ્યના સીમાડા જ્યાં ભેગા થાય છે ત્યાં મીયાણી બંદર આગળ, દ્વારકા ને પોરબંદર વચ્ચે, શ્રી હર્ષદમાતાનું પુરાતન મંદિર તૂટેલી દશામાં છે. તે પણ શ્રી રૂકિમણી મંદિરના બાંધનાર સ્થપતિના કોઇ ગુરુભાઇએ બાંધેલું હોય તેવું સામ્ય બંને વચ્ચે છે.

• અનુષ્ટુપ–વસંતતિલકા–ઇન્દ્રવશા •

આઠસેં વર્ષનાં જૂનાં મન્દિરો ધર્મકાવ્ય શાં,
પુરાણી શિલ્પશક્તિના, ભક્તિના શેષ આ પડ્યા;
મૂક પાષાણવાણીમાં અમોલા સ્વર સંઘર્યા,
વર્ષોને વીંધતા આવ્યા, સ્પર્શતા આત્મતંતુને.

લાગ્યા કરાલ કર ધર્મઝનૂન કેરા,
તૂટ્યાં શિરો શુભ કલામય મંદિરોનાં;
એ સ્થૂલ હસ્ત સમજ્યા નહિ સૂક્ષ્મ નાશ,
એણે હણ્યો મનુજ-આત્મતણો વિકાસ.

બીડાએલી હતી એની દિવ્ય આતમઆંખડી,
વિશ્વધર્મની ના એણે પરખી પ્રેમપાંખડી.

અમ્ભોધિક્ષાર વરસો સુધી ઊડિયા, ને
વાયા અનેક વરસો વળી ક્ષારવાયુ;
ધીમાં ખમી સતત ઘર્ષણ કાલકેરાં,
પ્રાચીન ગૌરવ ઊભું અહીં ક્ષીણપ્રાણ.

ગરવા સિન્ધુ! ત્હેં દીઠું ભૂતગૌરવ નિર્મળું,
આજે યે તું રહ્યો જોઈ થયું સર્વ છણુંવણું.

છે એટલું જ નહિ પણ અમુક વર્તાવ કરવા તરફ પણ દોરે છે. કોઇકોઇવાર તો અમે અસાધારણપણે વર્તીએ છીએ અને કાંઇ ખોટું ખરાબ ગુના જેવું કરી નાખીએ છીએ તેનું મૂળ કારણ આ ચિત્રની જ માઠી અસર છે. ટૂંકમાં જેવી કીર્તિ બ્રિટિશ મ્યૂઝિયમમાં રાખેલાં પેલાં અશુભસૂચક ને પ્રાણઘાતક ગણાતાં ઇજિપ્શીઅન 'મમી'એએ મેળવેલી તેવી જ ચર્ચાસ્પદ નાલેશીભરી

કોઇકે જાહેર કર્યું કે લિસાનું એ સ્મિત અશુભ, મલિન અને દુષ્ટ પ્રકાર સૂચવે છે. કોઇકે મત આપ્યો કે કોઇ જીવતી સુંદરીના ચહેરાને મુરદાનાં સ્મિત સાથે કળાકારે ચીતર્યો છે, અને કોઇક ખુલાસો કરવા લાગ્યા કે 'વાતમાં કાંઇ દમ નથી, ચિત્રકારે કોઇ નખરેદાર નાનકડી ચંચળાના મુખની પ્રતિકૃતિ જ રજુ કરી છે.' આમ હજી લગી કોઇ નક્કી મત પર આવી શકયા

નથી. અદ્યાપિ કોઇને સમજ જ નથી પડતી કે ચિત્રાંકિત લિસાના બીડાએલા ઓષ્ઠોને ડાબે ખૂણે ગુપ્ત સુખ છે કે દુઃખ છે; છુપાવેલો પ્યાર છે કે તિરસ્કાર છે; સૂક્ષ્મ સદ્ભાવના છે કે દબાવેલી દુષ્ટતા છે! જાણીતા ચિત્ર-વિવેચકો અને કલાપરીક્ષકો તથા પારંગતો આ ઉખાણું ઉકેલી શકયા નથી, તો બાપડા સાધારણ પ્રેક્ષકો તો મૌન જ ધારણ કરીને રહે ને? આમ આ ચિત્રમય જર્મનીનો ઉદય થયો; છતાં મોના લિસાનું એ અદ્ભુત સ્મિત એના વખાણનારાઓ અને વખોડનારાઓનું છૂપું અટ્ટહાસ્ય કરતું હજી અટકયું નથી.

હવે આ નામાંકિત ચિત્રને પોતાને કબજે લેવા માટે અનેક દિશાએથી વ્યાજબી ગેરવ્યાજબી પ્રયત્નો થવા માંડ્યા. ફ્રાન્સમાં ત્રીજા પ્રજાસત્તાક રાજ્ય અ-મલની સ્થાપના થઈ અને અમેરિકાના અબજપતિઓ

નાગૂ વલૂ

શી એ હતી સુભગ ધર્મકલાની દૃષ્ટિ!
કેવો હતો પરમ ધર્મ કલાતણો વા!
કેવી હશે લલિત મંગલ કાવ્યમાલા
નાગૂરચી અહીં પુરાતન પથ્થરોમાં!

જડ ચૈતન્યનો ભેદ એકદા તેં ભૂલાવિયો,
રેડીને આત્મ પાષાણે કલાત્મા પ્રગટાવિયો.

શિલ્પી! પ્રશંસું તુજ હું શુભ ધર્મદૃષ્ટિ?
શિલ્પી!વખાણું તુજ વા હું કલાની વ્યક્તિ?
નાગૂ! ગૂંથ્યાં ઉભય ત્હેં વર એકસૂત્રે;
પાષાણમૂર્ત તુજ આત્મ કર્યો સખા! ત્હેં.

નાગૂ વા અન્ય વા હો તું, ત્હારું સ્વત્વ અહીં ખડું,
ઉવેખ્યું કાલના હસ્તે; તો ય હું ગરવું ગણું.

વિકાસ નાગૂ! તુજ આત્મપુષ્પનો,
સોહાવતો આ સ્થળ દીર્ઘકાલ;
મ્હારા સમા યાત્ અનેક આવશે,
એકાદ ભાવેભર્યું અશ્રુ અર્પશે.

સુંદરજી ગો. બેટાઈ

એ બંને દહેરાં બીજા કોઇ મુસલમાન આક્રમણ વખતે તૂટયાં હશે; પરંતુ મહમ્મદ બેગડાના આક્રમણ વખતે તો તૂટયાં જ હતાં. હર્ષદાનું દહેરું તૂટેલું જ રહ્યું છે. રૂકિમણી-જીનું દહેરું થોડું સમારાએલું છે.

એ સ્થળે મૂક પાષાણવાણીના અમૂલ્ય સ્વરનો સંચય કવિએ જોયો અને કાવ્ય સ્ફૂર્યું આઠસો વરસ પહેલાં ધર્મ અને કળાનું, વિશુદ્ધિ અને સૌન્દર્યનું સંયોજન કેવી અદ્ભુત રીતે થયું હતું તેનું કવિને સૂક્ષ્મ ભાન થાય છે અને એ સૌન્દર્યના રચનાર નાગુ સ્થપતિ કવિ સમક્ષ તાદૃશ થાય છે. પાષાણ જેવા જડ પદાર્થમાં નાગુએ પોતાનો આત્મા રેડી જડ અને ચેતનનો ભેદ દૂર કર્યો છે એમ કવિને લાગે છે; અને મનુષ્યના આત્માના વિકાસનું માપ દર્શાવતી એ કૃતિઓના, ધર્મઝનૂનના કરાલ હાથે કરેલા સ્થૂલ નાશમાં એ સૂક્ષ્મતાનો વિનાશ થએલો દેખે છે. એ સ્થાપત્યનાં અખંડિત સ્વરૂપ જેમણે જોયાં હોય તેવા સનાતન સિંધુની દૃષ્ટિએ આજે એ જ ભવ્યતા છણવણ થએલી દેખાય છે.

હિંદુ સંસ્કૃતિ, ગુજરાતી સંસ્કૃતિ કેવી હોય તેનો સા-ક્ષાત્કાર યુવકોને થાય તેવા પ્રવાસ કરનારાઓ માટે આવાં અસલી સ્થાપત્યના નમૂનાના પરિચય એ એક દિશા ગણાય છે. જેટલો પ્રકાશ એક સારા પુસ્તકાલયના દર્શનથી મળે છે તેટલો કે તેવો પ્રકાશ અસલી શિલ્પકામના રસિક પરિચય-થી સાધી શકાય છે. ગુજરાતના કેળવણીકારો તેનો ઉપયોગ કરે એવી વિનતિ છે. —કલ્યાણરાય ન. જોષી

કોયડો ભલભલા ભેજાંઓને થકવતો આજ લગી એવો ને એવો અણઉકેલ રહ્યો છે.

આવા નામાંકિત આ ચિત્રની ચારચાર સદીની લાંબી જિંદગીમાં કાંઇક રાજાઓ આવ્યા ને કૈંક રાજાઓ ગયા; વિનાશકારી ફ્રેન્ચ વિપ્લવે મનુષ્યની આખી મનોદશાને જ પલટાવી દીધી; નેપોલિયને યુરોપનો નવો નકશો બનાવ્યો; પાછળથી ફ્રાન્સની પડતી થઇ ને પારીસ ભણી ખેંચાયા. લૂવ્રના ચિત્ર-સિંહાસને ચડેલી 'મૉના લિસા'ની તસ્વીરને તેઓએ ફાટી આંખે જોઈ લાધી. તેઓ સમજી ગયા કે અહીં તો એક મહાન ખજાનો પડેલો છે. એને હસ્તગત કરવા એક પછી એક અમેરિકન કુબેર-ભંડારીઓ બહાર પડયા. એ માંહેના એકે તો ફ્રેન્ચ ગવર્મેન્ટને દસ લાખ પાઉંડ સુધી પણ આપવા જણાવ્યા. પણ ફ્રેન્ચ સરકારે સ્વા-

ભાવિક જ એ માગણીનો એકદમ અસ્વીકાર કર્યો.

આમ વર્ષોનાં વર્ષો વહી જાય છે ને ૧૯૧૧ના એક સોમવારની સવારે લૂવ્રમાં ભારે ગભરાટ-અકળાટ મચી રહેલો જણાય છે: 'મૉના લિસા'ને કોઇ તફડાવી ગયું! ચિત્રાલય બંધ થવા પહેલાં તેમાં, આગળથી જ લપાઈ બેઠેલા કોઇક શાહુચોરોએ, લિસાના ભેદી સ્મિત જેવી જ ભેદી રીતે, અખરોટ-વૃક્ષના કાષ્ઠ-પટ પર પાડેલા એ પ્રખ્યાત ચિત્રને તેના ચોકઠામાંથી કાઢી લીધું ને ઈશ્વર જાણે ક્યાં ને ક્યાં ઉડન છૂ થઇ ગયા. 'Surete' (ફ્રાન્સનો સ્કોટલંડ યાર્ડ)એ એ ચોરી પકડવા પોતાના સર્વે ઉપાય અજમાવ્યા, પણ મધુરી મૉના લિસાનો અથવા તેનું હરણ કરી જનારા તેના ચોર-આશકોનો કશો પત્તો લાગ્યો નહિ. લાંબી મુદત લગી ભારે મહેનત કરી થાક્યા બાદ 'Surete'ના સત્તાધિકારીઓ અંતે એવા અનુમાન પર આવ્યા કે મોડી વહેલી પણ લિસા ગુપચુપ પાછી એને સ્થાને એક દહાડો વિરાજમાન થઇ જશે; કારણકે આવું ચિત્ર ભારે મોટી કિંમતે ખરીદાવું મુશ્કેલ છે, અને કોઈ ખરીદનાર મળે તોપણ તેને ત્યાં એ ગુપચુપ પડી રહે એ વાત જ અસંભવિત છે. કાંઇ નહિ તો ખરીદનાર શ્રીમંતના અંગત મિત્રોને તો એની જાણ થવા પામશે જ. એટલે ચોર નામદારો એ અમૂલ્ય તસ્વીરને આપમેળે એની અસલ જગ્યાએ સ્થાપિત કરવાના જ.

નામીચા ચિત્રકાર ગેઇસબરોનું બહુ જાણીતું સુંદર ચિત્ર 'ડચેસ ઑફ ડેવનશાયર' Agnew ખાતેથી આમ જ ચોરાએલું અને કોઇ ઍડમ વર્થ નામના આસામીના ઘરમાંથી, તેલપત્રના એક વીંટામાં લપેટાઇને અંધકારમાં પડી રહેલું. એ ત્રીસ વર્ષો બાદ જડી આવ્યું હતું. તેમ જ એક દિ મૉના લિસા પણ પાછી હાથ આવશે એવી ખાતરી ફ્રેન્ચ સત્તાવાળાઓને હતી.

અને થયું પણ તેમજ. ઇ.સ. ૧૯૨૮ની એક સવારે મૉના લિસાનો એ ગજબનાક મુખ-મલકાટ, લૂવ્રની ચિત્રદીવાલેથી તેના પ્રશંસક-પ્રેક્ષકો ઉપર પાછો ફેંકાઇ રહ્યો! સત્તાવાળાઓ અને ચોરો વચ્ચે મધ્યસ્થ રહીને કામ કરનાર એક ત્રીજી વ્યક્તિને નાણાંની સારી રકમ આપીને ચિત્રને ફરી કબજે કરવામાં આવ્યું હતું.

અઢાર વર્ષે મૉના લિસા એની અસલ જગ્યાએ ગોઠવાયું. છતાં એનું જીવન-વહન હજી સરળ કે શાંત રહેવા સર્જાયું હોય એમ લાગતું નથી. વખતોવખત એના યાદગાર નામ સાથે છૂટ લેતી કાંઇકાંઈ અફવાઓ ચાલુ જોડાતી જ રહે છે. પાંચદસ વર્ષે એની અસલિયાત પર હુમલો કરનાર દાવાદાર કોઇ ને કોઇ બહાર આવતા જ રહે છે. થોડાં જ વર્ષ પર એક અતિ જાણીતા અમેરિકન ઉઠાઉગીરે પંડે જાહેર કરેલું કે તેણે ત્રણ સાથીઓની સહાયવડે મૉના લિસાનું ચિત્ર લૂવ્ર ખાતેથી ચોર્યું હતું. ચોરીને એની છ આબેહૂબ નકલો એક હોશિયાર પણ રંક કળાકાર પાસે બનાવડાવી હતી. અસલ ખરું ચિત્ર ૧૦૦૦ પાઉંડની કિંમતે વેચાએલું હાલમાં આલજીરિયા ખાતે વસતા એક શ્રીમંત ગ્રીક પાસે છે ને હાલમાં લૂવ્રમાં જે 'મૉના લિસા' દેખાય છે તે તો ૧૯૨૮માં પુનઃસ્થાપન થએલું તેનું નકલ-ચિત્ર જ છે.

ઉપલા ધડાકા ઉપર કેટલાયે વખત સુધી ભારે ચર્ચા ચાલેલી. વિંચીની કલમની ખરેખરી કૃતિ કઇ, અને કોઇ વીસમી સદીના ફ્રેંચ કે અમેરિકન કલાકારની નકલ ઉતારેલી તસ્વીર કઇ તેની તકરારનો અંત તો હજી આવ્યો જ નથી, તેટલામાં ચાલુ માસમાં લૉર્ડ બ્રાઉનલોના આ બૉમ્બગોળાએ ચિત્ર-જગતમાં પાછો હાહાકાર મચાવ્યો છે. ખરૂંખોટું તો ભગવાન જાણે, પણ સદી દર સદી નવા જોશથી ચાલી આવેલી જૂની ચર્ચાઓ પાછી વધુ જોશથી ચાલી રહેશે—અને હવે પછી ભવિષ્યમાં પણ એવું જ અનંત ચર્ચાસ્પદ આ ચિત્ર શતાબ્દિઓ પાછળ શતાબ્દિઓ મૂકતું જતું જીવતુંજાગતું રહેશે.

જોકે માની તો શકાતું નથી, છતાં લૂવ્ર ખાતેની મૉના લિસાની છબી અસલ નહિ પણ નકલ છે એવી મજબૂત માન્યતા ઘણાએક લોકો ચાલુ ધરાવે છે. ખુદ ફ્રેન્ચ પ્રજામાં એ વિષે મતભેદ પડેલો છે. ચિત્ર અસલ હોવાની વાત જેઓ નથી માનતા તેઓ પોતાની માન્યતાના કારણમાં આ પણ એક વાત કહી સંભળાવે છે કે ૧૯૨૮માં લિસાની તસ્વીર લૂવ્રમાં ફરીથી ગોઠવાઇ ત્યાર પછીથી યુવાન અબળાઓ ઉપર થતી એની વિપરિત દુષ્ટ અસર સદંતર નષ્ટ થવા પામી છે!

ફિરોઝશાહ રૂસ્તમજી મહેતા



શાહજહાંનો વજીર સાદુલ્લાખાન કહેતો કે જે અધિકારી ખેડુતો તરફ અન્યાય કરે તે રાક્ષસ જ ગણાય; ફેર માત્ર એટલો કે આ રાક્ષસ હથિયારને બદલે ખડિયો ને કલમ ધારણ કરે છે. શાહજહાં પોતે પણ પોતાની નજર ન્યાયની બાબતમાં ઘણી જ તીવ્ર રાખતો. એક વખત એવું બન્યું કે બાદશાહને દફતર તપાસતાં એક ગામનું મહેસૂલ આગલી સાલ કરતાં વધેલું જણાયું. તેણે તરત તપાસ કરી. સાદુલ્લાખાને જવાબ દીધો કે નદીનું વહેણ બદલાવાથી થોડી ખેતીલાયક જમીન વધી છે. બાદશાહે પૂછ્યું કે એવી રીતે મેળવેલી જમીન પહેલાં ખાલસા હતી કે ઈનામી?—સરકારી હતી કે કરમુક્ત વપરાશ માટે આપેલી?—જવાબ મળ્યો: 'ઈનામી'. 'ત્યારે એ જમીનમાંથી સરકારી મહેસૂલ ઊઘરાવી શકાય નહિ. ખુદાએ એ લોકોને બક્ષિસ આપી છે.'

ઉપરનો પ્રસંગ ઐતિહાસિક હોય કે અર્ધ સત્ય હોય; પણ તે વખતનું મહેસૂલ સંબંધી સરકારી વલણ અને ન્યાય આપનારની મનોવૃત્તિ તે બતાવે છે. કહે છે કે ગુજરાતમાં એક વખત ચાલેલો જુલમ કેટલાક કુશળ નટોએ બાદશાહ પાસે ભજવી બતાવીને ન્યાય મેળવેલો. એવે વખતે પ્રતિષ્ઠાના ભૂતને સામે લાવીને ગલ્લાંતલ્લાં કરવાને બદલે બાદશાહે તપાસ કરાવી તો નાટકની વસ્તુ સાચી માલુમ પડી. સૂબાને આવા જુલમ માટે જીવનભરની કેદ મળી અને તેની મિલકત જપ્ત કરવામાં આવી.

*

હિંદના પ્રાચીન સામ્રાજ્યનો છેલ્લો દ્રષ્ટા તે હર્ષ. મહાકવિ બાણે અને ચીનના યાત્રાળુ હુએનસંગે એના વિષે કેટલીક હકીકતો આપી છે એ ઉપરથી એના સમયની સારી માહિતી મળે છે. બાણ કવિએ હર્ષચરિતમાં આટલું લખ્યું છે: 'જેઠ વદ બારશ ને રાતના દસ વાગ્યાના શુમારે ચન્દ્ર કૃતિકા નક્ષત્રમાં હતો તે વખતે હર્ષ જન્મ્યો હતો.' આટલી ચબરખી પરથી જ્યોતિષ ગણિતના આધારે સંશોધન કરીને વિદ્વાનોએ હર્ષની જન્મતારીખ રવિવાર તા. ૪થી જૂન ઇ.૫૯૦ની નક્કી કરી છે. એમાં પણ મતભેદ તો છે જ; પણ આપણે એ જુવાનનું જીવનતેજ નિહાળવાનું છે, એટલે એ ચોક્કસ તિથિ વિષે વધારે ન કહેતાં એની તરુણ વયનું એક ચિત્ર રજુ કરીએ.

એ વખતે હર્ષનું વય ભાગ્યે જ અઢાર-ઓગણીસ વર્ષનું હશે. પિતાની આજ્ઞાથી મોટાભાઇ રાજ્યવર્ધન સાથે હૂણ લોકોને જીતવા હિમાદ્રિના તળેટીપ્રદેશમાં તે ગયો હતો. હિમાદ્રિનું અનુપમ સૌંદર્ય જોઇ રાજકુમારને વનમાં ફરવાનો શોખ જાગ્યો. પરંતુ હજી હૂણ જેવા દુશ્મનો માથે ગાજતા હતા, એટલામાં તો એનો પિતા પ્રભાકરવર્ધન માંદો પડયાના સમાચાર આવ્યા. મોટો ભાઇ દુશ્મનો સામે ગયો ને નાનો ભાઇ રાજધાનીમાં પાછો ફર્યો. પિતાની મૃત્યુશય્યા પર આંસુ પાડવાનું જ રાજકુમારના નસીબમાં હતું. મહાન રાજ્યની સઘળી જવાબદારી પાછળ મૂકીને પ્રભાકરવર્ધન મૃત્યુ પામ્યો. આટલું પૂરૂં ન હતું. આંખમાંથી ચાલ્યા જતા અસ્ખલિત અશ્રુપ્રવાહે અને ગદ્ગદ કંઠે આ અઢાર વર્ષના જુવાનને માતા યશોવતિનાં ચરણકમળની ધૂળ માથે ચડાવીને 'સતીમા'નાં છેલ્લાં દર્શન કરવાં પડયાં. હૃદય વિદીર્ણ કરી નાખે એવો માતાના વિરહનો ઘા હજી તો તાજો છે, ત્યાં સમાચાર આવ્યા કે એની બેન રાજ્યશ્રી વિધવા થઇ છે. માળવાના રાજાએ એના બનેવી ગ્રહવર્માને મારી રાજ્યશ્રીને કેદમાં નાખી

હર્ષના રાજ્ય પર ચડાઇ કરવાની તૈયારી કરી છે.

નાટકના પડદા ઉપર એક પછી એક ઝપાટાબંધ બનાવ બને તેમ આ જુવાનના જીવનપ્રસંગો બની રહ્યા હતા. મોટો ભાઇ રાજ્યવર્ધન દુશ્મનોને હરાવી વિજયી થઈ રાજધાની થાણેશ્વર પાછો ફર્યો હતો. તે તરત જ માલવરાજને દંડ દેવા ચડયો. હર્ષ રાજધાની સાચવવા ઘેર રહ્યો... પણ... માલવરાજને હરાવ્યા પછી માલવરાજના મિત્ર અને બંગાળાના રાજા શશાંકગુપ્તે રાજ્યવર્ધનનું ખૂન કર્યું. કપટથી ભોળવીને જમવા નોતરી રાજ્યવર્ધનને મારી નાખ્યો અને પોતે નાસી ગયો. એ પ્રસંગનો લાભ લઇ રાજ્યશ્રી કેદખાનામાંથી નાસી વિંધ્યાટવીમાં ભાગી ગઈ. આ સમાચાર જ્યારે હર્ષને મળ્યા ત્યારે તેનું સાચેસાચું તેજ ઝળકી ઊઠ્યું. પોતાને નાનો અને એકલો ધારીને કોઇ એનું રાજ્ય ખાખાવીખી કરી નાખવા તૈયાર થઇ ગયું હતું.

તેણે સિંહની જેમ પડકાર ઝીલી લીધો અને એક વખત તો ભારતવર્ષમાં ચક્રવર્તી પદ મેળવ્યા પછી જ જંપવું એવો નિશ્ચય કર્યો. બીજે દિવસે એની વિજયી સેનાએ કાન્યકુબ્જ તરફ પ્રયાણ કર્યું. ત્યારપછી તો હર્ષની વિજયગાથા શરૂ થાય છે. વિંધ્યાટવીમાં કોઇ ભયંકર એકાંત વનમાં છેલ્લી પ્રાર્થના કરીને રાજ્યશ્રી સતી થવાની તૈયારી કરી રહી હતી. બરાબર એ જ વખતે 'ઓ બ્હેન !' કહેતો હર્ષ જઇ પહોંચ્યો ને અર્ધમૂર્ચ્છિત અવસ્થામાં પડેલી રાજ્યશ્રીને ઉગારી લીધી.

નવલકથામાં શોભે તેવા એક પછી એક ઝપાટાબંધ બનતા બનાવોએ હર્ષને પાછળના જીવનમાં શાંતિપ્રિય અને પ્રજાપ્રિય રાજા તરીકે બહાર આણ્યો. દર ચાર વર્ષે રાજ્યની સઘળી ઉપજનું તે દાન કરી દેતો. તેણે પોતાનો અધિકાર પણ સાદા 'રાજપુત્ર શિલાદિત્ય' એ નામથી જ ચલાવ્યે રાખ્યો હતો.

હર્ષની કીર્તિ સાહિત્યકાર તરીકે પણ છે. કાદમ્બરી-લેખક કવિ બાણ તેના દરબારમાં હતો. હર્ષે ત્રણ નાટકો પણ લખ્યાં છે—'રત્નાવલિ', 'નાગાનંદ' ને 'પ્રિયદર્શના'.

*

શુજા-ઉદ્-દૌલાના ખાનગી મંત્રી કાશીરાયે પાણીપતના ત્રીજા યુદ્ધનું બરાબર વર્ણન આપ્યું છે. મરાઠા અને અબ્દાલી બંનેની કુનેહ તરફ એણે લક્ષ આપ્યું છે.

મરાઠા સૈન્યની હાર થઇ મુખ્યત્વે કરીને સેનાપતિઓમાં થએલા વિસંવાદને લીધે. શિવાજી મહારાજની ગેરીલા લડાઇનીતિની હિમાયત હોલ્કર, સિંધિયા અને સુરજમલ જાટે કરી હતી. એની વિરુદ્ધ મત હતો સદાશિવરાવ ભાઉનો મુખ્યત્વે. ગેરીલા લડાયકનીતિ જેટલી મહારાષ્ટ્રના ડુંગરી પ્રદેશોમાં વિજયવંત નીવડી તેટલી ઉત્તર હિંદના સપાટ પ્રદેશમાં નીવડી ન હતી, અને એનો અનુભવ સિંધિયા હોલ્કરને થઈ પણ ચૂકયો હતો. હજી થો[illegible] પહેલાં જ મલ્હારરાવ હોલ્કરને પસંદખાને હરાવ્યો ન હતો ? દત્તાજી સિંધિયાને નજીબખાને એ લડાયકનીતિને પરિણામે જ માર્યો ન હતો ? ભાઉનો ઉદ્દગીરનો અનુભવ કહી રહ્યો હતો કે હવે મરાઠાએ સામે મોંએ લડાઇ આપવી જોઇએ. પસંદખાન જેવા ચોવીસ કલાકમાં સો માઇલ સવારી કરનારા અચ્છા તુર્કી સવારો સાથે મહારાષ્ટ્રીય સવારો હરીફાઇમાં ટકે તેમ હતું જ નહિ. એટલે જ ઇતિહાસે આજ દિવસ સુધી ભાઉને આપેલો અન્યાય હવે સુધારવો જોઇએ. ભાઉની દલીલ સાચી હતી અને હોલ્કર સિંધિયાની લડાયકનીતિ ખોટી હતી. પાણીપતની લડાઇમાં પણ મરાઠા અફઘાન સૈન્યને સામે મોંએ લગભગ હરાવી ચૂકયા હતા.

પેશ્વા બાલાજી બાજીરાવ એકવીસમી નવેમ્બરે પોતે આવે છે એમ ભાઉને ખબર આપે છે. પણ ર૭મી ડિસેમ્બર સુધી પૈઠણમાં વિવાહમાંથી નવરા થયા નથી ! આ ન ધારેલી લાંબી મુદતને લીધે મરાઠા લશ્કરને અનાજનો તોટો પડયો ને પરિણામે ભાઉને લડાઇમાં ઊતરવું પડ્યું. છતાં પણ ભાઉ ધાર્યા પ્રમાણે લડાઇ જીતી શકયો હોત એવા સંજોગો હતા.

સદાશિવરાવ ભાઉનું છેલ્લું વર્તન વીર યોદ્ધા તરીકેનું જ હતું. વિશ્વાસરાવના મૃત્યુ પછી અને હોલ્કર ગાયકવાડની શંકાભરેલી ઢીલચાલ પછી વીરત્વભરેલી રીતે યુદ્ધ કર્યા સિવાય એને બીજો ઉપાય જ ન હતો.

પણ ભાઉએ બે ગંભીર ભૂલો કરી હતી. બચ્ચાંકચ્ચાંનું મોટું જાળું લડાઇમાં સાથે લીધું હતું તે કોઇ પણ તાત્કાલિક પગલું લેતી વખતે વચ્ચે આવ્યા કર્યું. અબ્દઅલ્લીને જમના નદી ઓળંગવા દીધી એ પણ ભૂલ હતી. છતાં રૉલિન્સન કહે છે તેમ ભાઉ એની લડાયક નીતિમાં સાચો સેનાપતિ માલૂમ પડયો છે.

કાશીરાયનું વર્ણન છેઃ 'બીજે દિવસે (લડાઇ પૂરી

થયા પછી) અબ્દઅલ્લીએ શુજા-ઉદ્-દૌલાને કહેવડાવ્યું કે વિશ્વાસરાવનું શબ જોવા મોકલો. એ પ્રમાણે શુજાએ શબ મોકલી આપ્યું. નાનામોટા સૌ શાહની છાવણીમાં એને જોવા ભેગા થયા. એનો સુંદર સપ્રમાણ દેહ જોઇને દરેકના મોંમાંથી એનાં વખાણ નીકળી પડયાં. મૃત્યુથી એનો ચહેરો જરા પણ વિકૃત થયો ન હતો, અને જાણે મૃત્યુ ન પામ્યો હોય પણ લાંબી નિદ્રામાં પડયો હોય એમ એનાં પોપચાં શાંત રીતે ઢળી પડયાં હતાં. ડોકની પાછળ તરવારનો ઘા અને ડાબી આંખ પર તીરની ચોટ માલૂમ પડતાં હતાં. એને જોઇને ઘણા અફઘાનો બોલતા હતા કે આ કાફર લોકનો રાજા છે. આપણે એને કાબૂલ લઇ જઇશું. પછી શબને બરખોરદારખાનના તંબૂમાં લઇ જવામાં આવ્યું.

શુજા-ઉદ્-દૌલાને આ વાતની ખબર પડી ત્યારે તેણે અબ્દઅલ્લીને કહ્યું કે હિંદમાં મૃત્યુની સાથે વેર પૂરું થાય છે, અને મરણ પછી શબ તો એના ધાર્મિક સંસ્કાર પામવા માટે પાછું સોંપી જ દેવું જોઇએ. અમારે ભવિષ્યમાં મરાઠા સાથે કામ પડે ત્યારે આજનું અમારું વર્તન તે વખતે જવાબદાર ગણાશે. બરખોરદારખાનના વકીલ મોતીલાલ કાયસ્થને વિશ્વાસરાવના શબ માટે હું મળ્યો. બે દિવસ સુધી ચર્ચા ચાલી. બીજી વખત હું ગયો ત્યારે મોતીલાલે કહ્યું: ‘શબ માટે જ આવ્યા છો કે બીજું કામ પણ કરશો?’ મેં કહ્યું, ‘જે આપશો તે કામ કરીશ.’ પછી એ મને છાની રીતે તંબૂના અંદરના ભાગમાં લઈ ગયો. એક તંબૂમાં ભાઉનો વકીલ રાજા બાબુપંત ઘાયલ થઇને પડયો હતો. બીજા તંબૂમાં જેકોજી સિંધિયા બેઠો હતો. લગભગ વીસ વર્ષનો સુંદર જુવાન હતો. તેણે તેનો હાથ ઝોળીમાં ટેકવ્યો હતો. મને જોઇને એણે માથું નીચું નમાવી દીધું. મેં કહ્યું: ‘નામવર, શા માટે ઓછું લાવો છો? તમે તે દિવસે જે વીરત્વ બતાવ્યું છે તે તો માનવજાતની સ્મરણપોથીમાં નોંધાઇ ચૂકયું છે.’ તેણે કહ્યું: ‘સાચું, પણ રણક્ષેત્ર પર અમારું મૃત્યુ થયું હોત! આ લોકો મારી પાસેથી છુટકારાના પૈસા માગે છે, પણ અહીં મારી પાસે ક્યાંથી હોય? નવાબ અમારા પિતાના મિત્ર હતા અને એટલી મદદ આ વખતે કરશે તો અમે એ ભૂલીશું નહિ.’

મોતીલાલે કહ્યું કે છુટકારાના બદલામાં સાત લાખ રૂપિયાની માગણી છે.

હું નવાબ પાસે ગયો ત્યારે રોહીલા સરદાર નજીબ-ઉદ્-દૌલા ત્યાં બેઠો હતો. સિંધિયા સાથે એને વેર હતું એટલે મેં તુરત વાત કરવી મોકૂફ રાખી. પણ નજીબ-ઉદ્-દૌલાએ નવાબને કહ્યું કે કાશીરાયને કાંઇક કહેવું છે ને મારી હાજરીથી એ ભડકે છે. શુજા-ઉદ્-દૌલાએ કહ્યું કે આપણે બંને એક જ છીએ ને તમારાથી કાંઇપણ ખાનગી હોય નહિ. પછી એણે મને બોલાવી ગંગામૈયાના સોગન આપીને કહ્યું કે નજીબ-ઉદ્-દૌલાની હાજરીથી કાંઇ છુપાવવાનું નથી. મેં હકીકત કહી ત્યારે તો નજીબ-ઉદ્-દૌલાએ કહ્યું કે બરાબર છે. અરધી રકમ હું આપીશ. પણ પછી તે તરત જ વજીર પાસે ગયો ને વજીરે બરખોરદારખાનને શાહની નજરમાં હલકો પાડવાના હેતુથી શાહને વાત કરી. શાહે બરખોરદારખાનને બોલાવીને પૂછયું પણ તે નાસુક્કર ગયો. વજીરે મને સાક્ષી તરીકે બોલાવ્યો, પણ તેણે પોતાની વાત બદલી નહિ, એટલે શાહે ગુસ્સે થઇને તેનો તંબૂ તપાસવાનો હુકમ કર્યો. બરખોરદારખાને હોશિયારીથી પોતાના માણસોને સંદેશો મોકલી બંને કેદીને મારી નંખાવી દટાવી દીધા! આ પ્રમાણે જેકોજી સિંધિયાનું મરણ થયું.

ભાઉ સાહેબનો મૃતદેહ—માથા વિનાનો—મળ્યા પછી વિશ્વાસરાવ અને ભાઉસાહેબ બંનેનાં શબ શુજા-ઉદ્-દૌલાએ મને સોંપ્યાં. પછી મેં એ બંને દેહને ધાર્મિક સંસ્કાર કરીને અગ્નિદાહ આપ્યો.

ભાઉ હમેશાં એક હજાર ને બસો સૂર્યનમસ્કાર કરતો તેથી તેનું શરીર કાંતિમાન અને દૃઢ હતું.

ઇ. સ. ૧૪૨૦–૨૧માં અબ્દુલ રઝાક—ઇરાનનો સંદેશવાહક—વિજયનગરમાં આવેલો તેણે તેનું વર્ણન નીચે પ્રમાણે આપ્યું છે:

‘વિજયનગરનો ઘેરાવો સાઠ માઇલનો હશે; તેના કિલ્લાની દીવાલો પાસેની પર્વતમાળા સાથે જોડી દેવામાં આવી છે તેથી તેનો ઘેરાવો ઘણો વધ્યો છે. લગભગ ૯૦ હજાર સશસ્ત્ર સૈનિકો શહેરમાં હશે. રાજાની પાસે ૧૨૦૦૦ સ્ત્રીઓ છે, જેમાંથી ચાર હજાર તેની સાથે જ્યાં જાય ત્યાં જાય છે અને તેમનું ખાસ કામ રસોડાખાતામાં હોય છે. તે જ પ્રમાણે ચાર હજાર સ્ત્રી ઘોડેસવારો છે. શહેરને ફરતા સાત કિલ્લા છે. ‘ધૂમકેતુ’



અરુણનું અદ્ભુત સ્વપ્ન

પ્રકરણ ૯મું
આર્યભૂમિનાં દર્શન

'અરુણ! તારી માતૃભૂમિ છોડ્યાને તને કંઈ બહુ વખત થયો નથી એટલામાં તું એને ભૂલી ગયો?' ગરુડરાજ હસતા હસતા બોલ્યા. 'આ સામે દેખાય એ કૈલાસનું ભવ્ય શિખર. આપણે હિંદુસ્તાનના માથા પર બેઠા છીએ!'

'શું આ હિંદુસ્તાન?' મેં નવાઈ પામતાં પૂછ્યું. 'આ તો બહુ સુંદર છે.' મારાથી બોલી જવાયું.

'હિંદુસ્તાન સુંદર ન હોય?' ગરુડરાજે ગંભીર થઈને પૂછ્યું. 'પણ હું ભૂલ્યો. આજે તો તમારું માનસ જ એવું થઈ ગયું છે. તમને તો પારકું જ સારું લાગે છે. હિંદુસ્તાન દેશ સુંદર હતો; આજે પણ સુંદર છે. પરંતુ એનું સૌંદર્ય જોનારા ઘણા થોડા છે. અરુણ! તું વિચાર કર કે હજારો વર્ષ પૂર્વે આર્યો જે દેશની સુંદરતા પર મોહ્યા હતા તે જ આ દેશ. એનો એ જ ગગનભેદી, મનુષ્યનાં પગલાંથી અકલંકિત બરફથી ઢંકાએલાં શિખરોવાળો, હિમના આગાર જેવો આ હિમાલય; એની એ પતિતપાવની ગંગા, એની એ જમના, એની એ સિંધુ, અને આર્યભૂમિનાં ચરણોનું સતત પ્રક્ષાલન કરતો એનો એ મહાસાગર. દેશ બદલાયો નથી; દેશની પ્રજા બદલાઈ છે. મનુષ્યના આચારવિચાર, મનુષ્યની ઘડેલી સંસ્થાઓ એ જ બદલાયાં છે.—'

'પણ મનુષ્યો તો બદલાય જ ને?' મેં વચ્ચે જ બચાવ કરતાં કહ્યું.

'જરૂર. પણ બદલાવું હોય તો તે સારાને માટે જ ને? આજે તો તમે દેશને અધોગતિએ લાવ્યા છો.' ગરુડરાજ તિરસ્કારથી બોલ્યા. 'અરુણ! તેં રોમની ભવ્ય કથા સાંભળી, રોમની પ્રાચીન સંસ્કૃતિ વિષે સાંભળ્યું. તમારા હિંદની કથા પણ એટલી જ અદ્ભુત છે. હિંદની પ્રાચીન સંસ્કૃતિ એથી યે અપૂર્વ છે. વિશ્વના જ્ઞાનભંડારમાં હિંદનો ફાળો જરા યે નાનોસૂનો નથી. પરંતુ જે બ્રાહ્મણોએ હિંદની જ્ઞાનસમૃદ્ધિ વધારી એ બ્રાહ્મણોના જ સ્વાર્થી કૃત્યથી આજે દેશ તદ્દન નિરક્ષર અજ્ઞાન બન્યો છે. અરુણ! આર્ય ધર્મની ભાવના કેટલી વિશાળ ને સર્વવ્યાપી હતી! એ ધર્મમાં સહિષ્ણુતા કેટલી! અને આજે એ ધર્મના શા હાલ થયા છે? એમાંથી ચેતન તો ગયું જ છે. આજે ધર્મને નામે અધર્મ પૂજાય છે. આજે હિંદુ ધર્મ એટલે પથ્થરની અને પામરમાં પામર મનુષ્યોની પૂજા. હિંદ દેશ એટલે જાપાનમાં પૂજાતા ક્વાનન—દયાની પ્રતિમા સમા બુદ્ધ દેવની જન્મભૂમિ. હિંદ દેશ એટલે અહિંસાનો પાઠ પઢાવનાર મહાવીરની જન્મભૂમિ. આજે એ ધર્મ એટલે કબૂતરોના દાણા અને કીડીના લોટ પાછળ હજારો રૂપિયા;—જ્યારે દેશનાં કરોડો મનુષ્યો ભૂખે મરે! આજે અહિંસા એટલે માંકણો મારવા નહિ ને મચ્છરો મારવા નહિ;—જ્યારે એ મચ્છરના ભોગ થઈ ભલે હજારો મનુષ્યો મરણ પામે!

આર્યભૂમિ એ વીર પુરુષોની ભૂમિ ગણાતી. ઐતિહાસિક દૃષ્ટિએ રામાયણ કે મહાભારતનાં પાત્રોને તમે કદાચ કાલ્પનિક ગણો, તોપણ તમારે ત્યાં વીર પુરુષોની ક્યાં ખોટ હતી? અશોક, વિક્રમ ને હર્ષથી માંડી તે અકબર સુધી કેટલા મહાન સમ્રાટો થઈ ગયા! વીર રાજપૂતોએ તો ક્યાં લગી દેશનું ગૌરવ સાચવ્યું હતું. એ જ રાજપૂતોના વંશજો આજે બંગડી પહેરી બેઠા છે. આજે દેશનું વીર્ય જ નષ્ટ થયું છે. દેશ કેવળ

નમાલો બની ગયો છે અને ગુલામીમાં રાચે છે.

હિંદ દેશ વાણિજ્યને માટે પણ પ્રખ્યાત હતો. દેશના વેપારીઓ સાહસિક હતા. અનેક સાગરો ખેડી દૂરદૂર દેશાવર જતા અને પરદેશથી ધન લાવી દેશની લક્ષ્મી વધારતા. આજે તમારા વેપારીઓમાં સાહસનું તો નામ જ નથી, અને સ્વાર્થી પણ એટલા જ. દેશની લક્ષ્મી વધારવાને બદલે ઉલટી પરદેશ ઘસડાય છે તેમાં મદદ કરી રહ્યા છે! એક વખતનો ધનધાન્યથી ભરપૂર દેશ આજે ભૂખે મરે છે!

હિંદની પ્રાચીન કારીગરીનાં તો પરદેશીઓ પણ મુક્ત કંઠે વખાણ કરે છે. રોમમાં તેં યુરોપની સર્વશ્રેષ્ઠ કળાના ઉત્તમ નમૂના જોયા. તેં મિસરની ભવ્ય ઇમારતો જોઇ. હિંદની કળા, હિંદની ઇમારતો તને ઊતરતી લાગે છે? તેં તો કદાચ તારો દેશ ફરીને જોયો પણ નહિ હોય. અજન્તાનાં સુંદર ચિત્રો, વેલૂરમાં કૈલાસનું ભવ્ય મંદિર અને શિલ્પના નમૂનાઓ, સાંચીનો ટોપ કે દેલવાડાનાં અનુપમ દહેરાંઓ અને એથી યે, અર્વાચીન જગતની એક અજાયબી ગણાતો, કળાનો સર્વોત્કૃષ્ટ નમૂનો આગ્રાનો તાજમહાલ–'

'તાજમહાલ તો કોઇ ઇટાલિયને બાંધ્યો છે ને?' કોઇ ઠેકાણે વાંચેલું કે સાંભળેલું યાદ આવતાં મેં ડહાપણ ડોળ્યું.

'આ જ તમારી પરતંત્ર મનોદશા.' ગરુડરાજ તિરસ્કારથી હસ્યા. તમારા માલિકો તમને એમ મનાવવા માગે છે કે તમારામાં આવી અદ્ભુત કળા ન જ હોય. તમારામાં બાપડામાં આત્મશ્રદ્ધાનો છાંટો ન મળે એટલે એમના કહેવામાં તમે હાજી હા ભણો છો. દલીલ ખાતર એમ માની લઇએ કે તાજ કોઇ ઇટાલિયને બાંધ્યો હતો, પણ આરસની કારીગરીના સુંદર નમૂનારૂપ દેલવાડાનાં દહેરાં કોણે બાંધ્યાં? એ બંધાયાં ત્યારે ઇટલીમાં માઇકલ ઍન્જેલો પણ જન્મ્યો નહોતો. એ દહેરાં બાંધવાને તમે શક્તિમાન થયા હો તો પછી તાજ બાંધવાને કેમ નહિ? અરુણ! આ જ તમારી અધોગતિ. આવી અધમ દશામાં તમને દેશની સુંદરતાનું ભાન પણ શી રીતે થાય? આર્ય દેશ સુંદર હતો અને હજી યે સુંદર છે. માત્ર એના પર જમાનાની ધૂળ ચઢી છે. અજ્ઞાનરૂપી મલિનતા અને અધર્મરૂપી કાદવના થરો બાઝ્યા છે. એ થરને ઉખેડી, ધૂળને વાળીઝૂડીને સાફ કરવા જેટલી શક્તિ જ્યારે તમારામાં આવશે ત્યારે જ ભારતની ભવ્યતાનાં તમને દર્શન થશે.' ગરુડરાજ ખૂબ જ ઉશ્કેરાઇને બોલતા હતા.

'એ શક્તિ શી રીતે આવે?' મેં જરા ગભરાતાં પૂછ્યું.

'અરુણ!' જરા ઠંડા પડતાં ગરુડરાજ બોલ્યા. 'તેં પરીઓની અને રાજકુમારોનાં પરાક્રમની એવીએવી વાતો તો પુષ્કળ વાંચી હશે નહિ? એમાં એવું એવું આવે છે ને કે ધારેલી વસ્તુ મેળવવા માટે રાજકુમારને સાત પહાડ ઓળંગવા પડે, સાત સમુદ્ર ઓળંગવા પડે અને પછી રાક્ષસ કે એવાં કોઇ બળવાન પ્રાણી સાથે લડવું પડે, અને એ બધું કરી શકે ત્યારે જ ધારેલી વસ્તુ મેળવી શકે. અરુણ! આ આર્યદેશનો ફરી ઉદય જોવો હોય તો તમારે પણ એવું જ કંઇ સાહસ ખેડવું પડશે. તમારે પણ સમુદ્રો ઓળંગી દેશપરદેશથી સાધનો આણવાં પડશે, સાધનોનું જ્ઞાન આણવું પડશે. જાપાનથી

હસું

- પૃથ્વી -

અસંખ્ય કુટિરો થકી રજનીમાં સુણું શાંત હું
નિસાસ, વળી અશ્રુથી પ્રતિ નિશા દિવાલો ભીંજે,
છુટે કહીંક ડુસકાં હૃદય-સ્પન્દનો દુઃખના
સમાં, જન રીબાય ને અવનિમાં ભરે વેદના.

કરૂં કયમ પ્રવાહની ત્વરિત હું ગતિ અશ્રુની
વહાવી મુજ આંસુને? કયમ વિશાળ હું વેદના
તણા સૂર કરૂં બજાવી મુજ દુઃખના ગીતને?
ઊંડાણ ઉરના અગમ્ય તહીં હું ભરૂં સર્વ એ.

અને દિન અમાસને શશિવિહીન સિંધુ હસે,
હસે ઝરણ માર્ગમાં ખડક સાથ જ્યાં આથડે,
વીંધાય ઉર વીજથી ગગન મેઘનું એ હસે,
વીંધાઇ અથડાઇને ત્યમ હસું હમેશાં જગે.

પ્રહ્લાદ પારેખ

દેશાભિમાનનો મંત્ર આણવો પડશે, અમેરિકાથી યંત્રજ્ઞાન આણવું પડશે, ઈંગ્લંડથી રાજપટુતા કહો કે ધૂર્તવિદ્યા કહો તે સારી રીતે શીખી લાવવી પડશે અને એ સાથે ઇષ્ટ વસ્તુથી તમને દૂર રાખનાર કાળયવન જેવા સત્તાધારીઓ સાથે લડવું પણ પડશે. અરુણ! શરીર અને મન એ બંનેને કેળવશો, એ બંનેની સંપત્તિ વધારશો ત્યારે જ તમારાથી આ મહાભારત કાર્ય થઇ શકશે. બાકી તો જેમ કાદવમાં કીડા ખદબદે—જન્મે, જીવે ને મરે—તેમ તમે પણ કરશો. આર્યભૂમિનું ગૌરવ તમારા જેવા કીડાઓથી વધશે નહિ. એનું સૌંદર્ય તમારા જેવા કીડાઓ નિહાળી પણ નહિ શકે.'

ગરુડરાજ પૂર્ણ તિરસ્કારથી બોલતા હતા. એમનું બોલવું પૂરૂં થતાં અજબ શાંતિ છવાઇ. હું તો આ બધો તિરસ્કારનો વરસાદ મારા પર શા માટે એ વિચારે મૂંગો જ થઇ ગયો હતો. સંધ્યાનો પ્રકાશ અંધકારમાં ભળવા લાગ્યો હતો. કૈલાસના પવિત્ર શિખર પર બદલાતા રંગ જોતો હું બેઠો હતો, ત્યાં શાંતિનો ભંગ કરતો ઘંટનાદ સંભળાવા લાગ્યો. અનેક ઘંટાઓ ચારે બાજુએથી વાગતા હોય એવો અવાજ હતો. મેં ગરુડરાજ સામે જોયું. એમણે મારા મૂંગા પ્રશ્નનો ઉત્તર આપ્યો:

'કહેવાય છે કે અસલના કેટલા યે ઋષિઓ હિમાલયમાં આવીને વસ્યા હતા. એ હજી જીવતા હોય કે પછી એમના વંશજો, દરરોજ પ્રાતઃકાળે અને સંધ્યાકાળે ઘંટનાદ સાથે આર્યાવર્તની આરતી ઉતારે છે.' ગરુડરાજ પૂરૂં બોલી રહ્યા ન રહ્યા ત્યાં તો ઘંટનાદના ગંભીર રવ સાથે મળી જતો કોઇ કિન્નરકંઠમાંથી નીકળતા મધુર ગાનનો સૂર સંભળાયો:

(રાગ—ભીમપલાસ)

પુણ્યભૂમિ તું આર્યમાતા
પુણ્યભૂમિ સનાતના —પુણ્ય૦ટેક.

પુણ્ય છે તવ નામ અખંડિત, પુણ્ય તું જગવંદના,
પુણ્ય અંકે તવ રમ્યા શ્રી, રામકૃષ્ણ, બુદ્ધ દેવા;
કીર્તિગાથા જગમાં તારી, ભક્તો ગાએ અપારાઃ—પુણ્ય૦

પુણ્ય વહે જલ ગંગા નદીનાં, પુણ્ય શાં જનપાવના,
પુણ્ય હિમાચલ વસ્યાં જ્યાં, સતી સંગ મહાદેવા;
કીર્તિગાથા જગમાં તારી, ભક્તો ગાએ અપારાઃ—પુણ્ય૦

પુણ્ય ક્ષેત્ર શાં કાશી સરીખાં, પુણ્ય શાં ભવતારણાં,
પુણ્ય જ્યાં કંઈ વેદઋચાઓ, ગાઈ ચાર મુખ બ્રહ્મા;
કીર્તિગાથા જગમાં તારી, ભક્તો ગાએ અપારાઃ—પુણ્ય૦

સંધ્યાની શીતળ શાંતિ અને આ અદ્દભુત સંગીતથી હું તો ગાઢ નિદ્રામાં પડ્યો. એ નિદ્રામાં મને કેવાં યે સ્વપ્નાં આવ્યાં. ગરુડરાજના શબ્દો મને કોણ જાણે ખૂબ જ સાલતા હતા. શું આપણે નમાલા! મને તો એમ જ થયું કે જાણે હું રાજકુમાર ભારતદેવીને રાક્ષસોના પંજામાંથી છોડાવવા નીકળી પડું છું. રાક્ષસોની સાથે યુદ્ધની તૈયારી કરતો હતો ત્યાં તો મારૂં શરીર કોઇ ખૂબ હલાવતું હોય એવો ભાસ થયો. એ રાક્ષસ જ હશે એમ માની એની સાથે લડવા બેઠો થઇ ગયો. મારી આંખ ઊઘડી ગઇ. જોયું તો રાક્ષસને બદલે મારી મા! એ તો કોણ જાણે કેમ હસતી હતી!

'અરુણ! કેટલું મોડું થયું? સવાર તો ક્યારની પડી ગઇ. ઊઠવું નથી?'

'પણ—પણ હું ક્યાં છું?' હું આંખો ચોળતો ચોળતો બોલ્યો.'

'કેમ ક્યાં? કંઈ સ્વપ્નું બપ્નું આવ્યું હતું કે શું?' મારી બાએ પૂછ્યું.

'ગરુડરાજ સાથે હું સાત સમુદ્ર ઓળંગી પૃથ્વીની પ્રદક્ષિણા ફરી આવ્યો તે સ્વપ્નું કે સાચું?' અને પછી મારી માને જ્યારે મેં બધી વાત કરી ત્યારે એનાથી બોલી જવાયું: 'કેવું અદ્દભુત સ્વપ્નું!'

(સંપૂર્ણ) **હંસા મહેતા**

અંકજંત્ર-રચના

[૬] એકવડી બેકી સંખ્યા

૩×૨=૬; ૫×૨=૧૦; ૭×૨=૧૪ એ પ્રમાણે ૬, ૧૦, ૧૪ અને એવી એક સિવાયની કોઇપણ એકી સંખ્યાને બમણા કરવાથી આવતી બેકી સંખ્યાને **એકવડી બેકી સંખ્યા** કહે છે.

એકી સંખ્યાના જંત્રોની રચના જેટલી સર્વસામાન્ય અને સરળ છે તેટલી બેકી સંખ્યાના જંત્રોની રચના નથી. એટલે જે બેકી સંખ્યાને એકી સંખ્યાના સ્વરૂપમાં વિભાગી શકાય તેવી, (અર્થાત્ એકવડી બેકી) સંખ્યાના અંકજંત્રની રચનાનો વિચાર પહેલો કરીએ.

૬, ૧૦, ૧૪ અને એવી એકવડી બેકી સંખ્યાના જંત્રોની રચના કરતી વખતે તે સંખ્યાના જેટલાં ખાનાંવાળો ચોરસ દોરી તેમાં બરોબર વચ્ચોવચ્ચ ઊભી અને આડી મધ્યરેખાઓ આંકી એ આખા ચોરસના ચાર સરખા વિભાગ બનાવો.

દાખલા તરીકે આપણે ૬ સંખ્યાનો જંત્ર બનાવવો છે તો, નીચેની આકૃતિમાં દર્શાવ્યા મુજબ છ ઊભાં અને છ આડાં એ રીતનાં છત્રીસ ખાનાં વાળો ચોરસ બનાવી તેની વચ્ચે કાળી રેખા આલેખી નવનવ ખાનાંવાળા ચાર સરખા ચોરસોમાં તેને વિભાગો. અને તે દરેક વિભાગમાં આ લેખમાળાના પહેલા હપ્તામાં બતાવેલી એક અંકના જંત્રની સર્વસામાન્ય રીતની અંકજંત્ર રચના કરો.

૮	૧	૬	૧૭	૧૦	૧૫
૩	૫	૭	૧૨	૧૪	૧૬
૪	૯	૨	૧૩	૧૮	૧૧
૩૫	૨૮	૩૨	૨૬	૧૯	૨૪
૩૦	૩૨	૩૪	૨૧	૨૩	૨૫
૩૧	૩૬	૨૯	૨૨	૨૭	૨૦

એ મુજબ આલેખી આ આકૃતિમાં બધી બાજુનાં મળીને છત્રીસ ખાનાંવાળી અંકજંત્ર રચના કરી છે. તેમાં બધી ઊભી હારોનો સરવાળો તો સરખો થાય છે; [એટલેકે $\frac{6}{2}\times36$ $(36+1)\div6=3\times37=$ ૧૧૧ થાય છે.] પણ બધી આડી હારોમાં તેમજ તે આકૃતિની કર્ણરેષાઓમાં તે પ્રમાણે થતું નથી. આને માટે વિચારવાનું રહ્યું.

જે એકવડી બેકી સંખ્યાનો જંત્ર યોજવાનો હોય તેના અર્ધમાંથી એક બાદ કરી, તે બાદબાકીનું ફરી અર્ધ કરતાં જે સંખ્યા આવે તેને 'સ્થાનાંતર સંખ્યા' કહે છે. દાખલા તરીકે ઉપલી ૬ના ચોરસની જે રચના કરી છે તેમાં ૬÷૨=૩; અને (૩-૧) ÷ ૨=૧. એટલે ૧ એ સ્થાનાંતર સંખ્યા કહેવાય; તે જ રીતે ૧૦ના ચોરસમાં રચના કરવી હોય ત્યારે તે જ પ્રમાણે ૧૦ ÷ ૨=૫; (૫-૧) ÷ ૨=૨. એટલે તેમાં ૨ એ સ્થાનાંતર સંખ્યા ગણાય. એ જ રીતે ૧૪ના ચોરસમાં ૩ સ્થાનાંતર સંખ્યા ગણાય.

હવે આ મોટા ચોરસમાંના ઉપરના ડાબી બાજુના પેટા ચોરસમાં, ડાબી બાજુએ પહેલેથી (વચલી આડી હાર સિવાય) સ્થાનાંતર સંખ્યા જેટલી ઊભી હારોના અંકોને અનુક્રમે તેની નીચેના પેટા ચોરસમાંના તેના જેવાં જ ખાનામાં આવેલા અંકો સાથે અરસપરસ બદલાવો. તેમજ વચલી આડી હારમાં ડાબી તરફથી પહેલું ખાનું છોડી બીજે ખાનેથી સ્થાનાંતર સંખ્યા જેટલાં ખાનાંમાં આવેલા અંકોને તે જ પ્રમાણે ચોથા ચોરસમાં આવેલા અંકો સાથે બદલાવો. દાખલા તરીકે, આ છ ખાનાંનો ચોરસ હોવાથી તેની સ્થાનાંતર સંખ્યા ૧ છે. તેથી ડાબી તરફની માત્ર પહેલી જ ઊભી હારના અંકોનો બદલો કરવાનો રહેશે; અને તેમાં પણ એ ચોરસની વચલી આડી હાર છોડી દેવાની હોઇ, ઉપરનો અને છેલ્લો બે જ અંક બદલાવવાના થશે. અને વચલી હારમાં ડાબી તરફથી પહેલો આંકડો છોડતાં સ્થાનાંતર સંખ્યા જેટલો, એટલે એક જ (વચલો) આંકડો ફેરવવાનો આવશે. આ નિયમ પ્રમાણે બદલાવવાના અંકો કાળાં બીબાંથી બતાવવામાં આવેલા છે.

હવે બીજા, જમણી બાજુના ઉપલા પેટા-ચોરસમાં, ડાબી બાજુએ પહેલેથી સ્થાનાંતર સંખ્યા કરતાં એ વધારે (એટલેકે ત્રણ) ઊભી હારોમાં આવેલા અંકો અનુક્રમે તેની નીચેના પેટા ચોરસમાં તેવાં જ ખાનાંમાં આવેલા અંકો સાથે અરસપરસ બદલાવો. આ નિયમ પ્રમાણે બદલાવવાના અંકો કાળાં બીબાંથી બતાવવામાં આવેલા છે. આ બંને નિયમો પ્રમાણે ક્રિયા કરીએ એટલે નીચે મુજબનો અંકજંત્ર તૈયાર થાય.

૩૫	૧	૬	૨૬	૧૯	૨૪
૩	૩૨	૭	૨૧	૨૩	૨૫
૩૧	૯	૨	૨૨	૨૭	૨૦
૮	૨૮	૩૩	૧૭	૧૦	૧૫
૩૦	૫	૩૪	૧૨	૧૪	૧૬
૪	૩૬	૨૯	૧૩	૧૮	૧૧

આ રીતે કરેલી રચનાથી આડી, ઊભી અને ત્રાંસી એ ત્રણે રીતે સરવાળો એકસરખો—એટલે કે ૧૧૧ થાય છે, પણ તે સર્વાંગ અંકજંત્ર તો નથી જ. ઉપર આ રીતનો વધુ મહાવરો થાય તે સારૂ દસનો અંકજંત્ર આ નીચે ગોઠવી બતાવ્યો છે.

૧૭	૨૪	૧	૮	૧૫	૪૨	૪૯	૨૬	૩૩	૪૦
૨૩	૫	૭	૧૪	૧૬	૪૮	૩૦	૩૨	૩૯	૪૧
૪	૬	૧૩	૨૦	૨૨	૨૯	૩૧	૩૮	૪૫	૪૭
૧૦	૧૨	૧૯	૨૧	૩	૩૫	૩૭	૪૪	૪૬	૨૮
૧૧	૧૮	૨૫	૨	૯	૩૬	૪૩	૫૦	૨૭	૩૪
૯૨	૯૯	૭૬	૮૩	૯૦	૬૭	૭૪	૫૧	૫૮	૬૫
૯૮	૮૦	૮૨	૮૯	૯૧	૭૩	૫૫	૫૭	૬૪	૬૬
૭૯	૮૧	૮૮	૯૫	૯૭	૫૪	૫૬	૬૩	૭૦	૭૨
૮૫	૮૭	૯૪	૯૬	૭૮	૬૦	૬૨	૬૯	૭૧	૫૩
૮૬	૯૩	૧૦૦	૭૭	૮૪	૬૧	૬૮	૭૫	૫૨	૫૯

આમાં સ્થાનાંતર સંખ્યા ૨ છે, તેથી પહેલા અને તેની નીચેના ચોરસમાં બે બે ઊભી હારોમાંના અંકો બદલાવવા પડશે. તે કાળાં બીબાંથી પહેલા ચોરસમાં દર્શાવેલા છે. તે જ પ્રમાણે સ્થાનાંતર સંખ્યા ૨+૨=૪ ઊભી હારોનો અદલોબદલો બીજા અને તેની નીચેના ચોરસમાં કરવો પડશે. તે

૯૨	૯૯	૧	૮	૧૫	૬૭	૭૪	૫૧	૫૮	૪૦
૯૮	૮૦	૭	૧૪	૧૬	૭૩	૫૫	૫૭	૬૪	૪૧
૪	૮૧	૮૮	૨૦	૨૨	૫૪	૫૬	૬૩	૭૦	૪૭
૮૫	૮૭	૧૯	૨૧	૩	૬૦	૬૨	૬૯	૭૧	૨૮
૮૬	૯૩	૨૫	૨	૯	૬૧	૬૮	૭૫	૫૨	૩૪
૧૭	૨૪	૭૬	૨૩	૯૦	૪૨	૪૯	૨૬	૩૩	૬૫
૨૨	૫	૮૨	૮૯	૯૧	૪૮	૩૦	૩૨	૩૯	૬૬
૭૯	૬	૧૩	૨૦	૨૨	૨૯	૩૧	૩૮	૪૫	૭૨
૧૦	૧૨	૯૪	૯૬	૭૮	૩૫	૩૭	૪૪	૪૬	૫૩
૧૧	૧૮	૧૦૦	૭૭	૮૪	૩૬	૪૩	૫૦	૨૭	૫૯

પ્રમાણે તે અંકો પણ દર્શાવેલા છે. આ જંત્રમાં દરેક આડી, ઊભી ને ત્રાંસી હારમાં આવેલા અંકોનો સરવાળો $\frac{10}{2}\times100$ $(100+1)\div10=505$ આવે છે. આ પ્રમાણે તૈયાર થએલો ચોરસ ઉપર બતાવ્યો છે.

મોહનલાલ પંચોળી

અમેરિકાના પત્રો ૪

આ અઠવાડિયે એકબે ફૅક્ટરી જોવા જઇશ. આખું અઠવાડિયું Spring recess (વસંતઋતુની રજા)નું છે. દિવસો ઝડપથી પસાર થાય છે; નાતાલ હમણાં જ ગઇ એવું લાગે છે. બાકીનાં સાત અઠવાડિયાં પણ એમ જ પસાર થઇ જશે! પછી ૧૪ અઠવાડિયાંની રજા આવે છે. એમાં શું કરવું? મોટરમાં અમેરિકામાં ઘૂમવાનો વિચાર છે. બૉસ્ટનમાંથી અનંત અને બીજા બેત્રણ મિત્રો સાથે આવવા તૈયાર થયા છે. વિનાયકનું કામ જૂનની આખરે ખતમ થાય છે એટલે એ કદાચ પાછળથી જોડાશે. આ યોજના પ્રમાણે ઉત્તરમાં નાયાગરા, શિકાગો, મોન્ટ્રીઅલ, ઓટાવા, ત્યાંથી ઓરેગૉન અને સાન-ફ્રાન્સિસ્કો અને ત્યાંથી લૉસ ઍન્જેલિસ થઇને દક્ષિણને રસ્તે પાછા ફરીશું. વળતાં ફિલાડેલ્ફિયા અને વૉશિંગ્ટન થઇને પાછા હતા ત્યાં ને ત્યાં. કુલ દસેક હજાર માઇલની મુસાફરી છે, અને ત્રણ મહિને પાછા ફરીશું. આ કાગળનો જવાબ મળશે ત્યારે તો કદાચ તૈયારી સંપૂર્ણ થઇ ચૂકી હશે. ફરવા જવાનું લગભગ નક્કી જ કર્યું છે. કાન્તિનો શો વિચાર છે? એને માટેનો એન્જિનીઅરિંગને લગતો કોર્સ તો બે વર્ષમાં પૂરો થઇ જાય છે, પણ ટેક્સ્ટાઇલ ડિઝાઇન, કૉટન વગેરે ટેક્સ્ટાઇલને લગતો કોર્સ ત્રણ વર્ષમાં ફેલાએલો છે. એ બે વર્ષમાં પૂરો કરવો મુશ્કેલ છે. ઉનાળામાં ટેક્સ્ટાઇલનો અભ્યાસક્રમ માત્ર નૉર્થ કૅરોલિનામાં અપાય છે.

જાપાનીઓ કોઇપણ હિસાબે હિંદુસ્તાનનું બજાર કબજે કરવા માગે છે. જાપાનમાં મજૂરોનો પગાર હિંદુસ્તાન કરતાં પણ ઓછો છે. સરકાર બાઉન્ટી આપે, ઑટોમૅટિક મશિનરીનો છૂટથી ઉપયોગ કરે, બે શિફ્ટથી કામ લે એટલે માલ સસ્તો પડે એમાં નવાઇ શી? આપણે ઑટોમૅટિક મશિનરી દાખલ કરીએ તો મજૂરો કામ કરવાની ના પાડે. વળી સરકાર પરદેશી એટલે મીલોને રક્ષણ તો આપવું જ પડે. સાથેસાથે મીલોએ સુધારા કરવા જોઇએ. પણ આ સ્થિતિમાં રક્ષણ અનિવાર્ય લાગે છે.

... પરીક્ષાના માર્ક ૧૦૦માંથી છે. અહીં ત્રણ ગ્રેઇડ આપે છે. ૭૦–૭૫ પાસ; ૭૫–૮૦ ક્રેડિટ; ૮૦–૧૦૦ ઑનર. ૭૦થી નીચે નાપાસ.

અભ્યાસમાં ક્લૉથ ઍનાલિસિઝ, ટેક્સ્ટાઇલ ટેસ્ટિંગ, ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી, ટેકનૉલૉજી ઑફ ફાઇબર્સ, કૉટન ઍન્ડ વૂલ ફિનિશિંગ આવી જાય છે. કૉટન મિક્સિંગ નથી આવતું. એ કૉટન ઍન્જીનીઅરિંગમાં આવી જાય છે; પણ હું શીખી લઇશ. કાન્તિને તો આવશે જ.

આ દેશમાં પૂર્વ તરફ છોકરીઓની આઠદસ અલગ કૉલેજો છે. પશ્ચિમમાં બધે સહશિક્ષણ છે. એના કૅલેન્ડર માટે તપાસ કરીશ. કઇ જાતના કોર્સ છે એ ખબર નથી; પણ સંગીત, રસોઇ અને એવા વિષયો પર ભાર મૂકાય છે એટલી ખબર છે.

ગુજરાતી યુનિવર્સિટીમાં ભાષા હિંદી રખાય તો કેમ? આખા દેશ માટે એક સર્વસામાન્ય ભાષા તો જોઇશે જ. પરીક્ષા મુંબઈ યુનિવર્સિટી જેવી તો ન જ રાખવી. એમાં લંડનનું અધકચરું અનુકરણ છે અને ગોખણિયા પદ્ધતિને ઉત્તેજન મળે છે. જોકે એને માટે સવાલો પૂછવાની પદ્ધતિ પણ કંઇક અંશે જવાબદાર છે. ચાર પાંચ વિષયો શીખવાના હોય એમાં એકાદમાં નાપાસ થયા એટલે ચારનાં પાંચ વર્ષ થઈ ચૂક્યાં.

અહીં પરીક્ષામાં દરેક વિષયમાં દર પંદર દિવસે ટેસ્ટ પેપર આપવો જોઇએ. ટર્મની આખરે પરીક્ષા લેવાની, અને બંને રેકર્ડની સરેરાશ કાઢી ગ્રેઇડ આપવો જોઇએ. અમુક વિષયમાં ટેસ્ટ પેપર એક ટર્મમાં કેટલા આપવા તે એ વિષય પ્રમાણે પ્રોફેસર જાતે જ નક્કી કરી લે. દરેક ટર્મની આખરે પરીક્ષા ફાઇનલ ગણવી જોઇએ. બીજી ટર્મની પરીક્ષામાં પહેલી ટર્મનું પૂછાવું ન જોઇએ, પ્રોફેસરને ખાસ જરૂર લાગે તો જ પૂછે. જે વિષયમાં નાપાસ થાય એ જ ફરીવાર લે અને બીજા વિષયોમાં આગળ ચાલે. એકબે વિષયમાં નાપાસ થાય એટલે આખું વર્ષ પુનરાવર્તન કરાવવાની જરૂર નથી. એટલે એક કોર્સ અઠવાડિયામાં બે વખત અપાવો જોઇએ. એક વખત રીતસર બધા વિદ્યાર્થીઓ માટે અને બીજો પુનરાવર્તન કરનારાની સગવડ માટે. અલબત્ત, એને માટે થોડો વધારે સ્ટાફ રાખવો પડે; પણ રેસિડેન્શ્યલ યુનિવર્સિટીમાં આની ખાસ અગવડ ન પડે. છેલ્લા

વર્ષમાં રેગ્યુલર વર્ગો ઓછા કરી નાખવા જોઇએ અને થીસીઝ દાખલ કરવી જોઇએ. આખું વર્ષ થીસીઝ માટે રખાય તોપણ ખોટું નથી. સ્વભાષામાં થીસીઝ સારી લખી શકાય. અથવા તો અહીંની જેમ થીસીઝ અથવા ઑપ્શન્સ રાખવા. M.I.T.નો ચાર્ટ ઘણો સરસ હોય છે. એ વિનાયક મોકલશે. ત્યાં કેટલાક વિષયો અઠવાડિયામાં બે વખત અને ત્રણ વખત પણ પુનરાવર્તન કરે છે. ત્યાં વીસ ડિપાર્ટમેન્ટ છે અને વખતનો ઝટ મેળ ન ખાય તેથી જર્મન, ફ્રેંચ જેવા સામાન્ય વિષયોનું ત્રણ વખત પુનરાવર્તન કરવું પડે છે. હાર્વર્ડમાં બે વર્ષથી કેમ્બ્રિજની ઢબ ઉપર 'ટયુટોરિયલ સિસ્ટમ ફૉર ફાઇનલ ઇઅર' દાખલ કરી છે. એમાં નિયમિત વર્ગો તો ખરા, પણ હાજરી આપવી કે નહિ તે વિદ્યાર્થીની મરજી ઉપર છોડવામાં આવ્યું છે. કંઈ પણ કારણ આપ્યા સિવાય ગેરહાજર રહી શકે. અલબત્ત, આ લાભ ત્રીજા વર્ષની આખરે H. ગ્રેઈડ મળ્યો હોય એ જ લઇ શકે છે. પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે નિયમોમાં અપવાદ રાખવો જોઇએ અને ઘણું વૉલન્ટરી કરવું જોઇએ. પણ એ ચોથા વર્ષ માટે અને પોસ્ટ ગ્રૅજ્યુએટ કોર્સ માટે. પહેલા, બીજા અને ત્રીજા વર્ષના કોર્સમાં તો બરાબર ગ્રાઇન્ડિંગ જોઇએ. એમાં છૂટ મૂકવામાં નુકસાન જ છે. પાયો એ સિવાય મજબૂત નથી થઇ શકતો. વિદ્યાર્થીઓને માથે દર પંદર દિવસે ટૅસ્ટ પેપર લટકતો હોય અને એનું પરિણામ છેવટના ગ્રેઇડમાં ગણાવાનું હોય એટલે ઝટ નિયમિત વાંચવાનું ચાલુ થાય. સાથે એક વાત એ ભૂલવા જેવી નથી કે મુંબઇ યુનિવર્સિટી માર્કની ગણત્રીમાં ગણિતશાસ્ત્રને સુંદરની જેમ વળગી રહે છે. ધારો કે સિત્તેર પાસિંગ માર્ક હોય અને સરેરાશનો સરવાળો સડસઠ કે અડસઠ આવ્યો હોય તોપણ ચોકઠી મૂકી દે. અહીં એવું નથી કરતા. ક્લાસમાં ચાલુ સવાલોના કેવા જવાબો આપ્યા હોય છે વગેરેની પ્રોફેસર નોંધ રાખે છે અને એનો અભિપ્રાય છેવટનો ગણાય છે. વળી અભ્યાસક્રમનું ધોરણ ઢીલું ન મૂકવું જોઇએ. મુંબઇનું હાલનું ધોરણ એ રીતે ઘણું સરસ ગણી શકાય. માત્ર પરીક્ષાની પદ્ધતિ જ એકલી ખરાબ છે. દર વર્ષે યુનિવર્સિટી હુકમ કાઢે કે આટલા ટકા પરિણામ આપવાનું છે અને એ રીતે માર્ક ગણાય, એવું ન થવું જોઇએ. અભ્યાસક્રમનું અમુક ધોરણ નક્કી થાય એટલે એને જ વળગી રહેવું જોઇએ. પછી જોઇએ તેટલા પાસ થાય.

આ અહીંની છોકરાઓની કૉલેજો માટે લખ્યું છે. છોકરીઓની કૉલેજોમાં પણ આવી જ પદ્ધતિ હશે એમ માની લઉં છું. ત્યાં અભ્યાસક્રમની રચના કેવી છે એની મને કાંઈ ખબર નથી. અહીંનું નિયમન ત્યાં કદાચ કામ ન લાગે. ત્યાંના વાતાવરણ પ્રમાણે એ ગોઠવી લેવું જોઇએ. અહીં અભ્યાસક્રમ સહેલાઇથી બદલી શકાય છે. . . . . . નો જ દાખલો લ્યો. એને ઇકૉનૉમિક્સમાં ન ફાવ્યું અને મૅથેમૅટિક્સ લેવું હોય તો મુંબઈમાં તો છેક ઇન્ટરમાં પાછા જવું પડે; જ્યારે અહીં પાછા ગયા વગર ફેરફાર કરી શકે. સાથેના બીજા ગૌણ વિષયો, જેવા કે અંગ્રેજી ભાષા, લૉજિક વગેરે કર્યા હોય એટલે એની ક્રેડિટ આપે. એટલે એક કે દોઢ વર્ષમાં મૅથેમૅટિક્સ પૂરું કરે તો ડિગ્રી મળે. આવી સ્થિતિસ્થાપક ગોઠવણ દાખલ કરી હોય તો?

મને એક વખત સહજ શરદીની અસર થઇ હતી. એ સિવાય શિયાળો મજાથી પસાર થયો. એનું કારણ તો આહારમાં નિયમિતતા અને એક જ ક્વૉલિટીનાં કપડાં આખો શિયાળો પહેરેલાં. એક દિવસ થોડી વધારે ઠંડી હોય એટલે એક ગંજીફ્રાક વધારે પહેરો અને બીજે દિવસે ઠંડી ઓછી થાય એટલે કાઢી નાખો તો ચોક્કસ શરદી લાગે! અહીં છોકરાઓ ઘણીવાર ખોરાકમાં પ્રોટીન્સ અતિશય પ્રમાણમાં લે એ પણ શરદીનું કારણ હોઈ શકે. સવારે, બપોરે ને સાંજે ત્રણે વખત માંસ ખાય એ કેવી રીતે જીરવી શકે?

બર્નાર્ડ શૉએ અહીં ગયે અઠવાડિયે ન્યૂ યૉર્કમાં એક ભાષણ આપ્યું. રેડિયો ઉપર એ આખું યે સાંભળ્યું. માણસ પ્રતિભાશાળી લાગે છે, પણ વિચિત્ર છે. અમેરિકન રાજ્યબંધારણને અરાજકતા સાથે સરખાવ્યું. એના કહેવા પ્રમાણે રશિયામાં બરોબર રાજ્ય ચાલે છે, જ્યારે અમેરિકામાં રાજ્યબંધારણ એવું છે કે પ્રેસિડેન્ટ રાજ્ય કરી શકે જ નહિ. પણ શૉ એક વાત ભૂલી જાય છે કે બંધારણની વિરુદ્ધ અમેરિકામાં ગમે તે કહી શકાય; જ્યારે રશિયામાં કૉમ્યુનિઝમની વિરુદ્ધ એક અક્ષર પણ ન કહેવાય. કૉમ્યુનિઝમનો અમલ કરવાની રીતોમાં ગમે તેટલી ટીકા કરી શકાય, પણ મૂળ સિદ્ધાંતની સામે એક અક્ષર પણ ન બોલાય.

ગયે અઠવાડિયે ઓચિંતું બરફનું તોફાન થયું. એપ્રિલની અધવચમાં બરફનું તોફાન સો બસો વર્ષમાં એકાદ વખત જ થાય છે. બપોરે તડકો પડતો હતો; સાંજે ઋતુ બદલાઈ; ને બીજે દહાડે સવાર સુધીમાં તો પંદર ઈંચનો થર જામી ગયો! પછી બે દિવસ વરસાદ પડયો એટલે બધો બરફ ધોવાઇ ગયો. ન્યૂ ઇંગ્લંડની ઋતુ આવી હોય છે!

મારા અભ્યાસને લગતી હકીકત બેત્રણ પત્રોમાં લખી છે, એથી સ્પષ્ટીકરણ થયું હશે. મને . . . . ના લેક્ચરથી જોઇએ તેટલો સંતોષ ન થયો. બહુ જનરલ હોય છે. કૅલિકો પ્રિન્ટિંગનાં લેક્ચર બહુ સારાં ન આપ્યાં. હૅમ્પ્ટન કંપનીમાં પ્રિન્ટિંગ જોયું. કુશળ થવા માટે ચારપાંચ વર્ષનો અનુભવ જોઇએ. જુદા જુદા શેઇડ્ઝ માટે પ્રિન્ટિંગ પેઇસ્ટ તૈયાર કરવામાં ખુબી છે. અમેરિકાની પ્રિન્ટર્સ એસોસીએશનના નિયમ પ્રમાણે સાત વર્ષના અનુભવ સિવાય ડિપાર્ટમેન્ટનો ચાર્જ સોંપી ન શકાય. પ્રિન્ટિંગ, ડાઇંગ, બ્લીચિંગ વગેરેનાં પ્રમાણભૂત પુસ્તકોનો અભ્યાસ શરૂ કર્યો છે.

. . . . ના લેક્ચર માટે મારા મન પર સારી અસર ન થઈ, જ્યારે ઑરગૅનિક કેમિસ્ટ્રીમાં મેં ધાર્યા કરતાં પણ ખૂબ સરસ શીખવાય છે. આખું ચોથું વર્ષ કોલ ટારના રંગો ઉપર લેબૅારેટરી વર્ક હોય છે. ક્વૉન્ટિ-ટેટિવ ઍનાલિસિસ પણ સારી કરાવે છે,–પાણી, તેલ, ગળી, સાબુ, બ્લીચિંગ પાઉડર વગેરેની ઍનૅલિસિસ. ભેળસેળ હોય તો કેટલા પ્રમાણમાં છે, કેમ ઓળખી કાઢવો વગેરે પણ ખરૂં. આ સાથે ડાઇંગ લેબૉરેટરીની નોટીસ મોકલી છે એ ઉપરથી પ્રૅક્ટિકલનો ખ્યાલ આવી શકશે. ટેક્સ્ટાઇલ ટેસ્ટિંગનો હજુ બહુ ખ્યાલ નથી. ઘણો ઉપયોગી વિષય છે એમ છોકરાઓ કહે છે. મારે આવતે વર્ષે લેવાનો છે.

અહીંથી યુરોપની ઘણી જાતની સફરો થાય છે. આઠદસ વિદ્યાર્થીઓ સાથે એકબે અભ્યાસી પ્રોફેસરો હોય. એવી સફર દરેક ઉનાળામાં થાય છે. પણ એ તો આગળ ઉપર. આ વર્ષે તો મોટરમાં અમેરિકા સોંસરી જ સફર કરીશ.

કાન્તિ બ્રેમનમાં નીકળી અહીં આવશે. તે મુસાફરીમાં સાથે જ આવશે એમ મેં માની લીધેલું. મારી પરીક્ષા પહેલી જૂને ખલાસ થાય છે, એટલે હું કાન્તિને લેવા ન્યૂ યૉર્ક જઈશ. મુસાફરી પંદરમી જૂનથી પંદરમી સપ્ટેમ્બર સુધી થશે. પ્રથમ ઉત્તરમાં મોન્ટ્રીઑલ, ક્વિબેક અને ઓટાવા થઈ નાયાગરા. વચ્ચે બફેલો અને ક્લીવ-લૅન્ડ બે ઔદ્યોગિક સ્થળો આવે છે એ જોઇ શિકાગોનો જગતમેળો જોઈ ત્યાંથી સીધા કૅલિફૉર્નિયા જઇશું. વચ્ચે મધ્ય–પશ્ચિમ પ્રદેશમાં ખાસ જોવાનું કાંઈ છે નહિ. રૉકી પર્વતોમાં કોઇક ઠેકાણે પંદરેક દિવસ કૅમ્પ કરીશું. પછી પર્વતોમાં જ દક્ષિણ તરફ સાનફ્રાન્સિસ્કો, લૉસ ઍન્જેલિસ (હોલીવૂડ) જોઇ બેએક દિવસ 'હૂવર ડૅમ' જે હમણાં બંધાય છે ત્યાં રોકાઇશું. આ ડૅમ નવી જ રીતે બંધાય છે. જમીન ઉપર લૉરીમાં બે વિભાગમાં આખો ડૅમ બંધાય છે. તે પૂરો થયા પછી ટેઇમ્સ નદી ઉપર પાટિયાં પડે છે એમ એ ડૅમ મૂકશે, અને પછી સીમેન્ટિંગ કરશે. વળતાં પેન્સિલ્વાનિયા, ડેટ્રૉઇટ વગેરે સ્થળો, કે જ્યાં લોઢું, એલ્યુમિનિયમ, કાંસું વગેરેનાં કારખાનાં છે એ જોવા મળશે. ફૉર્ડનાં કારખાનાં પણ એટલામાં જ છે. ત્યાંથી બાલ્ટીમોર, વૉશિંગ્ટન અને ફિલાડેલ્ફિયા થઇ પાછા ઉત્તરમાં બૉસ્ટન. આખી મોટર-ની મુસાફરી છે એટલે ચોક્કસ તારીખવાર કાર્યક્રમ રચવો મુશ્કેલ છે. તમે કાગળ ચાલુ ઠેકાણે જ લખજો એટલે અહીંથી સૂચના પ્રમાણે અમને મળ્યા કરશે.

હમણાં ગ્રેગને મળ્યો હતો. એમનો એક પ્રશ્ન છે: ખેડુતો ચંદ્રની ગતિ અનુકૂળ હોય એ વખતે જ બીઆં વાવે છે. જુદાજુદા પાક માટે ચંદ્ર અમુક રાશિમાં હોય એ વખતે જ વાવેતર કરે છે. દરેક પ્રકારના અનાજ માટે જુદોજુદો સમય છે. આ પ્રથા ઘણાખરા દેશોમાં આજે પણ છે. એક સ્વીડિશ વિજ્ઞાનશાસ્ત્રીનું એવું અનુમાન છે કે 'ચંદ્રનાં કિરણ મૂળ પ્રકાશનાં નથી પણ સૂર્યનાં પ્રતિબિંબિત થઇને આવે છે, એટલે એ પોલરાઇઝ્ડ થએલો પ્રકાશ ગણી શકાય. બીજથી પૂનમ સુધી કળા વધે એમ એની અસરની ઘનતા વધતી જાય છે. જે અનાજને અનુકૂળ અસર જ્યારે હોય ત્યારે તેનું વાવેતર કરે.' આ માટે હિંદુ શાસ્ત્રોમાં કંઇ પણ નિર્દેશ છે? ત્યાંના ખેડુતો આ પ્રમાણે કરે છે ખરા? કાંઇપણ માહિતી મળી શકે તો ગ્રેગને લખજો; મને પણ લખજો.

અમારી અમેરિકાની સફર માટે બંધ ફૉર્ડ ગાડી લીધી છે અને કાન્તિને લેવા એ મોટરમાં જ જઇશું.

એના આવ્યા પછી બેત્રણ દિવસમાં જ નીકળી જઇશું. થાક લાગશે ખરો, પણ રાત્રે પૂરતો આરામ લઇશું અને વચ્ચેવચ્ચે બેત્રણ દિવસ એક જ ઠેકાણે રહીશું. વળી રૉકી પર્વતોમાં કોઇ ઠેકાણે પંદરવીસ દિવસ પડ્યા રહીશું એટલે સારો આરામ મળશે. સફરનો નકશો પાછળથી મોકલીશ. સીને-કૅમેરા અહીંથી જ લેવો પડશે.

તમે મોકલાવેલું ભરૂચીરૂ જોઈ શ્રી. વિશ્વાસે કહ્યું કે એમાંથી ૪૫ કાઉન્ટ તો ખુશીથી નીકળી શકે. વધારે કાઉન્ટ નીકળેકે નહિ તેની અખતરા કર્યા પછીખબરપડે.

હાલ ઋતુ ખૂબ સરસ છે. ત્યાં ઑક્ટોબરમાં માથેરાનમાં હોય તેવી છે. મુસાફરીમાં અમે ચાર જણા છીએ: ૧ હું (લૉવેલ ટેક.), ૨ કાન્તિ, ૩ અનંત પંડ્યા (M.I.T.), ૪ મીર અહમદ રસુલ (હાવર્ડ એન્જીનીઅરિંગ સ્કૂલ). એ પંજાબ યુનિવર્સિટીના એમ. એ. છે અને કાશ્મીર સ્ટેટના સ્કૉલર છે.

અહીં કેટલો ખર્ચ આવે એ તમે પુછ્યું છે. જુદી-જુદી જગ્યાએ ખર્ચ ઓછોવત્તો આવે છે. ચોક્કસ આંકડો નક્કી કરવો મુશ્કેલ છે. અમે રહીએ છીએ એ ભાગ અમેરિકામાં સૌથી વધારે (ન્યૂ યૉર્ક શહેર બાદ કરતાં) ખર્ચાળ ગણાય છે. મારી કૉલેજ ફી ૩૦૦ ડૉલર છે અને વાર્ષિક ખર્ચ ૧૨૦૦ ડૉલર આવે છે. દેશના અંદરના ભાગોમાં ખર્ચ ઓછો આવે છે. એટલે૧૦૦૦થી ૧૫૦૦ ડૉલરની વચ્ચે આવે. આ દેશને બીજે છેડે જાઓ તો એથી પણ ઓછો ખર્ચ આવે. એક વિદ્યાર્થી કૅલિફૉર્નિયાની નજીકમાં ભણે છે એ રહેવા અને ખાવા માટે મહિને ૨૮ ડૉલર આપે છે. હું અઠવાડિયે ૧૨ ડૉલર આપું છું. એટલે તમે જોશો કે એમાં નક્કી કરવું મુશ્કેલ છે. અહીં આવતાં પહેલાં ક્યાં રહેવું છે અને કઇ કૉલેજમાં જવું છે એ પૂછાવે તો કેટલો ખર્ચ આવશે એ આશરે કહી શકાય.

અમેરિકાનો નકશો પછી મોકલાવીશ. અહીં ફરવું સહેલું છે. આખા દેશમાં રસ્તાને નંબર આપ્યા હોય છે. બૉસ્ટનથી ન્યૂ યૉર્ક જવું હોય તો રસ્તાનો નંબર જોઇ લેવાનો. દાખલા તરીકે બૉસ્ટનથી અમુક ગામ સુધી ૩ નંબર, ત્યાંથી ૧૧૦ નંબર, એમ. પછી રસ્તામાં કયાં ગામ આવે છે એ જાણવાની જરૂર નહિ. દરેક ક્રૉસિંગ ઉપર નંબર લખેલો હોય. એ પ્રમાણે સીધા ચાલ્યા જવું. મુસાફરી દરમ્યાન તમારી ઉપર હું રસ્તાના નંબર લખતો રહીશ, એટલે નકશા ઉપરથી તરત રસ્તો જોઇ શકશો.

મારી તબિયત સારી છે. ગરમી પડે છે. ૮૦–૮૫° ડિગ્રી સુધી ટેમ્પરેચર રહે છે. ઉનાળામાં ૯૦ જાય છે. આ વખતે ઉનાળો કંઇક વહેલો શરૂ થયો.

આવતા ગુરુવારે પરીક્ષા પૂરી થાય છે. બૉસ્ટન ૧૪મી અથવા ૧૫મીએ છોડીશું, એટલે કાન્તિને અહીં પૂરતો વખત મળશે. કાન્તિ જોડાશે એ ગણતરી ઉપર જ પ્લાન નક્કી કરેલો. ૧૯૩૩ની ફોર્ડ લીધી છે. આઠ સિલિંડરની ગાડી છે ને ગૅલને ૨૦ માઇલ આપે છે.

¶. . . . આવતે અઠવાડિયે—ચૌદમી કે પંદરમીએ અમે બૉસ્ટન છોડીશું. મોટરનું ઘસારાખર્ચ ન ગણતાં પેટ્રોલ, તેલ વગેરેનો ખર્ચ, ખાવાપીવાનો, રહેવાનો અને મુસાફરીનો ખર્ચ, માથાદીઠ ૨૫૦ ડૉલર આવશે એમ ગણત્રી છે. મોટર તો કદાચ હું પછી રાખી જ લઇશ. કાન્તિ પણ અહીં હશે એટલે બીજાં ત્રણ વર્ષ સુધી ઉપયોગ ખૂબ થશે. આ રજાઓમાં પ્રથમ તો દક્ષિણની બધી ટેક્સટાઇલ મિલો જોવાનો વિચાર હતો, પણ એ આગળ ઉપર.

મુસાફરીમાં બે જણ હોય તો ટ્રામ કે બસ કરતાં મોટર જ સસ્તી પડે છે, અને વળી પછીની રજાઓમાં ગમે ત્યાં ફરવા જઇ શકાય એ વધારામાં. મોટર ગરાજનું ભાડું મહિને ત્રણ ડૉલર અને પેટ્રોલ એક ડૉલરનું ૭ ગૅલન મળે. જ્યારે ટ્રામ કે બસમાં એક વખત બેસવાના દસ સેન્ટ આપવા પડે છે. એટલે મોટર ઘણી સસ્તી પડે છે. એટલી સસ્તી કે અહીં કડિયા, દાડિયા ને મજૂરો પણ પોતાની મોટર રાખે છે. એની સામે અહીંની ગરીબાઇ મૂકો. ગઇ કાલે સાંજે એક માણસ મળ્યો. ચાલીસેક માઇલ દૂર જવું હશે. રસ્તાની પૂછપરછ કરતો હતો. કહે કે 'ધોરી રસ્તો છે; રાતોરાત ચાલી નાખીશ!'

જુદા કવરમાં અમેરિકાનો નકશો મોકલ્યો છે. તેમાં રાતી પેન્સિલ વડે રસ્તો બતાવ્યો છે. નકશામાં દરેક રસ્તા ઉપર નંબર આપ્યા છે. હવે દરેક ટપાલે શહેરનું નામ અને રસ્તાનો નંબર લખતો જઇશ; એટલે નકશામાં તરત જોઇ શકશો. જે જે શહેરો ઉપર ચોકડી કરી છે ત્યાં કારખાનાં જોવાનાં છે. ઍલ્યુમીનિયમ

કંપનીની ઘણી સરસ ઓળખાણો મળી. આ સફરનો મુખ્ય ઉદ્દેશ કારખાનાંઓ જોવાનો છે. અહીંના એન્જીનીઅરિંગ ડિપાર્ટમેન્ટનો ખ્યાલ મળે. અમસ્તા જ દસ હજાર માઇલ મોટર હાંકી જવાનો કાંઇ અર્થ નથી. દક્ષિણની ટેક્સ્ટાઈલ મીલો જોવી છે, પણ ત્રણ મહિનામાં સમાતું નથી એટલે આગળ ઉપર વાત. ❡....અમે પંદરમીએ સાંજે કૅમ્બ્રિજથી નીકળ્યા. રાત્રે લૉવેલ પહોંચી ટપાલ વાંચી. લૉવેલથી ૧૬માએ બપોરે બાર વાગ્યે નીકળી સાંજે વૉટરવીલે પહોંચ્યા. ત્યાં રાત રહી સવારે નીકળી આજે સાંજે કિવબેક આવ્યા છીએ.

કૅનેડામાં આવ્યા છીએ એની તરત ખબર પડે છે. રસ્તા હિંદુસ્તાન જેવા. મોટરો ભાગ્યે જ મળે. ઘણીખરી ખચ્ચરગાડીઓ, પણ હાંકે રૉફથી. મને મોટર હાંકતાં પણ એટલો આનંદ નહિ આવતો હોય. અમેરિકાના પ્રમાણમાં અહીં ગરીબાઇ સ્પષ્ટ જણાઇ આવે. આ ભાગમાં અંગ્રેજી બહુ થોડું બોલાય છે. મોટો ભાગ ફ્રેંચ. કેટલાકને અંગ્રેજી શબ્દ પણ આવડે નહિ !

રસ્તા અમેરિકામાં ખૂબ સરસ છે. આખો દિવસ મોટરમાં ફર્યા છીએ તેનો બીલકુલ થાક જણાય નહિ. પચાસ સાઠ માઇલની ચાલુ ઝડપે જઇ શકાએ. મોટરનું મશિન પણ સરસ છે. ૮૦ હૉર્સપાવરનું છે અને ૭૦ માઇલની ઝડપે જરાપણ અવાજ કર્યા સિવાય જાય છે. કાલે કિવબેક ગામ જોઇશું.

[ચાલુ] **શાન્તિ**

સ્વાસ્થ્ય • શક્તિ • સૌંદર્ય



ભાઇ અલિમહમદ મકરાણી રાજકોટના વતની. ઉમર વર્ષ ૨૫. નિયમિતપણે એકાગ્રતાપૂર્વક દેશી વ્યાયામથી કેવું સરસ શરીર કેળવી શકાય એનો દષ્ટાન્ત. હજારેક દંડ અને બે હજાર બેઠક કરવી, એમના મનથી રમત વાત છે. ભરાવદાર ખભા, ઉન્નત છાતી અને સાંઢના જેવી ગરદન પરથી એમનાં બીજાં અંગોનો વિકાસ કલ્પી શકાય છે.

એડવર્ડ બૉક

❡ અનુસંધાન પૃ. ૪૦૮થી ચાલુ


આ સ્થાન સ્વીકારવામાં સલામતી જોઈ નહિ. તેણે તો પ્રેસિડેન્ટ કલીવલૅન્ડ અને પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ જેવા મહાન માણસોનો વિશ્વાસ મેળવવાની તથા તેમની સાથે ગાઢ મિત્રાચારી કરવાની મોજ માણી. ખરૂં જોતાં યુનાઇટેડ સ્ટેટ્સમાં ભાગ્યે જ એવો કોઇ પ્રખ્યાત માણસ હશે કે જેના નિકટ પરિચયમાં એડવર્ડ બૉક આવ્યો નહિ હોય.


૧૯૧૮માં બ્રિટિશ ગવર્નમૅન્ટ તરફથી તેર અમેરિકન અધિપતિઓના પ્રતિનિધિ મંડળમાં ફ્રાંસ અને ગ્રેઇટબ્રિટનની મુલાકાત લેવાનું તેને આમંત્રણ મળ્યું હતું. આ સફર દરમ્યાન તેણે ઘણા નામાંકિત યોદ્ધાઓની અને મિત્રરાજ્યોના રાજદ્વારી પુરુષોની મુલાકાત લીધી.

ઇ. ૧૯૧૯માં બૉકે 'લેઈડીઝ હોમ જર્નલ'ના તંત્રીપદનું રાજીનામું આપ્યું ત્યારથી તેણે પોતાનું ધ્યાન નાગરિક જીવનની બાબતો ઉપર દોર્યું, કારણકે તેના આગલા ઉદ્યોગી જીવનમાં તેને આવી બાબતોના વિચાર કરવા માટે ભાગ્યે જ સમય રહેતો હતો.

અમેરિકાની વિશ્વવિખ્યાત વિદ્યાપીઠોએ ઘણી પદવીઓથી તેને નવાજ્યો હતો. એક વખત જે માણસ અમેરિકાના બારા ઉપર અંગ્રેજી ભાષાનો એક શબ્દ પણ બોલી શકે નહિ એવી સ્થિતિમાં ઊતર્યો હતો તેના અવસાનસમયે એક નામાંકિત શહેરી તરીકે અમેરિકાએ તેનું ગૌરવ કર્યું.

(અંગ્રેજી ઉપરથી) **ગજેન્દ્ર રાવળ**





ઉપર : બંદરમાં (બીજું ઇનામ); નીચે : કોઠો (ત્રીજું ઇનામ).

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

'હૃદયમંથન' જયંતકુમાર સી , રાજપીપળા-પહેલું ઇનામ; 'બંદરમાં' શબ્બીર કે. સૈયદ (ઉમર ૧૦ વર્ષ), પાલનપુર-બીજું ઇનામ; 'કોઠો' જયરામ ગુલાબ સૂડીવાળા, જામનગર-ત્રીજું ઈનામ; 'તન સુંદર' પ્રહ્લાદસિંગ હ. રાવ, વડોદરા-ઉત્તેજના પારિતોષિક. આ રીતનાં ઇનામો મેળવનારાં આ માસનાં આ ચિત્રો બહુ ઊંચી પંક્તિનાં નથી, પણ દરેકે સ્વતંત્ર વસ્તુવિચાર કર્યો જણાય છે. 'હૃદયમંથન'ને બદલે રૂપનિરીક્ષણ નામ આપ્યું હોત તો ઠીક લાગત. ભાઈ શબ્બીરનું ચિત્ર તેની ઉમર જોતાં બેશક પ્રશંસાપાત્ર છે. કોઠાનું ચિત્ર આકાશથી જુદો ઉઠાવ લેવા વધુ પ્રકાશ માગે છે, તેમજ ચિત્રના પાયાની લીટી સાવ આડી છે તેની વચ્ચે વિરામ લાવવાને જનાવરો કે માણસોનું જૂથ હોત તો ઠીક થાત 'તન સુંદર' એ ચિત્રનું નામ





ઉપર : હૃદયમંથન (પહેલું ઇનામ); નીચે : તન સુંદર (ઉત્તેજના).

પણ જુદું હોત તો સારૂં હતું. એમાંનો બગીચાનો દેખાવ કમી કરી હજુ ઘણેરી ખૂબીથી એ ચિત્ર લઇ શકાય તેમ છે.

ચતુરભાઈ ભાવસાર (વસો)-'છેલ્લો માલ' એ તમારી સારી ફોટોગ્રાફીનો નમૂનો છે, પણ ચિત્ર પાછળના દેખાવ જોડે ભેળાઇ જાય છે. નામની કંઇ અસર થતી નથી. ગોહેલ છગનલાલ (રાજકોટ)-તમારૂં જૈન મંદિરોનું ચિત્ર ફિલ્ટર દ્વારા અને પૅંક્રોમૅટિક ફિલ્મ ઉપર લેવાનું જોઇતું હતું. સૈયદ અહમદ ઘણાવાળા (બ્રિટ્સ-ટ્રાંસવાલ)-તમારે પણ ફિલ્ટર અને આઇસોક્રોમ ફિલ્મનો ઉપયોગ કરવો જોઇએ. વિનોદ શાહ (મુંબાઇ)-સંધ્યાનું આકાશ સારૂં છે, પણ ચિત્રવિધાન રસમય બન્યું નથી.

તમારી ફિલ્મો ડેવેલપ કરવાનું તથા તેનાં પ્રિન્ટિંગ કે એન્લાર્જનું કામ કુમાર કાર્યાલય જૂજ કિંમતે કરી આપશે.

ફોટોગ્રાફી હરીફાઇને અંગેના પત્રવ્યવહાર માટે પોતાના નામઠામવાળું ટિકિટ ચોડેલું કવર સાથે અવશ્ય મોકલવું જોઇએ. હરીફાઇ માટે મોકલાએલા ફોટોગ્રાફની પાછળ પાડનારનું નામ, સરનામું તથા વિષયનું નામ વગેરે લખવું જોઇએ, છૂટા કાગળ પર નહિ.



માધુકરી

જાગે તેના જશ લોકમાં, ઊંઘે તેને અંધારાં;
જાગેલી દુનિયા તો જીતતી, હો રે સૂતાં બીચારાં.

ફરતા લોકો રે ચરી જશે, બેઠા ભૂખે રે મરશે;
દરિયે હટાશે રે પાંગળા, તારા તોફાન તરશે.

તમે રે દટાયા, ભૂખે મર્યા, અંગે અંગે બંધાયા,
પરને પનારે પડયા તમે, જોઇ બંધન રાચ્યા.

(ફોયા ભગતની કડવી વાણી)

જગતનો તરવાનો આંક તોડનાર પ્રફુલ્લ ઘોષ

દુનિયાભરના તરવૈયાઓ કરતાં એકીસાથે વધુ વખત પાણીમાં રહીને હિંદને એક નવો કીર્તિકલશ અપાવનાર કલકત્તાના પ્રફુલ્લ ઘોષે ત્રણ દિવસ ને ત્રણ રાત પાણીમાં ટકીને જગતના તરવૈયાઓમાં પ્રથમ પદ સર કર્યું છે ગયા ઑકટોબરની ૨૨મી તારીખની સવારે આઠ ને છ મિનિટે તેણે રંગુનના રૉયલ સરોવરના જળમાં પ્રવેશ કર્યો અને ચાલુ ૭૯ કલાક અને ૨૪ મિનિટ સુધી પાણીમાં ટકાવ કરીને દુનિયા આખીનો તરવાનો આંક તોડયો. તેમની પહેલાંનો ૭૯ કલાકનો આંક નોંધાવનાર જર્મન કુમારી રથ લેત્ઝિઝ (Ruth Letziz) ઇસન (Essen) ખાતે પોતાના એ પ્રયત્નને અંતે મૃત્યુ પામી હતી; જ્યારે પ્રફુલ્લ ઘોષ તો આંક તોડયા બાદ ૧૬$\frac{૧}{૨}$ મિનિટ વધુ પાણીમાં રોકાયા હતા અને બહાર નીકળ્યા પછી થોડા વખતમાં તો પાછા તાજા બની ગયા હતા. તેમનો વિચાર તો ૧૦૦ કલાક પૂરા કરવાનો હતો, પરંતુ પ્રેક્ષકો અને મિત્રોના આગ્રહથી પરાણે બહાર આવ્યા હતા. બે તરવૈયા મિત્રોના ટેકે ઊભા રહી છબી પડાવ્યા બાદ તે શિથિલ બની જતાં ઍમ્બ્યુલન્સમાં મુકામ તરફ ગયા હતા.

આ હકીકત સારા યે ભારતવર્ષને ગૌરવ અપાવે તેવી છે. હૉકી અને કુસ્તીમાં તો હિંદે પ્રથમ પદ ક્યારનું પ્રાપ્ત કરી લીધું છે અને આ ત્રીજું પદ પ્રફુલ્લ ઘોષે મેળવ્યું તેથી જગતભરને ખાતરી થઈ શકશે કે હિંદનાં માણસો શરીરબળ કે તાકાત બતાવવામાં પાછળ નથી.

રંગુનની પ્રજાએ આ પ્રસંગને એક જાહેર ઉત્સવ કરી બતાવ્યો હતો. પ્રફુલ્લ ઘોષે જે ઘડીએ આંક તોડયો તે જ ઘડીએ આનંદના દારૂખાનાના અવાજથી રંગુનનું આકાશ ગાજી ઊઠયું હતું અને હજારોની મેદની રૉયલ સરોવરને કાંઠે જમા થઈ ગઇ હતી. તરવૈયા મંડળે પ્રફુલ્લ ઘોષની સલામતી માટે બધી જ ગોઠવણો અને તૈયારીઓ કરી મૂકી હતી. બહાર આવ્યા તે ઘડીએ તેમને લઇ જવાને ઍમ્બ્યુલન્સ તૈયાર હતી. બર્મા નર્સ મંડળનાં સેક્રેટરી મિસિસ ડી. આર્કીએ તેમની સારવાર માટે ત્રણ દિવસ વિના ફીએ રોકાણ કબૂલ્યું હતું.

૨૫મી ઑકટોબરને બુધવારે ત્રણ વાગ્યે પ્રફુલ્લ ઘોષ બહાર આવ્યા ત્યારે પ્રજાની લાગણીના ઉછાળાનો પાર નહોતો. સવારમાંથી લોકોની મેદની સરોવર આગળ જામવા લાગી હતી. ઘણાને તો બીક હતી કે ઘોષ બેભાન થઇ જશે, પરંતુ તે તો વખતોવખત લોકોના આવકારને હાથ ઊંચો કરી જવાબ આપતા હતા. બે હોડીઓ તેમના પર સતત નજર રાખતી હતી. વળી જરૂર પ્રમાણે વારંવાર તેમને ઓવલટાઇનનું પૌષ્ટિક સ્વાદિષ્ટ પીણું પાવામાં આવતું હતું. તેમના આનંદ માટે હોડીમાં ગ્રામોફોન વાગતું હતું. જેમજેમ મુદ્દત ભરાતી ગઇ તેમતેમ લોકો અને શુભેચ્છકોની ચિંતા ગંભીર થતી ગઇ. તેમના વહીવટદાર મિ. વિષ્ણુ ઘોષને પણ તે આટલે સુધી ટકશે એવી આશા નહોતી; પણ તેમણે તો ખુશખુશાલ એ આંક તોડયો.

પ્રફુલ્લ ઘોષ ૩૩ વર્ષના પરિણીત બંગાળી જુવાન છે. કલકત્તાના મન્મથનાથ ઘોષના તે પુત્ર. તેમનો જન્મ કલકત્તામાં જ થયો હતો. ઈ.સ. ૧૯૧૭માં તે કલકત્તામાં ગંગા નદીમાં તરવૈયા તરીકે પહેલી નામના પામ્યા હતા અને પછી કલકત્તા સેન્ટ્રલ સ્વિમિંગ કલબના ઉસ્તાદ બન્યા હતા.

કલકત્તામાં જ તેમણે ૭૨ કલાક ને ૧૮ મિનિટનું રેકર્ડ મેળવ્યું હતું. આ છેલ્લા પ્રસંગમાં તેમને સરોવરના કાચબાઓએ બેત્રણ બચકાં ભર્યાં હતાં તથા હાથપગની સપાટીઓ પર કરચલી વળી ગઇ હતી. વળી ખભા ઉપરથી તરવાનું પહેરણ જરા ફાટયું હતું. પાણીમાંથી તે બહાર નીકળ્યા ત્યારે આંખો લાલઘૂમ થઇ ગઈ હતી અને થાકની છેવટ હદે પહોંચી ગયા



શ્રી પ્રફુલ્લ ઘોષ

હતા. છતાં બહાર આવી રંગુનના મેયર ડૉ. ફુગલ સાથે હાથ મેળવ્યા બાદ લથડયા હતા તેમના મુકામ પર પહોંચતાં શરીર પર લગાડી રાખેલો ગ્રીઝ (મલમ) લૂછી આખા શરીર પર શાંતિ અને રૂઝ લાવનાર પાઉડર લગાડી દેવામાં આવ્યો હતો. તે પછી નવટાંક દૂધ પીને તે તરત સૂઇ ગયા હતા અને ત્રણ દિવસે બહાર આવ્યા હતા.

રંગુનની પ્રજાએ તેમની યથોચિત કદર કરી બતાવી છે. તેમને આઠ સોનાના અને એક રૂપાના ચાંદનાં જુદી જુદી સંસ્થાઓએ માનાર્પણ કર્યાં છે. હવે તે સિંગાપુર જશે અને ૨૪ કલાક સુધી હાથ બાંધીને તરી બતાવશે તે પછી તે અમેરિકા, યુરોપ વગેરે દેશોમાં પણ જવા ધારે છે, અને ઇંગ્લંડની ખાડી એક વાર તો સૌ તરે છે, પણ તે તો આ પારથી બીજે પાર એમ બે વાર તરવા ધારે છે.

તેમનો છેલ્લો પ્રસંગ અસાધારણ શ્રમ, સહિષ્ણુતા અને સંકલ્પશક્તિ દાખવે છે. તે વખતે હવા પણ પ્રતિકૂળ થઇ હતી. બે રાત ઝાપટાં પડયાં હતાં. પણ વાતાવરણ બદલાયાનો વિચાર તેમણે મનમાં સંઘર્યો હોત તો તે કદી વિજય પામત નહિ ઊંઘનું ઘારણ જોર કરતું હોય અને જીવનું જોખમ માથે ઝૂમી જ રહ્યું હોય તેવી પળે કોઇને પણ પ્રયત્ન છોડી દેવાનો વિચાર સહજમાં થાય. છતાં આ વીર નરે પોતાનું ધ્યેય પકડી રાખી હિંદનું મોં ઉજ્જ્વલ કર્યું છે. યુરોપ ને અમેરિકા તો આવા નરોનાં મોટાં કીર્તિસ્તંભો કરે અને ગગનભેદી પ્રશંસા-વાક્યો ગજાવે ત્યારે હિંદ માત્ર સહૃદય હર્ષ બતાવી સંતોષ લેશે જ.

(રંગુન ડેઈલી ન્યુસ ઉપરથી).

રબ્બરની હોડીમાં પ્રવાસ



મૃત્યુને કેડે બાંધીને જર્મનીથી ચીન સુધી માત્ર એક રબ્બરની હોડીમાં ત્રણ વર્ષની મુસાફરી સંપૂર્ણ કરવાની હામ ધરાવનાર આ વીર જર્મન યુવક હેઈન્ઝ પૅપનબર્ગ પોતાની રબ્બરની હોડકીમાં ૧૫,૦૦૦ માઇલ કરતાં વધુ મુસાફરી કરીને નદીઓ અને દરિયાઓ વટાવતો હમણાં ગોમતી નદી મારફત લખનૌ પહોંચ્યો હતો. સાઇકલ અને મૉટર ઉપર તો આજે ઘણા યે પર્યટન કરે છે, પણ એક માણસથી જાતે ઉચકી લઈ જઈ શકાય એટલી નાની રબરની હોડીમાં નદીઓ અને સમુદ્રો ખૂંદી વળવાનો આ પહેલો પ્રયાસ છે. એ હોડી માત્ર ૧૬ ફૂટ લાંબી, ૨'૮" પહોળી અને વજનમાં ૬૦ પાઉંડ છે. હેઈન્ઝ પૅપનબર્ગ પોતાના ભાઇ સાથે ૧૯૩૨ની ૮મી સપ્ટેમ્બરે આ હોડીમાં જર્મનીથી ઉપડયો છે.

એનો રસ્તો કંઈક આ પ્રમાણે છે: ન્યૂ નિચથી કાળા સમુદ્ર લગી યુરોપના બરડામાંથી વહેતી ડાન્યુબ નદી ઓળંગીને એ ભૂમધ્ય સમુદ્રમાં પેઠો. પછી ઊંટ અને ખચ્ચરની મુસાફરી કરી બગદાદ આવ્યો, અને ત્યાંથી પોતાની નાનકડી હોડીમાં બસરા લગી ગયો. ફરી પાછો જમીન માર્ગે પોર્ટ સૈયદ આવ્યો અહીં સુએઝની નહેર ઓળંગીને કૈરોથી નાઈલ નદીનાં ધસમસતાં પૂરમાં અતબરા સુધી સામે પ્રવાહે ગયો. પછી તો કંઇક જમીન અને કંઇક સમુદ્ર માર્ગે થઇને એડન આવ્યો. ત્યાંથી આગબોટમાં કલકત્તા આવ્યો. અલ્લાહાબાદથી એણે ગંગાનો પ્રવાસ શરૂ કર્યો ને હવે એ બ્રહ્મપુત્રાનો પ્રવાસ શરૂ કરીને તિબેટ જશે. ત્યાંથી યાંગસેક્યાંગ નદી વાટે ચીનમાં શાંગહાઇ

સુધી જશે. તેનો આ પ્રવાસ લગભગ ત્રણ વર્ષે પૂરો થશે અને એ પૂરો થતાં જગતમાં એક અપૂર્વ સ્પોર્ટ રેકોર્ડ થવાનો. —ન.

કોરી

કોરી કચ્છનો ચલણી સિક્કો છે. કચ્છ દરબારની ટંકશાળમાં તે છપાય છે. તેનું વજન ૬૦ ગ્રેઇન છે તેની કિંમતનો આધાર બજારભાવ ઉપર છે. ચાલુ ભાવમાં તેની કિંમત લગભગ ચાર આના બરાબર થાય છે. કચ્છમાં હિસાબ રૂ. આ. પા. થી નથી થતો પણ કોરી અને દોકડામાં થાય છે. પશ્ચિમ હિંદનાં દેશી રાજ્યોમાં કચ્છે જ પોતાનો સિક્કો ચાર સદીથી કાયમ રાખ્યો છે. એ કોરીની ઉત્પત્તિની કથા રસિક છે.

કચ્છના રાવ શ્રી ભારમલ્લજીને જહાંગીર બાદશાહનું અમદાવાદથી તેડું આવ્યું. કચ્છને ચારે બાજુએ વિંટળાઇ વળેલા દરિયાએ તથા રણના ખારા પાણીએ કેટલા યે મોગલ સેનાપતિઓને હતાશ કરી મૂક્યા હતા. કચ્છ જીતવાના બાદશાહના કોડ અધૂરા રહ્યા. હવે તો રાવ સાથે સંધિ કરવામાં બાદશાહનું ગૌરવ હતું રાવને પણ આ મોકો જતો કરવો ઉચિત ન લાગ્યો. રા'એ અમદાવાદના પાદરે પડાવ નાખ્યો બીજે દિવસે કચેરીમાં જઇ તેણે એક થાળ સોનામહોર અને પાંચસો કચ્છી ઘોડા બાદશાહને ભેટ ધર્યા અને કચ્છના કોઇ પણ બંદરેથી હાજીઓ મક્કે હજ પડવા જાય તેમને મફત ત્યાં પહોંચાડી દેવાનું કબૂલ કર્યું. બાદશાહ ખુશ થયા ને કચ્છને મિત્રરાજ્ય તરીકે કબૂલ્યું. આ પ્રસંગની યાદગીરીમાં રા'એ ચાંદીનો સિક્કો પાડ્યો તેનું નામ 'કુંવરી'. શહેનશાહે પૂછાવ્યું કે સિક્કાનું નામ 'કુંવરી' કેમ? રા'એ ખુલાસો કર્યો કે તમારો સિક્કો મોટો એટલે રૂબાલ 'કુંવર' જેવો, અમારો સિક્કો નાનો એટલે 'કુંવરી'.

આ 'કુંવરી'નું અપભ્રંશ કોરી થયું. 'કોરી'ની એક બાજુ પર રાવનું નામ તથા બીજી તરફ મોગલ શહેનશાહનું નામ લખાતું આ શિરસ્તો મહારાઓ દેશળજીના સમય સુધી ચાલ્યો. કચ્છ બ્રિટિશ સલ્તનત નીચે આવ્યા પછી કોરીની એક તરફ મહારાઓનું નામ તથા વિક્રમ સંવત અને બીજી બાજુએ હિંદના શહેનશાહનું નામ તથા ઇસ્વી સન લખાય છે.

આ સાથે આપેલા ચિત્રમાં ડાબી બાજુ જૂની કોરી અને જમણી તરફ નવી કોરીઓની બંને બાજુઓ દર્શાવેલી છે જૂની કોરી મહારાઓ દેશળજીના સમયની છે. તેની એક બાજુએ રાઓશ્રી દેશળજીનું નામ તથા સંવત ૧૮૭૯ છે અને ઉપર ત્રિશૂળ છે. બીજી બાજુએ દિલ્હીના ગાદીપતિ છેલ્લા મોગલ બાદશાહ બહાદુરશાહનું નામ છે. ઉર્દુ અક્ષરમાં ત્રણ લીટી છે. ઉપરની લીટીમાં બાદશાહ ગાઝી (એટલેકે સમ્રાટ બહાદુર) એમ લખેલું છે. તેમાં 'બા' છપાએલો નથી બીજી લીટીમાં બહાદુરશાહનું નામ છે. ત્રીજી લીટીમાં ભૂજ લખેલું છે, પણ સ્થળસંકોચને લઇને પૂરૂં છપાયું નથી. મહારાઓશ્રી દેશળજી હાલના મહારાઓશ્રી ખેંગારજીના પિતામહ થાય.


નવી કોરી વિદ્યમાન મહારાઓશ્રી ખેંગારજીના નામની છે. તેમાં એક તરફ મહારાઓશ્રી ખેંગારજી એમ ગોળાકારમાં લખ્યું છે. વચ્ચેના નાના વર્તુળમાં સૌથી ઉપર ચંદ્ર છે, તે કચ્છના રા' ચંદ્રવંશી છે એમ બતાવે છે; તથા ત્રિશૂળનું ચિહ્ન છે તે શક્તિપૂજાની નિશાની તરીકે છે. કચ્છ રાજકુળની કુળદેવી આશાપૂરાનું એ ચિહ્ન છે અને પડખેની અણિયાળી કટાર ક્ષત્રિયોના પુરુષાર્થમાં સહાયરૂપ હથિયારનું સૂચન કરે છે. નીચે સંવત ૧૯૮૯ લખેલું છે. બીજી તરફ ગોળાકારમાં જ્યાર્જ, કયસરે હિંદ ૧૯૩૩ ઝરબ (=ટંકશાળ) ભૂજ એમ લખેલું છે અને વચ્ચેના નાના વર્તુળમાં 'કોરી એક' એ પ્રમાણે છાપેલું છે.

(ભૂજ) —રાયસિંહજી કાનજી રાઠોડ

પારિજાતક વિષે ચર્ચા

આસો ૧૯૮૯ના 'કુમાર'ના અંકમાં પૃષ્ઠ ૩૯૪ ઉપર ભાઇ ગિજુભાઇએ 'પારિજાતક'નું જે વર્ણન આપ્યું છે તેમાં કાવ્ય સુંદર છે. છતાં વસ્તુસ્થિતિએ મને કંઈક અસત્ય લાગે છે. એમણે જે ફૂલનું વર્ણન આપ્યું છે, તે ફૂલ 'પારિજાતક' નહિ, પણ 'શેફાલી' છે. હજી યે આ તરફ ગામડાંના લોક એને એના સાચા નામના અપભ્રંશ રૂપે—'શાળી' રૂપે ઓળખે છે. બંગાળામાં તો એને કોઈ યે 'પારિજાતક' કહેતું નથી. સંસ્કૃત લોક એને 'શેફાલિકા' કહે છે, પ્રાકૃત લોક એને 'શિવરી' કહે છે. આ 'શિવરી' પણ 'શેફાલિકા'નો અપભ્રંશ છે. આપણે અહીં સંસ્કૃત લોકોએ જ એ ફૂલને 'પારિજાત' નામ આપ્યું છે.

આમ કેમ હશે? આર્યો ઉત્તર હિંદુસ્તાનથી દક્ષિણ તરફ આવતા ગયા. ત્યાં પોતાનાં પ્રિય ફૂલ ન હોય તો તેવા જ બીજા સુંદર ફૂલને તેનું નામ આપતા ગયા. અનેક વસ્તુમાં આમ થયું છે. ઉત્તરમાં 'કાશી' અને 'મથુરા' તેમને મન પવિત્ર હતાં. દક્ષિણમાં પણ તેમને એવાં પવિત્ર ધામ જોઇએ. કોઈ પ્રાચીન નગરને અથવા પોતે નવાં વસાવીને તેમણે તેમને કાશીપુરમ્ અને મથુરા કહ્યાં. આજે એ નામ અપભ્રષ્ટ થઇને મદ્રાસ ઈલાકાનાં 'કાંજીવરમ' અને 'મદુરા' થયાં. ગંગા-જમના વચ્ચેની (આજે લુપ્ત થએલી) સરસ્વતી તેમને પવિત્ર હતી. ગુજરાતમાં સિદ્ધપુર પાસે વહેતી નદીને એમણે સરસ્વતી કહી. અને આમ તો ઘણું બન્યું છે



તે જ પ્રમાણે 'શેફાલી'નું ફૂલ–સાચી રીતે ગામડીઆ કહે છે તે પ્રમાણે 'શાળી'નું ફૂલ–'પારિજાતક'નું બન્યું. અને વળી તે જ પ્રમાણે 'અશોક'ને આજે આપણે ભૂલથી 'આસોપાલવ' કહીએ છીએ. કાલિદાસે મેઘદૂતમાં અશોકને ફૂલ આપતું વર્ણવ્યું છે આસોપાલવને ફૂલ આવતાં જ નથી.

વળી આ ઉપરથી એમ પણ આપણે જાણીએ, જે એવી પ્રાચીન સંસ્કૃતિને આપણે સંસ્કૃત જનો ફેરવી નાખીએ છીએ. ગ્રામીણો અપભ્રષ્ટ રૂપમાં પણ સતત જાળવી રાખે છે.

('પાટીદાર' મંદિર. આણંદ) —નરસિંહભાઈ પટેલ

જેને ભાઇ નરસિંહભાઇ પટેલ શેફાલીનું વૃક્ષ કહે છે તેને જ હું પારિજાતક કહું છું. હું વર્ષો થયાં એને પારિજાતક જ કહેતો આવ્યો છું અહીંના બધા લોકો પણ એને પારિજાતક જ કહે છે. મરાઠીમાં એનું જ નામ પારિજાત છે. તેનું વર્ણન જોવા માટે વાંચો મરાઠી જ્ઞાનકોષ પુસ્તક ૧૭મું, પાનું ૪૯૬. વળી કેટલાક લોકો આ જ વૃક્ષને 'હારશણગાર' પણ કહે છે. હારશણગારનું બીજું નામ હારસિંગા કે શારી છે. જુઓ સાર્થ ગુજરાતી જોડણીકોષ પાનું ૫૨૨ કૉલમ બીજું. લખાણમાં પારિજાત છે અને આપણે પારિજાતક બોલીએ છીએ. શારી શબ્દ નરસિંહભાઇના શાળી શબ્દનો જ પર્યાય છે. માત્ર ળ નો ર થયો છે. અત્રેના માળીઓ એને હારસિંગા કે હારશણગાર કહેતા હોવાનું સાંભળ્યું છે શાળી અને શારી એક જ છે તો પારિજાતક અને શેફાલિકા એક જ ઠરે છે. (આધાર જોડણી કોશ પાન ૫૨૨ શબ્દાર્થ વાંચો.) વળી વાંચો આર્યભિષક પાનું ૨૮૮ તેમાં પારિજાતક શબ્દ સ્પષ્ટ રીતે ગુજરાતી ભાષાના શબ્દ તરીકે આપ્યો છે. હિંદી હારસિંગાર લખ્યો છે. એટલે નરસિંહભાઇ પારિજાતકને જ શેફાલી કહે છે. બાકી કશું નવીન નથી આર્યભિષકમાં શેફાલીનું નામ કે નોંધ નથી.

ભાઈ શંકરભાઇ પટેલ (સ્નાતક ગુજરાત વિદ્યાપીઠ)જણાવે છે કે ગુજરાતમાં જેને શાળી કહે છે તેને બંગાળમાં શેફાલી અથવા શેયળી કહે છે. તેને જ અત્રે કાઠિયાવાડમાં પારિજાતક કહે છે. આ ત્રણે ઝાડો એક જ છે અને તે તેણે નજરે ભાળ્યાં છે

—ગિજુભાઇ

હવાનાં કારણો

વાયુશાસ્ત્રના પાઠો પ્રમાણે આજસુધી વિદ્વાનો, કૉલેજિયનો અને શાળાશિક્ષકો હવાના પ્રવાહો માટે જે કારણો આપતા હતા તેના મુદ્દા હવે શંકાસ્પદ થવા લાગ્યા છે.

આપણા ઉપર કાયમ ૧૦૦થી ૩૦૦ ફૂટ જેટલા હવાના થર જામેલા છે. આપણે એ હવાના સાગરતળિયા પર વસીએ છીએ. આ હવામાં અનેક જાતના વાયુઓનું સંમિશ્રણ થએલું છે. તે નીચેના તળોમાં ખૂબ ઘાટું છે અને ઉપર જઇએ તેમ હળવું હોય છે. તેમાં ધુમાડો, ધૂળ, બિનાશ વગેરે વ્યાપેલાં હોય છે.

વાયુશાસ્ત્રીઓના માનવા પ્રમાણે હવામાં ત્રણ મુખ્ય થર છે. વચલા પડમાં ટ્રોપોઝ–તોફાન અને ઝંઝાવાતનો પ્રદેશ હોવાથી તેઓ તેને ટ્રોપોસ્ફીઅરના નામે ઓળખે છે. તેની ઉપરના પડને સ્ટૅટોસ્ફીઅર એટલે સૌથી ઊંચું થર માને છે.

આ હવાઇ બિછાતને ઉપરથી સૂર્ય તપાવી રહ્યો છે, નીચેથી સમુદ્ર અને ગરમ મુલકોનો તાપ તથા પૃથ્વીની સપાટી પર ધૂમી રહેલા આ છેડાથી બીજા છેડા સુધીના ફેરફારો તપાવે છે. ટ્રોપોસ્ફીઅરનું વાતાવરણ નિયમિતપણે વધુઘટું થતું જણાય છે. સૌથી ઉપરના ભાગમાં જતાં એ વધુઘટુંપણું સાવ કમી થઇ જઇ એકસરખું વાતાવરણ રહે છે.

આવા ફેરફારોને લઇને તેમજ જમીન પરના વાયુપ્રવાહો હવામાન નક્કી કરવામાં આવે છે. ઠંડી હવા ઉપરના ફેરફારોમાં ધ્રુવ પ્રદેશો તરફથી આવતા વાયુઓ આ હવાનાં કારણ ગણાય છે ઉત્તર ધ્રુવના હિમ પ્રદેશોમાંથી કોઇકોઇ નક્કી થઇ ગએલા માર્ગેથી અમુક અવન્તરોએ ઠંડીનો પંજો લંબાય છે અને સાથે ઠંડી વેરી હવાના નદ વહેવરાવે છે. તે જ પ્રમાણે પૃથ્વીના ગરમ મુલકોમાં છૂટની વરાળભરી ગરમ હવા પણ નક્કી થએલા માર્ગે વહે છે. એ ચીલામાર્ગો પર જ્યારે એ બંને વાયુઓ ભેગા થાય છે ત્યારે ઠંડા પ્રવાહો ઘન પદાર્થોથી છૂટા પડી ગરમ પ્રવાહોની નીચેથી વહે છે ને ગરમ પ્રવાહો ઊંચા ચડે છે; ત્યાં તેમાંની વરાળ ઠંડી પડી વાદળાં જામે છે. આવે વખતે સામસામાં ઘસાતાં બળોમાં ચકરડી લેતી ગતિ પ્રકટે છે અને પરિણામે વંટોળ, ઝંઝાવાત અથવા તેથી ઉલટ ગતિના વાયુઓ જન્મે છે.

આ રીતે વા વંટોળનાં તાત્કાલિક કારણો તો સમજી શકાય છે; પણ તેના અતિ દૂરનાં મૂળ કારણો ઠંડી અને ગરમ હવા શરૂ કરનારાં મુખ્ય બળોમાં શોધવાં જોઇએ.

પહેલાંની એક માન્યતા એવી છે કે હવાના વિવિધ ફેરફારોનું કારણ સૂર્ય અને તેમાં રહેલા વિવિધ ક્ષતોથી વધતી ઘટતી ગરમી છે. સૂર્યની ગરમી માપવાનાં યંત્રો પહેલાં શોધવામાં આવ્યાં ત્યારે બેશક બહુ મહત્ત્વનાં પરિણામો નોંધાયાં હતાં, પણ હવેની શોધવાળાં યંત્રો વધુ ચોક્કસ બન્યાં છે. તે પરથી હવેના વાયુશાસ્ત્રીઓ માને છે કે તે વધઘટ બહુ મહત્ત્વની નથી.

આમ સૂર્યક્ષતના આધારે હવામાન બાંધવાનું અનિશ્ચિત બન્યું તો ખરું; પરંતુ સૂર્યની ગરમીનું પ્રમાણ આંકી અને પૃથ્વીના બહુ જ થોડા ફેરફારો અનુભવતો પ્રદેશ નક્કી કરી તેની નોંધ લેવાથી વધુ ચોક્કસ આગાહી કરી શકાય છે. તે ઉપરાંત ધ્રુવપ્રદેશોમાં શું થાય છે તેની નોંધ પણ મહત્ત્વની લાગવાથી પચીસ કરતાં વધારે દેશોએ સહકાર કરી આખું યે વર્ષ ધ્રુવપ્રદેશોની નોંધ સારુ મથકો બાંધ્યાં છે. તેનું આ બીજું વર્ષ ચાલે છે. ત્યાંના વૈજ્ઞાનિકો આકાશમાં ગતિમાન હવાઇઓ નાખીને, બલૂનો ઉડાડીને બેવડીત્રેવડી હવાઇ નોંધ કરે છે. આને પરિણામે હવાનાં ખરાં કારણો સમજવાને વિશેષ સાધન પ્રાપ્ત થશે.

ફૅધૉમીટર

યુરોપની મોટી લડાઈ પછી દરિયાનાં તળિયાંની ઊંડાઇઓ કાઢવા પર શોધકોનું ધ્યાન વધ્યું છે. ખાસ કરીને ગ્રેટ બ્રિટનની આસપાસના દરિયાની ભીતરની ઊંડાઇઓ માપવામાં ફૅધોમીટર નામનું યંત્ર બહુ જ ચોક્કસ માપ આપે છે. તે માટે આ યંત્રવાળી કેટલીક સ્ટીમરો અને વહાણો ફૅધોમીટર લઇને દરિયાની ભૌગોલિક નોંધો ઉતારે છે.

એ ફૅધોમીટરની રચનામાં મુખ્ય એક હથેડો હોય છે, જે એક વીજળીક બટન દાબતાં વહાણના તળિયા પર અફળાય છે અને પાણીમાં તેના અવાજના થડકારા થાય છે. તે થડકારા સમુદ્રને તળિયે પહોંચીને પાછા પડઘા રૂપે જ્યારે વહાણને સ્પર્શે છે તે વેળા હાઇડ્રોફોન નામનું એક વીજળીક શ્રવણયંત્ર તેને ગ્રહણ કરી નોંધ ઉતારે છે, ને અવાજ નીચે જઇ પાછો આવે તે મુદ્દત પરથી પાણીની ઊંડાઈ મપાય છે. કેટલાંક ફૅધોમીટરમાં તો તે આંક પણ પોતાની મેળે જ દેખાય એવી રચના હોય છે. આ યંત્રોની મદદથી દરિયાના તળિયાની ખીણોની ભૂગોળ બરોબર હાથ લાગશે અને તેનાં કારણો નક્કી કરી શકાશે.

બનાવટી લખાણ પકડનારૂં રસાયણ

વીએનાના પોલીસખાતાના રસાયણી ડૉ. સીફ્રેડ ટર્કેલે શાહીઓમાં આવતા ક્લોરાઇડ રસાયણ પરથી શાહી લખાયાની મુદ્દત પારખી કાઢવાની પદ્ધતિ શોધી કાઢી છે. લખાણ થયા બાદ શાહીમાંનો ક્લોરાઇડ (મીઠા જેવા જ સ્વભાવનો) કાગળમાં ધીરેધીરે પ્રસરે છે, પણ તે દેખાતો નહિ હોવાથી કાગળને નુકસાન કરતો નથી. ડૉ. ટર્કેલ તેના પર મૅટૅલિક સિલ્વર લગાડી તેને દેખાતું બનાવે છે, એટલે દસ્તાવેજના કાગળ પર તેનો વિસ્તાર દેખાવ દે છે અને તે પરથી તેની મુદ્દત નક્કી થાય છે. એક દિવસનું લખાણ ચોખ્ખી મર્યાદા બતાવે છે. ચાર દિવસે અક્ષર આછા બને છે, છ દિવસે અક્ષરો રાંટા લાગે છે, છ મહિનાના અક્ષરો ન વંચાય એવા બને છે અને બે વર્ષ પછીના વાંચી જ શકાતા નથી!

ગુફામાં રહેનારાઓ

સ્પેનમાં જુસ્લીબોલ (Juslibol) નામના ગામમાં એક નિશાળ સિવાય એકે મકાન ચણેલું નથી, કારણકે લોકો પર્વતમાં ગુફાઓ ખોદીને રહે છે. જેને રહેવું હોય તે પોતા માટે ગુફા ખોદી લે. તેઓ ગુફાને બારણાં ને બારીઓ પણ રાખે છે. તેઓનાં બારણાંને કમાડ નથી ચડાવેલાં હોતાં, પરંતુ માછલાં પકડવાની જાળો લટકાવેલી હોય છે. તેમાં રહેનારા લોકો ગરીબ, સંતોષી, મહેનતુ અને અતિથિપ્રિય છે. તેઓ બધું કામ જાતે કરતા હોવાથી અત્યારે જગતમાં ફેલાએલી આર્થિક મૂંઝવણની અસર ત્યાં જરાપણ નથી. —જગજીવન ખુશાલ મિસ્ત્રી

માનવીનો અવાજ કેટલે સુધી પહોંચી શકે?

કૅંટુકી (અમેરિકા)ના એક આદમીએ હરીફાઈમાં પોતાનો સાદ આઠ માઇલ દૂર પહોંચાડ્યો છે! લાઉડ સ્પીકરની મદદથી તો ડઝન માઇલો સુધી પહોંચે, પણ કુદરતી રીતે આટલો અવાજ થાય તે બહુ કહેવાય. મેઘગર્જના શુમારે ૧૦૦ માઇલ સુધી સંભળાયાની નોંધ થઈ છે. દુનિયાના ઇતિહાસમાં સૌથી મોટો અવાજ તો ઇ.સ. ૧૮૮૦માં ક્રાકાટોવા (Krakatoa)નો જ્વાળામુખી ફાટ્યો અને તેનું ટોચકું ફુર્ચા થઈ હવામાં ઊડયું ત્યારે થયાની નોંધ છે. ૩૦૦૦ માઇલ સુધી તેનો ભડાકો સંભળાયો હતો! (પૉપ્યુલર સાયન્સ)

ગુજરાતી સાહિત્યપરિષદનું અગિયારમું અધિવેશન

કાઠિયાવાડમાં લાઠી મુકામે ડિસેમ્બરની ૩૦મી તથા ૩૧મી અને જાન્યુઆરીની ૧ લીના દિવસોમાં ભરવાનું નક્કી થયું છે. પરિષદના પ્રમુખ તરીકે દી.બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીની અને સ્વાગતપ્રમુખ તરીકે લાઠીના નરેશની વરણી થઇ છે.

આ સંમેલન વખતે ગુજરાતના ચિત્રકારોની કૃતિઓનું, કાઠિયાવાડની કારીગરીનું તથા સાહિત્યવિષયક કલાઓનું એવું એક 'કાઠિયાવાડ કલા પ્રદર્શન' ભરવાનું પણ ઠરાવાયું છે. આપણા સમગ્ર જીવનને સ્પર્શતી અનેકવિધ કલાના નમૂના આ પ્રદર્શનમાં આવે એવી યોજના છે. જેમાં ગુજરાત-મહાગુજરાતનાં સામયિકો (માસિકપત્રો, પાક્ષિકો, ત્રિમાસિકો, સાપ્તાહિકો, દૈનિકો) ઉપરાંત હસ્તલિખિત સામયિકો મૂકાશે. એ ઉપરાંત કાઠિયાવાડનાં ઐતિહાસિક સાધનો, પ્રાચીન હસ્તલિખિત પુસ્તકો, લેખો, શિલાલેખો, તામ્રશાસનો, સિક્કાઓ વગેરે, તથા કાગળ કે પાંદડાં પરની રંગકલા, વસ્ત્રો પર રેશમના દોરાનું ભરતકામ, સુતરાઉ દોરાની ગૂંથણકળા, તોરણ, ચાકળા, ચંદરવા, રંગોળી, ફોટોગ્રાફી આદિ વિવિધ કલા ને મૂર્તિકામ, પ્રાંત અને જાતિવાર પહેરવેશ તથા પ્રાચીન ઐતિહાસિક શસ્ત્રો, ધાતુ ઉપરનું કોતરકામ તથા અલંકારો, સોનારૂપાની જુદી જુદી ગૃહઉપયોગી વસ્તુઓ, પ્રાચીન ને અર્વાચીન વાદ્યો, અર્વાચીન છાપકલા, શણગારચિત્રો, વિધવિધ આકૃતિના અક્ષરો, ઘરશણગારની બીજી વસ્તુઓ, લેખકોના હસ્તાક્ષરો, તેઓના પત્રો, નોંધો વગેરે આવશે એવી યોજકોની ખાહેશ છે. એ ઉપરાંત સ્વ. રાજકવિ કલાપી સંબંધેની તમામ વસ્તુઓ, તેમના હસ્તાક્ષરોમાં કવિતાઓ અને લેખો, તેમનાં વસ્ત્રો અને શસ્ત્રો, તેમની પ્રિય વસ્તુઓ, ચિત્ર, ફોટોગ્રાફ વગેરે માટે ખાસ વિભાગ 'કલાપી મંદિર' નામથી રાખવામાં આવશે. ઉપરના કાર્યમાં જે કોઇ ફાળો આપી શકે તેમને તે આપવાની મંત્રીઓની વિનંતિ છે. તેઓ જણાવે છે કે વસ્તુઓ કાળજીથી સાચવવામાં આવશે અને કામ પૂરૂં થયે સંભાળથી પરત મોકલવામાં આવશે. કિંમતી વસ્તુઓ માટે પત્રવ્યવહાર કરવાથી સલામતી માટે અનામત રકમ આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે.' પત્રવ્યવહારસાહિત્યપરિષદ્સંમેલન કચેરી,લાઠીનેસરનામેકરવો.

નવાં પુસ્તકો

ગામડાનું ગૌરવ-લે મનુભાઇ જોધાણી, પ્રકાશકઃ ચરોતર એજ્યુકેશન સોસાએટી આણંદ; કિં. ૦-૬-૦. **ગોળીબારની મુસાફરી** (ભા. ૨)-લે. સૌ. હંસા મહેતા, પ્રકાશકઃ સૌ. હંસા મહેતા મુંબાઈ-૭, કિં. ૧-૪-૦; **નર્મદ શતાબ્દી ગ્રંથ**-પ્રકાશકઃ મુંબાઇ નર્મદસમિતિ તરફથી શંકરપ્રસાદ છગનલાલ રાવળ, કિં. રૂા. ૩; **કવિ નર્મદ શતાબ્દી સ્મારક ચિત્રાવલિ**-પ્રયોજકઃ ગુજરાતી સાહિત્ય પરિષદ મુંબાઇ, પ્રકાશકઃ ગુ. સા. પ. તરફથી મંત્રી મનહરરામ હ. મહેતા મુંબાઇ; રૂા. ૨. **મ્હારી જીવનકથા** (ગાંધીજી)-સંક્ષેપકર્તા જમુ દાણી, પ્ર૦ સી. જમનાદાસની કંપની, મુંબાઇ-૨, કિં. ૦-૧૦-૦; **બાલોદ્યાનની વાર્તાઓ**-લેખક ચન્દ્રશંકર મણિશંકર ભટ્ટ, તંત્રી બાલોદ્યાન, પ્રકાશકઃ ઉપર પ્રમાણે કિં. ૦-૮-૦; **ઘરનું નામું**-લે૦ કાંતિલાલ અને સોમેશ્વર, પ્રકાશકઃ ઈશ્વરલાલ મગનલાલ શાહ, બુકસેલર ઍન્ડ પબ્લીશર શાહપોર સુરત., કિં. ૦-૪-૬; **નવીન બાળનામું**-લેખક અને પ્રકાશક ઉપર પ્રમાણે, કિં. ૦-૩-૦; **શરદબાબુની ત્રણ વાર્તાઓ**-લે. મહાદેવ હરિભાઇ દેસાઇ, પ્રકાશકઃ નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, કિં. ૦-૧૨-૦; **ત્રેવીસમું પુષ્પ**-લે. ગિજુભાઇ, પ્રકાશકઃ દ. મૂ. પ. મંદિર ભાવનગર; ૦-૧-૬; **ચતુર કરોળિયો**-લે. ચન્દ્રશંકર મ. ભટ્ટ, પ્રકાશકઃ ઉપર પ્રમાણે કિં. ૦-૩-૦; **પંચામૃત**-લે. ગિજુભાઇ, પ્રકાશકઃ ઉપર પ્રમાણે. કિં. ૦-૬-૦; **કાવ્યમંગલા**-લે. સુન્દરમ્, પ્રકાશક મૂળશંકર સોમનાથ ભટ્ટ, કિં. ૧-૮-૦; **કો'યા ભગતની કડવી વાણી**-લે. સુન્દરમ્, પ્રકાશકઃ રણછોડજી કેસુરભાઇ મિસ્ત્રી પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, કિં. ૦-૮-૦; **ચબૂતરો**-લે. રમણલાલ સોની, પ્રકાશકઃ ઉપર પ્રમાણે, કિં ૦-૧૦-૦; **ગૃહિણી ઘરખર્ચ પોથી**-પ્ર સત્યપ્રકાશ કાર્યાલય મુંબાઇ-૪, કિ. ૧-૪-૦; **નિગ્રંથ પ્રવચન**-અનુ. મુનિશ્રી ચૌથમલજી મહારાજ, પ્ર. શ્રી જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ રતલામ, કિં. ૦ ૮-૦; **ત્યાગમૂર્તિ** અને **બીજા લેખો**-લે. ગાંધીજી, પ્રકાશકઃ નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, કિં. ૦ ૭-૦; **કુમાર વીરસેન** (પરાક્રમ ત્રીજું) લે. ચન્દ્રશંકર મ. ભટ્ટ, પ્રકાશકઃ બાલોદ્યાન કાર્યાલય વડોદરા, કિં. ૦ ૬-૦; **પીડિતોનાં ગીતો**-પ્રકાશકઃ સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર રાણપુર, કિં. ૦-૮-૦; **જીવન પરાગ**-પ્રકાશકઃ ઉપર પ્રમાણે, કિં. ૦-૮-૦; **પ્રિન્સ બિસ્માર્ક**-લે. વિજય મુ. વાસુ, પ્રકાશકઃ પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ, કિં. ૦-૮-૦; **રખડુ ટોળી**-(ખંડ ૨ જો)-લે. ગિજુભાઇ, પ્રકાશકઃ શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર. ૦-૮-૦; **જીવનના પડછાયા**-લેખક-પ્રકાશકઃ દામુ સાંગાણી ધોળકિયા ભુવન, રાજકોટ, ૦-૮-૦; **શ્રી વેણુધર**-લે. શ્રી પરાગ, પ્રકાશકઃ શ્રી પુષ્ટીમાર્ગીય યુવક પરિષદ મુંબાઇ, કિં. ૦-૨-૦; **કળજુગ**-લે. રમણલાલ દેવશંકર ભટ્ટ, પ્રકાશકઃ પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ. કિં. ૦-૩-૦; **રાસરજની**-સંપાદકઃ શ્રીમતી બહેન મધુરિકા મહેતા, પ્રકાશકઃ એન. એમ. ઠક્કરની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ-૨, કિં. ૧-૮-૦; **બૃહદ શિલ્પશાસ્ત્ર** (ભા. ૨)-સંયોજક અને પ્રકાશકઃ જગન્નાથ અંબારામ, દોલતખાના સારંગપુર અમદાવાદ, કિં. ૨-૮-૦; **શુભસંગ્રહ** (ભા. ૮)-સંપાદક અને પ્રકાશકઃ ભિક્ષુ અખંડાનંદ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, કિં. ૧-૮-૦; **માનસનાં મોતી**-લે. વલ્લભજી ભાણજી મહેતા, પ્રકાશકઃ ભીખાભાઈ ગોપાળજી પારેખ ભાવનગર, કિં. ૦-૪-૦; **નવીન બાળભૂમિતિ** (બાળવર્ગ, ધોરણ ૧, ૨, ૩ તથા ૪ માટે)-લે. કાન્તિલાલ અને સોમેશ્વર, પ્રકાશકઃ ઇશ્વરલાલ મગનલાલ શાહ બુકસેલર ઍન્ડ પબ્લિશર શાહપોર સુરત, કિં. અનુક્રમે બે, બે, અઢી, અઢી અને ચાર આના; **સંત ફ્રાન્સિસ**-લે. મહાદેવ હરિભાઈ દેસાઇ, પ્રકાશકઃ નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, કિં. ૦-૩-૦; **ગ્રંથ** અને **ગ્રંથકાર** (વર્ષ ચોથું)-સંપાદકઃ હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, કિં. રૂા. ૧; **ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનો ઇતિહાસ** (વિભાગ બીજો) સંયોજકઃ ઉપર પ્રમાણે, કિં. રૂા. ૧; **મીરાતે અહમદી** (વૉ. ૨, ખંડ ૧)-અનુવાદકઃ દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, કિં. રૂા. ૧; **મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ** (ઇ. ૬૦૦થી ૧૨૦૦)-વ્યાખ્યાતાઃ રા. બ. મહામહોપાધ્યાય ગૌરીશંકર હીરાચંદ ઓઝા, કિં. રૂા. ૧; **સંસ્કૃત નાટક** (ભા. ૧) અનુવાદકઃ નર્મદાશંકર ભોગીલાલ પુરોહિત, કિં. રૂા. ૧; **હિંદુ રાજ્યવ્યવસ્થા**-પ્રો. જયસ્વાલના પુસ્તક ઉપરથી અનુવાદકઃ ચંપકલાલ લાલભાઈ મહેતા, કિં. રૂા. ૧; **અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય**-વ્યાખ્યાતાઃ રામનારાયણ વિશ્વનાથ પાઠક, કિં ૦-૬-૦; **શિક્ષણનું રહસ્ય**-અનુવાદકઃ નવલરામ જગન્નાથ ત્રિવેદી, કિં. ૦ ૬-૦; **મજ્જાતંત્ર, ચિત્તશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન** અને **ચિત્તશાસ્ત્ર**-વ્યાખ્યાતાઃ પ્રાણજીવન વિશ્વનાથ પાઠક, કિંમત ૦-૪-૦. **રસિક વલ્લભ**-સંપાદકઃ પ્રો. જેઠાલાલ ગો. શાહ, કિં. રૂા. ૧; **રમાબાઇ રાનડે**-લેખિકાઃ માલતી બહેન ઈશ્વરપ્રસાદ પંડિત, કિં. ૦-૬-૦; **ગૃહલક્ષ્મી કેવી હોવી જોઈએ**-લેખિકા દીવાળી બહેન વાલજી ભટ્ટ, ૦ ૨-૦; ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનો ૧૯૩૨ની સાલનો રીપોર્ટ;—એમ ઉપરનાં તેર પુસ્તકોના પ્રકાશકઃ હીરાલાલ ત્રિ. પારેખ, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી અમદાવાદ.

સૉક્રટિસ એક વખત ઍથેન્સના મોટા બજારે ગયો તો ચોમેરથી વેપારીઓ તેને વીંટાઇ વળી પૂછવા લાગ્યા, 'આપને શું જોઇએ?—આપને શાની જરૂરત છે?—આપ શું લેશો?'—હાથ પહોળા કરી સૉક્રેટિસ બોલી ઊઠ્યો, 'ઓ પ્રભુ! કોણે ધાર્યું હશે કે મારે જોઇએ તે કરતાં આટલી બધી વધારે વસ્તુઓ દુનિયામાં હશે!'

ગણિત ગમ્મત

૯૦૯૦૯÷૯૧=૯૯૯

૮૦૮૦૮÷૯૧=૮૮૮

૭૦૭૦૭÷૯૧=૭૭૭

૬૦૬૦૬÷૯૧=૬૬૬

૫૦૫૦૫÷૯૧=૫૫૫

૪૦૪૦૪÷૯૧=૪૪૪

૩૦૩૦૩÷૯૧=૩૩૩

૨૦૨૦૨÷૯૧=૨૨૨

૧૦૧૦૧÷૯૧=૧૧૧


અનેકાર્થી શબ્દ: ગલ=માછલાં પકડવાની આંકડી, કૂવામાં પડેલી ચીજો કાઢવા માટે વપરાતો આંકડાઓનો ઝૂમખો અથવા બિલાડી; ઝેરી જનાવરની લાળ અથવા હગાર; લાંચ કે લાલચ; છૂપી બાતમી; બળેલો મોગરો; હોકો કે ચલમમાંની બળી ગએલી તમાકુ; એ નામનું ફૂલ; માથો અથવા સત્ત્વ—ગર.

અમેરિકાના વૉશિંગ્ટન નગરનો એરિકસન નામનો દરજી પંદર સોયોને સીધી હારમાં રાખીને એકીસાથે પરોવી શકે છે!

આગીઆને આપણે કીડો કહીએ છીએ; પણ ખરી રીતે તો તે એક પ્રકારનું તમરું છે; અને જે ઝબકે છે તે, આપણે માનીએ છીએ તેમ તેની પાંખો નહિ, પણ તેના શરીરના છેડાના ભાગનાં અંગો.

ગિજુભાઇ બધેકાએ પાટણ બાલમંદિરનાં બાળકો આગળ પોતે જ પોતાની ઓળખાણ આપતાં કહ્યું છે 'જેનો મિત્ર ગધેડો છે તે ગિજુભાઇ.'

હવે કોઈ તેમના મિત્ર ગણાવાને હિંમત કરજો!



ઇસ્પિતાલ-ખુરશી: માંદા માણસને જે કાંઈ જોઇએ તે બધું જ આ ખુરશીની આસપાસ ગોઠવાઇ રહે એ રીતની તેની રચના છે. પડખેનાં ઉઘાડાં ખાનાંમાં કપડાં ને ટુવાલો રહે; સામે ગરમ પાણીની થેલી દેખાય છે, અને ખાવાનું રાખી શકાય તેવું ટેબલ પણ એક પડખામાંથી સળિયા પર ખડું કરી શકાય છે.




વિલિયમ વાર્નોક નામના અમેરિકને ૩૯૨ રતલ વજનનું આવડું કોળું ઉગાડ્યું હતું.



પૃથ્વીના નકશા પર જરા કલ્પનાભરી નજર કરશો તો વિવિધ દેશોની રેખાઓમાં વિવિધ આકૃતિઓ જણાશે. જેમકે કૅનૅડા ઘોડાના મોં જેવો છે. જુઓ ઉપર.

બેસતા વર્ષની આગલી રાત્રે બરાબર બાર વાગ્યે ગામના મંદિરનો મોટો ઘંટ વગાડીને અલાબલા હાંકી કાઢવાનો રિવાજ જાપાનમાં છે.

આકાશમાં પણ હીરા છે! રશિયામાં નૉવો-ચુરેઈ પાસે બે ભૂસ્તરશાસ્ત્રીઓએ ખરતા તારાનો પથ્થર તપાસીને જણાવ્યું છે કે તેમાં એક ટકો હીરાનો ભાગ છે.




માત્ર બે સીધી લીટીઓ દોરીને ઉપરના ખેતરના એવા ચાર ભાગ કરો કે પહેલા ભાગમાં જેટલાં ઝાડ આવે તેથી બમણાં બીજામાં આવે, ત્રીજામાં તેથી બમણાં અને ચોથામાં તેથી બમણાં ઝાડ આવે.

ઉત્તર આવતા અંકમાં.

વિચિત્ર વાદ્યો





બહુ વપરાશથી ઘણી વાર હથોડીનું માથું ઢીલું પડી જાય છે. એવે વખતે તેના મથાળાના લાકડામાં, એક સ્ક્રૂના છેડાના થોડા આંટા ઘસીને બેસાડો. સ્ક્રૂ બેસતો જશે તેમ લાકડું પહોળું થઈ હથોડીના માથામાં સજ્જડ થશે.